અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 119, Dt.28-02-2023 (Tuesday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti

Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

egistration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

સુવિચાર

વિશ્વાસ'એક નાનો શબ્દ છે
વાંચતા ફક્ત એક સેકન્ડ લાગે,
વિચારતાં એક મિનિટ લાગે સાબિત
કરવામાં આખી જીંદગીલાગે.

ન્યૂઝ ફ્લેશ

૫૦ ટકા વાહનોમાં 'વીમા કવચ' નથીઃ હવે સ્થળ પર જ વીમો લેવડાવાશે

દેશમાં અર્ધોઅર્ધ વાહનો વીમો લીધા વિના જ માર્ગો પર દોડી રહ્યા છે ત્યારે હવે સ્થળ પર જ વીમા પોલીસી આપીને નાણાંની વસુલાત ફાસ્ટેગ મારફત કરવાના ચક્રો ગતિમાન કરાયા છે. કેન્દ્ર સરકારના સૂત્રોએ કહ્યું કે વાહનોના વીમા લેવાનુ ચલણ ઘટતુ હોય તેમ વીમા વિનાના વાહનોની સંખ્યામાં ચિંતાજનક વધારો છે. ભારતમાં ૪૦થી૫૦ ટકા વાહનો વીમા વિનાના હોવાનો અંદાજ છે. હવે સરકાર એવો પ્રોજેક્ટ અમલમાં મુકવાનું વિચારે છે કે ટ્રાફિક પોલીસ-આરટીઓ અધિકારીઓનો ચેકીંગ દરમ્યાન વાહન વીમો ન હોવાનું માલુમ પડે તો સ્થળ પર જ થર્ડ પાર્ટી વીમો અપાવી દયે અને પ્રીમીયમના નાણાં વાહનના ફાસ્ટેગ ખાતામાંથી કપાઈ જાય. થર્ડ પાર્ટી વીમા પોલીસીમાં અકસ્માતમાં ઈજાગ્રસ્ત વ્યક્તિની સારવારનો ખર્ચ મળે છે. પોલીસ તથા આરટીઓના ચેકીંગ સ્ટાફને ખાસ ઉપકરણ આપવામાં આવશે. જેમાં વાહનનો વીમો છે કે કેમ તેની માહિતી મળી જશે. વીમો ન હોય તો વિવિધ વિમા કંપનીઓની પોલીસીની વિગતો સાથે સ્થળ પર જ વીમો કરાવી દેવાશે. વાહન ચાલકો પાસેથી વીમા પ્રીમીયમના નાણાની વસુલાત ફાસ્ટેગ ખાતામાંથી કરાશે.જનરલ ઈન્સ્યુરન્સ કાઉન્સીલની બેઠકમાં પણ આ મુદ્દે ચર્ચા થઈ હતી અને વિવિધ સૂચનો-ભલામણો કરવામાં આવી હતી.

ગુજરાતમાં ધો.૧ થી ૮ માં ગુજરાતી વિષય ફરજીયાત

વિધાનસભામાં ખાસ વિધેયક રજુ કરતા શિક્ષણમંત્રી કુબેર ડીંડોરઃ હવે ધો.૩ થી નહીં પણ પહેલા ધોરણથી જ બાળકો ક કલમનો ક ઘૂંટશે, બોર્ડ સાથેની તમામ શાળાઓમાં ગુજરાતી વિષય ભણાવવો ફરજીયાતઃ જે શાળાઓ ગુજરાતી નહીં ભણાવે તેને દંડ, પહેલી બે વખત દંડ કરાશે અને ત્રીજીવખત ભૂલ કરે તો શાળાનું લાયસન્સ રદ કરાશે

ગાંધીનગર, તા.૨૮

વિદેશી ભાષાઓના આક્રમણ સામે પાછળ પડી ગયેલી ગુજરાતી ભાષાને પ્રોત્સાહન મળે અને વિદ્યાર્થીઓમાં માતૃભાષા શીખવાની રૂચી કેળવાઈ એવા આશયથી ગુજરાતની શાળાઓમાં ધો.૧ થી ૮ માં ગુજરાતી વિષય ફરજીયાત ભણાવવાનો કાયદો તૈયાર થઈ જશે. આ અંગેનું ખાસ વિધેયક આજે ગુજરાત વિધાનસભામાં રજુ કરવામાં આવ્યું છે. ખરડો પસાર થઈ ગયા બાદ ૨૦૨૩-૨૪ ના નવા શૈક્ષણિક વર્ષથી ગુજરાતી ભાષાને લગતો નવો કાયદો અમલમાં આવી જશે.

રાજ્યના શિક્ષણમંત્રી કુબેર ડીંડોરે ગુજરાતી ભાષા ફરજીયાત અભ્યાસ અંગેનું વિધેયક આજે વિધાનસભામાં નક્કી કર્યું હતું. ખરડામાં ગુજરાતી ભાષા પહેલા ધોરણથી જ ફરજીયાત બનાવવાની જોગવાઈ કરવામાં આવી છે. નવો કાયદો તમામ શાળાઓને લાગુ પડશે એવું ખરડામાં દર્શાવવામાં આવ્યું છે. અત્યાર સુધી ધો.૩ થી ગુજરાતી વિષયનો અભ્યાસ કરાવવામાં આવતો હતો પરંતુ હવે નવા

ઘડાનારા કાયદા મુજબ તમામ શાળાઓમાં ધો.૧ થી ૮ સુધી ગુજરાતી વિષય ફરજીયાત ભણાવવાનો રહેશે. એવી જોગવાઈ થઇ છે.

નવા ખરડાની જોગવાઈઓ દર્શાવે છે કે, નવો ઘડાનારો કાયદો બોર્ડ સાથે સંકળાયેલી તમામ શાળાઓને લાગુ પડશે. લઘુમતી શાળા સહિત તમામ ગ્રાન્ટેડ કે ખાનગી શાળાઓમાં ધો.૧ થી ૮ સુધી ગુજરાતી વિષય ફરજીયાત રહેશે. ગુજરાત સરકારે ગુજરાતી ભાષાના જ્ઞાનથી અને તેના તરફની રૂચીથી રાજ્યના બાળકો વંચિત ન રહે એ માટે આ વિષય ફરજીયાત બનાવ્યો છે. શાળાઓના નામની વ્યાખ્યા પણ બનાવવામાં આવી છે. હવે નિમ્ન કે માધ્યમિક શાળા શબ્દને બદલે પ્રાથમિક, પ્રારંભિક શાળા એવો શબ્દોમાં શાળાની વ્યાખ્યા કરવાની રહેશે. આટલો સુધારો ખરડાના ડ્રાફ્ટમાં કરવામાં આવ્યો છે.

શિક્ષણમંત્રીએ જણાવ્યા મુજબ જે શાળાઓ નવા કાયદાનો અમલ નહીં કરે એમને દંડ કરવામાં આવશે. પહેલી બે વખતના કિસ્સામાં શાળાઓને દંડ કરવામાં આવશે અને ત્રીજીવખત ભૂલ કરે તો આવી શાળાનું લાયસન્સ રદ કરવામાં આવશે.

તાજેતરમાં વડાપ્રધાન મોદીની સરકારે નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ અમલમાં મૂકી છે. જેમાં બાળકને માતૃભાષામાં દરેક વિષયનો અભ્યાસ કરવાની તક મળે એ મુદ્દા પર ફોકસ કરવામાં આવ્યું છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે, અંગ્રેજી માધ્યમની શાળામાં ભણતા વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષામાં લખી- વાંચી શકતા નથી અને માતૃભાષાના અભ્યાસથી વંચિત રહી જાય છે.(૨.૧૨)

વલસાડની એક કંપનીમાં બ્લાસ્ટઃ ૩ના મોત : ૨ ઈજાગ્રસ્ત

બ્લાસ્ટ થવાનું કારણ પણ જાણી શકાયું નથીઃ બ્લાસ્ટ થતા અફરાતફરીનો માહોલ સર્જાયો

વલસાડ,તા. ૨૮ઃ જિલ્લામાં મોડી રાત્રે સરીગામ GIDCની એક કંપનીમાં થયેલા બ્લાસ્ટમાં ત્રણ લોકોના મોત થયા છે અને અન્ય બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. પોલીસે જણાવ્યા મુજબ હજુ સુધી મૃતદેહોની ઓળખ થઈ શકી નથી અને બ્લાસ્ટનું કારણ પણ જાણી શકાયું નથી. ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ ઓલવવા જહેમત આદરી હતી, જો કે ત્યાં સુધીમાં આ આગની ઝપેટમાં બે લોકો બળીને ખાખ થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત થયેલા લોકોને હાલ નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થ ખસેડવામાં આવ્યા છે. તો આ પહેલા ભાવનગરના રૂવાપરી માતાના મંદિર વિસ્તાર નજીક આવેલી સુમિટોમો કંપનીમાં બ્લાસ્ટ થતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.બ્લાસ્ટ થતાની સાથે જ તાત્કાલિક કંપનીના ફાયર બ્રિગેડ યુનિટ અને ભાવનગર મહાનગરપાલિકાના ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી.આપને જણાવી દઈએ કે, બ્લાસ્ટ થયો ત્યારે પ્લાન્ટમાં કુલ ૭ કામદાર કામ કરી રહ્યા હતા.એક કામદાર ૨૫ ટકા તો અન્ય કામદાર ૫ ટકા દાઝ્યો હતો.જયારે બાકીના કામદારોને ભાગદોડમાં નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

ગુજરાત જીએસટીના અમલ બાદ વર્ષે રૂ.૧૫ હજાર કરોડની આવક ગુમાવે છે

જીએસટી વળતર પેટે કેન્દ્ર પાસેથી રૂ.૯૧૩૬.૨૬ કરોડ હજુ રાજ્યને મળવાના બાકી

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૨૮

જીએસટી ધારો અમલમાં આવ્યા બાદ ગુજરાત દરવર્ષે સરેરાશ રૂ.૧૫ હજાર કરોડની આવક ગુમાવી રહ્યું છે. એવું ગઈકાલે રાજ્ય સભામાં વરિષ્ઠ કોંગ્રેસી નેતાએ જણાવ્યું હતું. કોંગ્રેસના સભ્યોએ કેન્દ્ર પાસેથી મળતું જીએસટી વળતર હજુ કેટલું પેન્ડીંગ છે એ જાહેર કરવા માંગણી કરી હતી. તેના જવાબમાં રાજ્યના નાણામંત્રી કનુ દેસાઈએ ગૃહમાં માહિતી આપી હતી કે, જીએસટી વળતર પેટે હજુ કેન્દ્ર પાસેથી રૂ.૯૧૩૬.૨૬ કરોડ ગુજરાતે લેવાના બાકી છે.

કોંગ્રેસના સભ્ય અર્જુન મોઢવાડિયાએ ગૃહમાં ચર્ચા દરમ્યાન જણાવ્યું હતું કે, જીએસટી કાયદો અમલી બન્યા બાદ ગુજરાત દરવર્ષે સરેરાશ રૂ.૧૫ હજાર કરોડની આવક ગુમાવી રહ્યું છે. જીએસટીની ગુમાવેલી આવક માટે કેન્દ્ર સરકાર દરેક રાજ્યોને ખોટ સરભર કરવા માટે વળતર આપતી હોય છે.

નાણાંમંત્રી દેસાઈએ જણાવ્યું હતું કે, ગત ૨૦૨૧-૨૨ અને ૨૦૨૩ માં ગુજરાતે જીએસટી વળતર પેટે રૂ.૩૦૪૦૦ કરોડની માંગણી કેન્દ્ર પાસે કરી હતી. એ પૈકી કેન્દ્ર સરકારે રૂ.૨૧૨૬૪ કરોડ ચૂકવ્યા છે. જયારે હજુ રૂ.૯૧૩૬ કરોડ લેવાના રહે છે. કેન્દ્ર સરકારે રૂ.૪૨૦૦ કરોડ રોકડા આપ્યા છે અને રૂ.૧૭૦૪૫ કરોડ લોનપેટે આપ્યા છે. સેસફંડમાંથી કેન્દ્ર લોનનું વ્યાજ ચૂકવશે.(૨.૧૨)

દરેક ગુજરાતીના માથા પર રૂ.૫૧ હજાર દેવું?!

રાજ્ય સરકાર પર કુલ રૂ.૩.૨૧ લાખ કરોડનું કર્જઃ વિપક્ષી સભ્યો અર્જુન મોઢવાડિયા અને શૈલેશ પરમારના પ્રશ્નોના જવાબમાં વિધાનસભામાં માહિતી આપતી રાજ્ય સરકાર

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત સરકાર પર ૨૦૨૧-૨૨ માં કુલ રૂ.૩.૨૧ લાખ કરોડ જેટલો કર્જનો બોજો છે. એવું નાણાંમંત્રી કનુ દેસાઈએ વિધાનસભામાં જાહેર કર્યું હતું. રાજ્ય સરકારે ૨૦૨૦-૨૧ માં વ્યાજપેટે રૂ.૨૨૦૨૩ કરોડ અને મુદ્દલ પેટે રૂ.૧૭૯૨૦ કરોડ ચૂકવ્યા હતા. રાજ્ય સરકારે જાહેર કરેલા આંકડા સૂચવે છે કે, ગુજરાતના દરેક નાગરિકના માથા પર રૂ.૫૧૧૧૬ જેટલો કર્જનો બોજો છે.

કોંગ્રેસના સભ્યો અર્જુન મોઢવાડિયા અને શૈલેશ પરમારના પ્રશ્નોના જવાબમાં રાજ્ય સરકારે કર્જ અંગેની માહિતી આપી હતી. નાણામંત્રીએ જણાવ્યું હતું કે, ૨૦૨૧-૨૨ માં સરકારે વ્યાજપેટે રૂ.૨૩૦૬૩ કરોડ ચૂકવ્યા હતા અને રૂ.૨૪૪૫૪ કરોડ મુદ્દલ ચુકવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, સરકારે બજારમાંથી રૂ.૨.૬૫ લાખ કરોડનું કર્જ લીધું હતું. દ.૬૮ ટકાથી માંડી ૯.૭૫ ટકા વ્યાજના દરે બજારમાંથી કર્જ લેવામાં આવ્યું હતું. જેની મુદત ૪ થી ૧૫ વર્ષ જેટલી છે.

નાણાંમંત્રીએ જાહેર કર્યું હતું કે, રાષ્ટ્રીય નાની બચત ફંડમાંથી રાજ્ય સરકારે ૧૦ થી ૨૫ વર્ષની મુદત માટે રૂ.૨૮૪૯૭ કરોડનું કર્જ લીધું હતું. જેનો વ્યાજદર નવ થી સાડા દસ જેટલો છે. નાણાં સંસ્થાઓ પાસેથી સરકારે રૂ.૧૭૮૧૨ કરોડનું કર્જ લીધું હતું. રાજ્ય સરકારે કેન્દ્ર પાસેથી પણ રૂ.૯૭૯૯ કરોડની લોન લીધી છે. જે બે થી માંડીને ૫૦ વર્ષ માટેની મુદ્દત માટેની છે. જેનો વ્યાજદર ૦ ટકાથી માંડીને ૧૩ ટકા જેવો છે.(૨.૧૨)

દેશમાં ગુજરાત દેવામાં ૭માં ક્રમાંકનું રાજ્ય

વિકાસ એ સારી બાબત છે પણ સ્થિતિ એવી પણ ન થવી જોઈએ કે બજેટના રૂપિયા વિકાસશીલ કામોમાં ફાળવવાને બદલે દેવાની સામે વ્યાજ ચૂકવવામાં ફાળવવા પડે કારણ કે સ્થિતિ એ જ રહેવાની છે. હાલમાં ગુજરાતના બજેટ કરતાં પણ દેવાનો આંકડો ઉંચો છે. દેશમાં ગુજરાત એ દેવામાં ૭માં ક્રમાંકનું રાજ્ય છે. વિકાસ માટે રૂપિયા જોઈએ અને એ માટે દેવું કરવું પડે એ યોગ્ય છે પણ દેવું ભરપાઈ કરવાનું યોગ્ય આયોજન પણ એટલું જ જરૂરી છે. અર્થશાસ્ત્રીઓના મત અનુસાર જો આ જ પરિસ્થિતી રહી તો ગુજરાતમાં નાગરિકોએ દેવાના ભાર તળે જીવવુ પડશે. વર્ષ ૧૯૯૬માં ગુજરાત સરકારનું દેવું ૧૪,૮૦૦ કરોડ હતું. તે વર્ષ ૨૦૨૨માં વધીને ૪.૦૨ લાખ કરોડે પહોંચી ગયું છે.

ગુજરાતમાં લોકો શ્વાનની બીકથી મોર્નિંગ વોક કરી શકતા નથીઃ હાઈકોર્ટ

રાજ્યમાં રઝળતા શ્વાનના ત્રાસના મુદ્દા પર વડી અદાલત લાલઘૂમઃ ડોગબાઈટની વધતી જતી ઘટનાઓ રોકવા માટે પોલીસ પગલાની માંગણી કરતી જાહેરહિતની અરજી અદાલતમાં દાખલ

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૨૮

ગુજરાતમાં રઝળતા શ્વાનના ત્રાસ અંગે હાઈકોર્ટ દ્વારા ગંભીર નોંધ લેવામાં આવી છે અને કાર્યકારી વડા ન્યાયમૂર્તિ એ.જે.દેસાઈએ એવી ટકોર કરી છે કે, રખુંડ શ્વાનના ત્રાસને કારણે ઘણાબધા શહેરીજનો મોર્નિંગ વોક કરવામાં પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે. સવારે જોગીંગ માટે નીકળવાનું મુશ્કેલ બની રહ્યું છે.

નાગરિકોનું રક્ષણ કરવાની જવાબદારી પોલીસની છે એવું દર્શાવીને અરજદારે રખડતા શ્વાનના દુષણને કાબુમાં લેવા પોલીસ પગલાની માંગણી કરતી જાહેરહિતની અરજી હાઈકોર્ટમાં દાખલ કરી છે. આરજીની સુનવણી દરમ્યાન અમદાવાદ મહાનગરપાલિકાના ધારાશાસ્ત્રી સત્યમ છાયાએ એવી દલીલ કરી હતી કે, આ આખા મામલામાં અમદાવાદ મહાપાલિકા માત્ર ઔપચારિક પક્ષકાર છે.

આ દલીલ સામે કાર્યકારી ચીફ જસ્ટીસ દેસાઈએ એવી ટકોર કરી હતી કે, મહાનગરમાં શ્વાનનો ત્રાસ રોકવાની જવાબદારી મહાનગરપાલિકાની હોય ત્યારે તમે તમારી જાતને ઔપચારિક પક્ષકાર કહી ન શકો. મહાપાલિકા તો મુખ્ય પક્ષકાર છે. ગયા વર્ષે પણ હાઈકોર્ટમાં આ મુદ્દો ચમક્યો હતો. એ સમયે પણ પૂર્વ ચીફ જસ્ટીસ અરવિંદ કુમારે એવી ટકોર કરી હતી કે, મને ઘણા લોકોએ મોર્નિંગ વોક માટે બહાર ન નીકળવા સલાહ આપી છે.(૨.૧૨)

ગુજરાતમાં સોના- ચાંદી માર્કેટમાં આંતરરાષ્ટ્રીય ચમકારો

ગીફ્ટ સિટી ખાતે બે વિદેશી બુલિયન બેંકની સ્થાપના માટે તૈયારી

દેશના પ્રથમ બુલિયન એક્સચેન્જમાં ૩ વોલ્ટમાં ૪૫૦ ટન સોનું અને ૪૫૦૦ ટન ચાંદી સંગ્રહ કરવાની ક્ષમતાઃ વિદેશી બેંકો સોના- ચાંદીનો પુરવઠો આપશે અને વ્યાપારમાં પણ હિસ્સેદારી કરશે

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૨૮

ગુજરાતની વિખ્યાત સોના-ચાંદી માર્કેટમાં હવે આંતરરાષ્ટ્રીય ચમકારો આવી રહ્યો છે. ગીફ્ટ સિટી ખાતે બે વિદેશી બુલિયન બેંકની સ્થાપના થનાર છે. જેનાથી સોના-ચાંદીના વેપારમાં નવી ચમક આવશે. દેશના પ્રથમ ઇન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર ખાતે બે વિદેશી બેંકો ટૂંક સમયમાં કાર્યરત થશે. ગીફ્ટ સિટીમાં ભારતનું પ્રથમ ઇન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ શરૂ થયાના ૭ મહિના બાદ જ ગુજરાતને આ નવી ભેટ મળી રહી છે. અમેરિકા, બ્રિટન, દક્ષિણ આફ્રિકા અને

જર્મનીની બેંકો સાથે વાટાઘાટો ચાલી રહી છે.

માહિતગાર સૂત્રોએ જણાવ્યા મુજબ બુલિયન એક્સચેન્જમાં ૩ વોલ્ટની સુવિધા છે. જેમાં ૪૫૦ ટન સોનું અને ૪૫૦૦ ટન ચાંદીની સંગ્રહ ક્ષમતા છે. એક્સચેન્જ શરૂ થયા બાદ અત્યાર સુધીમાં આ મંચ પરથી ૫૦૦ કિગ્રા જેટલા સોનાનો વ્યાપાર થયો છે. વિદેશી બેંકોએ વોલ્ટની સુવિધાનું પણ નિરીક્ષણ કર્યું છે. અન્ય સાધન-સુવિધાઓનો પણ અભ્યાસ કર્યો છે.

બુલિયન બેંકો સોના-ચાંદીના રૂપમાં થાપણ સ્વીકારશે. રોકાણકારોને પણ ગોલ્ડ ખાતા ખોલવાની તક મળશે. તેમ એક્સચેન્જના સીઈઓ અશોક ગૌતમે જણાવ્યું હતું. વિદેશી બેંકો એક્સચેન્જને સોના-ચાંદીનો પુરવઠો આપશે. તમામ પ્રકારના ઝવેરાતની ટ્રેડીંગ પણ કરશે. તેનાથી નાણાંકીય પ્રવાહીતાનું ખુબ જ વધી જશે. થોડા સમય બાદ બુલિયન બેંકો ગોલ્ડ લોન આપવાનું પણ શરૂ કરશે.(૨.૧૨)

રદ થયેલા જીએસટી નંબર ફરી ચાલુ કરવાની સમયમર્યાદા વધારાઇ

નંબર શરૂ કરવા અરજી કરવી ફરજિયાતઃ વેપારીઓ હવે ૯૦ દિવસ સુધીમાં નંબર મેળવી શકશે

ગાંધીનગર.તા.૨૮

જીએસટી નંબર સસ્પેન્ડ કરાયા બાદ ૩૦ દિવસમાં વેપારી દ્વારા અરજી કરવામાં નહીં આવે તો તેને રદ કરી દેવામાં આવતો હોય છે. ત્યારપછી જોઇન્ટ કમિશનર પાસેથી મંજૂરી લઇને ૬૦ દિવસમાં શરૂ કરવામાં આવતો હોય છે. આ બંનેમાં પણ વેપારીએ સમયમર્યાદામાં અરજી નહીં કરી હોય તેવા કિસ્સામાં જીએસટી નંબર કાયમી ધોરણે રદ કરી દેવામાં આવતો હોય છે.જેથી વેપારીએ જીએસટી નંબર કાર્યરત કરાવવા માટે હાઇકોર્ટ સુધી જવું પડતું હોય છે. તેના બદલે સમયમર્યાદામાં સુધારો કરવાની જાહેરાત જીએસટી કાઉન્સિલની બેઠકમાં કરવામાં આવી છે. જીએસટી કાઉન્સિલની બેઠકમાં વેપારીનો જીએસટી નંબર સસ્પેન્ડ થયા બાદ ૩૦ દિવસના બદલે ૯૦ દિવસમાં અરજી કરીને ચાલુ કરાવી શકશે. આ માટે અધિકારી પાસે મંજૂરી મેળવવાની પણ પ્રક્રિયા કર્યા વિના જીએસટી નંબર પહેલાની માફક કાર્યરત કરી દેવામાં આવશે. ત્યાર-બાદ પણ અરજી કરવામાં આવી નહીં હોય તેવા કિસ્સામાં જીએસટી કાઉન્સિલમાં નંબર શરૂ કરાવવા અરજી કરવાની રહેશે. જીએસટી નંબર સસ્પેન્ડ થયા બાદ ૯૦ દિવસમાં પણ વેપારીએ અરજી કરીને તેને શરૂ કરવા માટેની પ્રક્રિયા કરી નહીં હોય તો જીએસટી કાઉન્સિલમાં તે માટેની અરજી કરવાની રહેશે. જોકે જીએસટી કાઉન્સિલમાં તેની અરજી કરવામાં આવ્યા બાદ જીએસટીની કમિટી દ્વારા તે નંબર શરૂ કરી શકાય કે નહીં તે અંગેનો નિર્ણય કરશે.

મુખ્યમંત્રી બાદ હવે મંત્રીઓ પણ ફરશે લકઝરી કારમાં

૨૩ કાર માટે સરકાર ૬.૮૪ કરોડ ખર્ચ કરાશે

(એજન્સી સમાચાર)

ગાંધીનગર.તા.૨૮

ગુજરાતમાં ભૂપેન્દ્ર પટેલની સરકારના મંત્રીઓ માટે રૂપિયા ૬.૮૪ કરોડના ખર્ચે ૨૩ કાર ખરીદવામાં આવશે. તાજેતરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના કાફલામાં સ્કોર્પિયો કારને વિદાય આપીને નવી ફોર્ચુનર કારો ખરીદવામાં આવી હતી. જે તમામ કાર બુલેટપ્રુફ હોવાનું કહેવાય છે. મોટાભાગે મુખ્યમંત્રી બહારગામ કોઈ કાર્યક્રમમાં જાય ત્યારે સરકારી વિમાનનો ઉપયોગ કરતા હોય છે. સૂત્રોના જણાવ્યા મુજબ રાજ્યમાં ઘટતી જતી આવકો સામે નવા નાણાંકીય સ્ત્રોત ઊભા કરવાના આયોજન થઇ રહ્યા છે અને મૂડી ખર્ચમાં ૯૧ ટકા જેટલો માતબર વધારો કરવામાં આવતા બજેટ પહેલા તમામ વિભાગોને કરકસરના

પગલાં સૂચવવામાં આવ્યા હતા. જેમાં મુખ્ય મુદ્દો એ હતો કે વિભાગોએ નવી કાર ખરીદવાને બદલે ભાડેથી કાર અને ડ્રાયવરની સેવાઓ મેળવવાનો વિકલ્પ વિચારવાનો રહેશે. પરંતુ સરકારની આ સૂચના કાગળ પર જ રહી છે. ઉલટાનું મંત્રીઓ માટે ૬.૮૪ કરોડના ખર્ચે નવી ૨૩ કાર ખરીદવાની જોગવાઇ બજેટમાં કરવામાં આવી છે. સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પોતાના કાફલામાં નવી ફોર્ચ્યુનર કાર વસાવી છે ત્યારે હવે મંત્રીમંડળના સભ્યો માટે પણ નવી કાર ખરીદવાની જોગવાવાઇ કરવામાં આવી છે. મહત્વની વાત તો એ છે કે હાલના તમામ મંત્રીઓને નવી ઇનોવા ક્રિસ્ટા કાર આપવામાં આવી છે. એક પણ મંત્રી પાસે જૂની કાર નથી છતાં બજેટમાં મંત્રીઓ અને પ્રોટોકોલ ડિવીઝન માટે ૩૦ લાખની કિંમતની નવી ૨૩ ગાડીઓ આવશે. સરકારના નિયમો મુજબ સરકારી કાર ૨ લાખ કિલોમીટર અથવા ૧૦ વર્ષ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી ચલાવવાની હોય છે.

પૂ. હીરાબાઇ મહાસતીજી કાળધર્મ પામ્યા : પાલખીયાત્રામાં રાજકોટ સહિત સૌરાષ્ટ્રના જૈન સંઘોના શ્રાવકો જોડાયા

પૂ. હીરાબાઇ મહાસતીજીએ ગઇકાલે બપોરે સમાધિભાવે દેહત્યાગ કર્યો : કાલે સરદારનગર ઉપાશ્રયે પૂ. સુશાંતમુનિ તથા પૂ. પારસમુનિ મ.ની નિશ્રામાં ગુણાનુવાદ સભા

રાજકોટ, તા.૨૮ : ગોંડલ સંપ્રદાયના શાસનચંદ્રિકા, જિનશાસનના અણમોલ રત્નસમા પૂ. હીરાબાઇ મહાસતીજી ગઇકાલ તા. ૨૭ની બપોરે સમાધિભાવે રાજકોટના સરદારનગર ઉપાશ્રયે કાળધર્મ પામતા સમસ્ત જૈન સમાજમાં ઘેરો શોક છવાઇ જવા પામ્યો હતો. પૂ. હીરાબાઇ મહાસતીજીને ૯૧ વર્ષની વય અને ૭૩ વર્ષનો દીક્ષા પર્યાય હતો. આજે બપોરે જય જય નંદા જય જય ભદ્રાના સુર સાથે સરદારનગર ઉપાશ્રયેથી પાલખીયાત્રા નીકળી હતી. જેમાં રાજકોટના સ્થાનકવાસી જૈન સંઘોના હોદ્દેદારો, શ્રાવકો જોડાયા હતા. પૂ. જયોતિબાઇ મ. તથા પૂ. સ્મિતાબાઇ મહાસતીજી વગેરે પૂ. હીરાબાઇ મહાસતીજીની વૈયાવચ્ચમાં રહ્યા હતા. આવતીકાલ તા. ૧લી માર્ચના બુધવારે સવારે ૯ વાગે સરદારનગર સ્થાનકવાસી જૈન ઉપાશ્રયે પૂ. હીરાબાઇ મહાસતીજીની ગુણાનુવાદ સભા યોજવામાં આવેલ છે. તાજેતરમાં પૂ. હીરાબાઇ મહાસતીજીના ૯૧મા જન્મદિન તથા ૭૩માં સંયમ દિનની તપ–ત્યાગ સાથે સરદારનગર ઉપાશ્રયે ઉજવણી કરવામાં આવેલ હતી. માતુશ્રી ગિરજાબેન જમનાદાસ દામાણી પરિવારના પૂ. હીરાબાઇ મ. તથા પૂ. નંદાબાઇ મ. તથા પૂ. જયોતિબાઇ મ. એમ ત્રણ બહેનોએ દીક્ષા અંગીકાર કરેલ. ગઇકાલે પૂ. હીરાબાઇ મહાસતીજીના કાળધર્મ પામ્યાના સમાચાર વાયુવેગે પ્રસરી જતા સરદારનગર ઉપાશ્રયે દર્શનાર્થીઓની કતાર લાગી હતી. સમસ્ત જૈન સમાજમાં ઘેરો શોક છવાઇ જવા પામ્યો છે. પૂ. હીરાબાઇ મહાસતીજીના ૭૩ વર્ષના સુદીર્ઘ સંયમ પર્યાય દરમ્યાન ભારતના અનેક ક્ષેત્રોમાં વિચરણ કરી સંપ્રદાય તથા જિનશાસનનું નામ ચંદ્રની જેમ ઉજ્જવળ કરેલ તેથી જ તેઓ જૈન સમાજમાં શાસનચંદ્રિકા તરીકે ઓળખાતા હતા.પૂ. સુશાંતમુનિ મ. તથા પૂ. પારસમુનિ મહારાજ સરદારનગર ઉપાશ્રયે પધારી ગયા છે.

જામનગરના રામપર ગામમાં ત્રણ મંદિરોમાંથી રૂ.૧.૭૫ લાખની ચોરી

પોલીસે સીસીટીવી ફૂટેજ મેળવીને તપાસનો ધમધમાટ આદર્યોઃ શ્રધ્ધાળુઓમાં રોષ

(સૌરષ્ટ્ર ક્રાંતી કાર્યાલય–રાજકોટ)
રાજકોટ, તા.૨૮

જામનગર તાલુકાના રામપર ગામમાં ત્રણ મંદીરોમાં તસ્કરોએ ત્રાટકીને દાનપેટીમાંથી રોકડ, ચાંદીના છતર સહિત કુલ રૂ.૧.૭૫ લાખની ચોરી થતાં નાના એવા ગામમાં રોષ વ્યાપી ગયો છે. પોલીસે સીસી ટીવી ફુટેજ મેળવીને અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધીને તપાસનો ધમધમાટ આદર્યો છે. રામપર ગામમાં ગતરાત્રીના તસ્કરોએ મંદીરોને નિશાન બનાવીને ગામમાં આવેલા હરસિધ્ધી માતાજી, મચ્છુ માતાજી અને રવેચીમાંનું મંદીરોના તાળા તોડીને તસ્કરો અંદર ઘુસ્યા હતાં અને માતાજીને પહેરાવામાં આવેલા ચાંદીના દાગીના અને માતાજીના ઉપર રાખવામાં ચાંદીના છતર ઉતારીને એક શખ્સે ટી–શર્ટ ઉતારીને તેમાં દાગીના રાખી તેમજ દાનપેટી તોડીને તેમાંથી રોકડ રૂપિયાની ચોરી કરી હતી અને ત્રણેય મંદીરમાંથી તસ્કરો ચાંદીના દાગીના અને રોકડ રૂ.૧૨ હજાર ઉપરાંત મળીને કુલ રૂ.૧.૭૫ લાખના મુદામાલની ચોરી કરી ગયા હતાં. સવારે દર્શન કરવા જતાં ગામ લોકોને જાણ થતાં તેઓએ મંદીરમાં ફીટ કરેલા સીસીટીવી ફુટેજમાં બે શખસો કેદ થયા છે. આ અંગેની જાણ થતાં જ પીએસઆઈ જે.પી.સોઢા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને ગામના નારણભાઈ ખોળભાઈ જાટીયાની ફરિયાદ પરથી પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધ્યો છે અને સીસીટીવી ફુટેજ મંદીરમાંથી મેળવીને તપાસનો ધમધમાટ આદર્યો છે.

'ડોશીમાં તમારું પોસ્ટમોર્ટમ કરાવી નાખવું જોઇશે' કહી કપાતર પુત્રએ ઘર પર પથ્થરમારો કર્યો

તંત્રએ વૃધ્ધાને મકાનનો કબજો સોંપ્યો હતોઃ તમે કેસ જીતી ગયા તો શું કરી લેશો કહી ધમકી આપતા ફરિયાદ

રાજકોટઃ રાજકોટના કોઠારિયા રોડ ઉપર આશાપુરાનગરમાં રહેતા મીરાબેન યાજ્ઞિકભાઈ જાટીયાએ પડધરી તાલુકાના નારણકા ગામે રહેતા સગા ભાઈ વિક્રમ કાનાભાઈ સોનારા સામે પડધરી પોલીસમાં મારફૂટ કરી, મારી નાખવાની ધમકી આપવા અંગે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત ૨૫ તારીખે નાયબ કલેકટરના હુકમથી મારા વૃદ્ધ માતા રાયબેનને મકાનનો કબજો સોંપવાનો હોવાથી હું મારા બનેવી સહિતના ખંઢેરી ગામે ગયા હતા. અમે સફાઈ કરી રસોઈ બનાવવાની તૈયારી કરતા હતા. ત્યારે બપોરે જ વિક્રમ લાકડી લઈને આવ્યો હતો અને મારા માતા રાયબેનને કહેલ કે તમે કેસ જીતી ગયા એમ ને તો શું કરી લેશો કહી ગાળો ભાંડી હતી. મારા મામા પ્રવીણભાઈ બહાર લઇ જતા ડોશીમાં તમારું પોસ્ટમોર્ટમ કરી નાખવું જોઈએ અને જાનથી મારી નાખવાની ધમકી આપી પથ્થરના છુટા ઘા કર્યા હતા. તેણે બહાર લઇ જતા પાછળના ભાગેથી ઘા કર્યા હતા. જેમાં મને પગમાં ઈજા થઇ હતી. જેથી આ અંગે વિક્રમ સામે ફરિયાદ નોંધાવી હતી.

દ્વારકા ફુલડોર ઉત્સવ નિમિતે પદયાત્રીઓ માટે સેવા કેમ્પનુ આયોજન

(સૌરષ્ટ્ર ક્રાંતી કાર્યાલય–રાજકોટ)
ખંભાળીયાઃ હોળી નિમિતે દ્વારકામાં યોજાનાર ફુલડોલ ઉત્સવનો શ્રધ્ધાભેર લાભ લેવા માટે ઉતર ગુજરાત, સૌરાષ્ટ્રના મોટી સંખ્યા ભાવિકોની પદયાત્રાનો પ્રવાહ શરૂ થયો છે. તથી, પદયાત્રિકોની સેવા માટે દ્વારકા હાઇવે ખંભાળીયા માર્કેટ યાર્ડ થી આગળ રામાપીર ના મંદિર મા નકંલક આશ્રમ પાસે સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સેવા કરતા કાર્યકરો ને ઉત્સાહિત કરવા અને કેમ્પની મુલાકાત લેવા અનુરોધ કરાયો છે.

ક્રાઈમ કોર્નર

સાયલા પાસે ૫ દિવસ પૂર્વે અકસ્માતમાં ઘવાયેલા યુવાનનું મોત

શહેરના નવલનગરમાં રહેતા અને સિંચાઈ વિભાગમાં કોન્ટ્રાકટ બેઝ ઉપર ડ્રાઈવર તરીકે નોકરી કરતા જીતેન્દ્રભાઈ મેરામભાઈ ડાભી (ઉ.૩૫) ગત ૨૩ તારીખે ગાંધીનગરથી પરત રાજકોટ આવી રહ્યા હતા. ત્યારે લીંબડી– સાયલા વચ્ચે કાર ડિવાઈડર સાથે અથડાતા ગંભીર ઈજા થતા સુરેન્દ્રનગર સારવાર અર્થે ખસેડાયા હતા. અહીંથી રાજકોટ ખસેડાતા સારવાર દરમિયાન મોત થયું હતું. મૃતક ત્રણ ભાઈ અને ત્રણ બહેનમાં નાના અને સંતાનમાં એક પુત્ર હોવાનું જાણવા મળ્યું છે.

શ્યામનગરમાં એસીડ પી મહિલાનો આપઘાત

રાજકોટઃ શહેરના ગાંધીગ્રામના શ્યામનગરમાં રહેતા આરતીબેન પ્રકાશભાઈ આચાર્ય (ઉ.૫૦) નામના મહિલાએ સવારે પોતાના ઘરે એસીડ પી લેતા સિવિલ હોસ્પીટલે ખસેડાયા હતા. પરંતુ અહીં ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઈ એન.બી.ડોડીયા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો. આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી હતી.

દુષ્કર્મનો ભોગ બનેલી યુવતીને પ્રસુતિની પીડા થતા હોસ્પીટલે ખસેડાઈ

રાજકોટઃ રાજકોટના નારી સંરક્ષણ ગૃહમાં રહેતી યુવતીને સવારે પ્રસુતિની પીડા ઉપડતા જનાના હોસ્પીટલમાં ખસેડાઈ હતી. અગાઉ તેણી સગીર ઉમરની હતી, ત્યારે તેણીનું અપહરણ કરી ઉઠાવી જવામાં આવી હોય, આ અંગે શાપર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો, તે પછી દુષ્કર્મ થયું હોવાનું સામે આવતા નારી સંરક્ષણ ગૃહમાં આશરો અપાયો હતો. આ અંગે શાપર– વેરાવળ પોલીસને જાણ કરાઈ હતી. આ ગુનાની તપાસ સીપીઆઈ ગોસાઈ કરતા હોવાનું પીએસઆઈ રાણાએ જણાવ્યું હતું.

જુગારના બે દરોડામાં ૫ મહિલા સહીત ૧૦ ઝબ્બે

રાજકોટઃ શહેરના ઉદયનગરમાં માલવિયાનગર પોલીસે દરોડો પાડી જુગાર રમતા નયનાબેન ગોહેલ, શ્રુતિબેન ગોસ્વામી, રેખાબેન કુંડારિયા, ભાવનાબેન ટાંક અને ગીતાબેન કણસારાને ઝડપી લઈ ૧૦,૯૦૦ કબજે કર્યા છે. જ્યારે યુની. પોલીસે રૈયાધારમાં જુગાર રમતા બટુકભાઈ પરમાર, પંકજભાઈ મકવાણા, રાજુભાઈ સોલંકી, મનોજભાઈ સોલંકી અને અનિલભાઈ વઢવાણીયાની ધરપકડ કરી છે.

ટ્રેઝરી ઓફીસના રીજયોનલ ડાયરેક્ટરના ફોનની ચોરી

રાજકોટઃ રાજકોટના એવરેસ્ટ પાર્કમાં રહેતા અને ટ્રેઝરી ઓફિસમાં રીજયોનલ ડાયરેક્ટર તરીકે નોકરી કરતા રાજેશભાઈ જમનાદાસભાઈ માંડલીયા (ઉ.૫૬) એ લોધીકા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત ૨૩ તારીખે સાંજે મિત્રની વાડીએ કાર લઈને જતો હતો. ત્યારે વાગુદળના પાટિયેથી અંદર જતી વખતે પોશરૂમ કરવા ઉભો રહેતા મારો ૧૭,૪૦૦ની કિમતનો ફોન કાર ડેકી ઉપર પાછળ રાખ્યો હતો. જે પરત આવીને જોતા ગાયબ હોય જેથી આ ચોરી અંગે ફરિયાદ નોંધાવી હતી.

ચોટીલા નજીક અકસ્માતમાં ઘવાયેલી બાળકીએ દમ તોડ્યો

રાજકોટઃ શનિવારે મોરબીથી ઇકોમાં બેસી ચોટીલા ચામુંડા માતાજીના દર્શને જતા મુસાફરોની કાર બોરીયાનેસ નજીક કન્ટેનર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ૧૨ જેટલા મુસાફરોને ઈજા થતા રાજકોટ ખસેડાયા હતા. અહીં રમેશભાઈ બડઘા અને દિનેશ મોહનલાલના મોત નીપજ્યા હતા. જ્યારે સારવાર હેઠળ રહેલ ચિરાયું જેન્તીભાઈ બડઘા (ઉ.૯) માસનું પણ મોત નીપજતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

સાધુ વાસવાણી રોડ ઉપર વૃધ્ધાના ગળામાંથી ચેઈનની ચીલઝડપ

રાજકોટઃ રાજકોટના મીલપરામાં રહેતા કોકીલાબેન અશોકભાઈ શાહ સાધુ વાસવાણી રોડ ઉપર રહેતા જેઠના ઘરે બે દિવસ રોકાવવા ગયા હતા. સવારે પતિ સાથે જૈન દેરાસરએ દર્શન કરી પરત આવ્યા ત્યારે એક શખસ આવેલ અને પટેલભાઈ ક્યાં રહે છે? તેમ પૂછતાં મને ખબર નથી તેવું કહી ઘર તરફ જતા પાછળથી ગળામાં ઝોંટ મારી ૪૫ હજારનો સોનાનો ચેઈન ચીલઝડપ કરી પાર્ક કરેલ એક્સેસ લઈ ભાગી ગયો હોય. આ અંગે યુનીવર્સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

શાપર–વેરાવળમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ

ગોંડલ હાઇવે ઉપર આવેલ શાપર વેરાવળમાં ચોરી કરવા બે તસ્કરો પહોચ્યા હતા. મેડીકલ સ્ટોરમાં સીડી વડે બારી તોડી એક તસ્કર ઘુસ્યો ત્યારે ધ્યાન રાખતો સાગરીત લોકો આવતા ભાગી ગયો જતા શાપર પોલીસે ગુનો નોંધી એક શખસની ધરપકડ કરી હતી. રાજકોટની ન્યુ આકાશદીપ સોસાયટીમાં રહેતા અને શાપર– વેરાવળમાં ગેલેક્સી કોમ્પ્લેક્ષમાં યમુના મેડીકલ સ્ટોર નામે વેપાર કરતા નીલેશભાઈ સુરેશભાઈ સીદપરાએ શાપર વેરાવળ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત રાત્રે દુકાન બંધ કરી ઘરે ગયો હતો. દરમિયાન રાત્રે સાડા ત્રણેક વાગ્યે મેડીકલમાં કામ કરતા અજય સોલંકીએ ફોન કરી ચોર દુકાનમાં ત્રાટક્યા છે તેમ જણાવતા ૧૦૦ નંબર ઉપર ફોન કરી હું પણ પહોચ્યો ત્યારે પોલીસ આવી ગઈ હતી અને એક શખ્સને પોલીસે પકડ્યો હોય તેનું નામઠામ પૂછતાં રાજકોટનો કરણ અરજણભાઈ અકેડા હોવાનું જણાવતા પુછતાછ કરતા પોતે એક મિત્ર સાથે ચોરી કરવા આવ્યો હતો. સીડી વાટે પાછળની સાઈડથી સિમેન્ટની બારી તોડી ઘૂસ્યો હતો. ત્યારે જ લોકો એકઠા થઈ જતા તે ભાગી ગયો હોવાનું જણાવતા પીએસઆઈ એસ.જે.રાણા સહિતના સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી છે.

દેવધરીમાં ચોરી કરનાર બોટાદ–તુરખાના બે શખ્સ ઝડપાયા

વિંછીયાના દેવધરી ગામે બે–ત્રણ દિવસ પહેલા તસ્કરો ઘરમાં ઘુસ્યા ત્યારે જ સીસીટીવી જોઈ પરિવારના સભ્યો પહોંચી જતા તસ્કરો ભાગી છુટેલા જો કે સીસીટીવીમાં તસ્કર કેદ થતા રાજકોટ રૂરલ એલસીબીની ટીમે બે આરોપીને દબોચી લીધા હતાં.મળતી વિગત મુજબ દેવધરીના સુરેશભાઈ વીરજીભાઈ મૂળીયા (પ્રજાપતિ)એ ફરિયાદ નોંધાયેલી કે, તેનુ ઘર બંધ કરી બધા ઈંટોના ભઠ્ઠે ગયા હતા ત્યારે ઓનલાઈન મોબાઈલમાં સીસીટીવી જોતા ઘરના દરવાજા ખુલ્લા હોય ઘરે જઈ જોતા ઘરમાંથી એક યુવક હાથમાં બે બેગ લઈને નીકળ્યો હતો જે અમને જોઈ વંડી ટપી બેગ મુકી ભાગ્યો હતો રોડ પર બાઈક સવાર ઉભો હોય તેની પાછળ બાઈકમાં બેલી ફરાર થઈ ગયો હતો. પોલીસે ગુનો નોંધ્યો હતો

માદક પદાર્થોની હેરાફેરી ઉપર પોલીસની બાજનજરઃ ૮૦ ફૂટ રોડ ઉપર ૩૪ કિલો ગાંજો વેચવા નીકળેલ બેલડીની ધરપકડ

(સૌરષ્ટ્ર ક્રાંતી કાર્યાલય–રાજકોટ) રાજકોટ, તા.૨૮

રાજકોટમાં યુવાધનને નશીલા માદક પદાર્થોની લત લગાડી, નશાના રવાડે ચડાવવાની શરૂ થયેલી પ્રણાલીને વેગ આપતા પેડલરો ઉપર પોલીસ બાજનજર રાખી રહી છે. દરમિયાન આજે ૮૦ ફૂટ રોડ ઉપર ૩૪ કિલો ગાંજો વેંચવા નીકળેલા બે શખસોને ભક્તિનગર પોલીસે બાતમી આધારે દબોચી લઇ ૩,૯૭,૩૩૦ રૂપિયાનો મુદામાલ કબજે કરી ક્યાંથી લાવ્યા હતા. તે સહિતના મુદ્દે તપાસ હાથ ધરી છે.

રાજકોટમાં રવિવારે રાત્રે ચાર કલાક ડ્રાઈવ યોજી પોલીસે ૬૫ શરાબીઓને પીધેલી હાલતમાં ઝડપી લઇ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન શહેરમાં માદક પદાર્થોની હેરાફેરી કરતા પેડલરો ઉપર પણ ખાસ વોચ રાખવાની સુચના અન્વયે ભક્તિનગર પોલીસ મથકના પીઆઈ મયુરધ્વજસિંહ સરવૈયા અને સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે સ્ટાફ્ટે મળેલી ખાનગી હકીકત આધારે ૮૦ ફૂટ મેઈન રોડ ઉપર આવેલ પટેલનગર શેરી નંબર ૬ ખાતે વોચ ગોઠવી મૂળ રાજસ્થાનના હાલ શિવધામ સોસાયટી રહેતા પુરણનાથ ભગવાનનાથ ગોસ્વામી (ઉ.૨૭) અને કોઠારિયા મેઈન રોડ ઉપર વિનોદનગર ક્વાટરમાં રહેતા રીક્ષા ડ્રાયવર શાહરૂખ રહીમભાઈ લેતા ૩૪.૦૭૫ ગ્રામ ગાંજો મળી આવતા ૩,૪૦,૭૫૦નો ગાંજો, રીક્ષા, મોબાઈલ મળી ૩,૯૭,૩૩૦નો મુદામાલ કબજે કરી ગુનો નોંધી ધરપકડ કરી હતી. પ્રાથમિક તપાસમાં બંને ગાંજો વેચવા નીકળ્યા હોવાની કબુલાત આપતા ક્યાંથી લાવતા હતા તે જાણવા રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

લોકગાયક વિશાલ વરૂઃ કરણપરાથી કમ્પાલા સુધીની રોમાંચક સંગીત સફળતાની ગાથા

આગવી શૈલીથી રાસ–ગરબા રજુ કરી વિશાલ દેશના સીમાડા પાર કરી હવે વિદેશની ભૂમિ પર લોકસંગીતની ધૂમ મચાવે છેઃ કરણપરા ગરબી ચોક અને રાજકોટના ખેલૈયાઓને કદી ભૂલી ન શકાયઃ વિશાલ સાથે 'સૌરાષ્ટ્ર ક્રાંતી' ની રસપ્રદ સંગીત ગોષ્ઠી

(સૌરષ્ટ્ર ક્રાંતી કાર્યાલય–રાજકોટ) રાજકોટ, તા.૨૮

સૌરાષ્ટ્રની ધરતીથી લઇને સાઉથ આફ્રિકાની ધરતી પર રાસ–ગરબાની રમઝટ બોલાવતા અને ટૂંક સમયમાં જ રાજકોટના ખેલૈયાઓમાં પોતાની આગવી શૈલીથી રાસ–ગરબા રજૂ કરનાર લોકગાયક વિશાલ વરૂએ તાજેતરમાં જ 'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયની મુલાકાત લીધી હતી.

સંગીતનો નાનપણથી જ શોખ ધરાવનાર અને કરણપરા ગરબી ચોકથી સંગીત ક્ષેત્રમાં ડગલુ માંડનાર લોકગાયક વિશાલ વરૂ રાજકોટના ખેલૈયામાં તેમજ વિદેશમાં પણ ખૂબ મોટી લોકચાહના મેળવી છે.

'સૌરાષ્ટ્ર ક્રાંતી' સાથે મુલાકાત દરમ્યાન વિશાલ વરૂએ જણાવ્યું હતું કે, સંગીતનો શોખ મને ઘણા સમયથી છે અને છેલ્લા ૫–૭ વર્ષ આ ક્ષેત્રમાં સફળાતાની સીડી સર કરી રહ્યો છું. દરેક કલાકારની શરૂઆત એક નાના સ્ટેજ પરથી જ થતી હોય છે. બસ તેવી જ રીતે મારી કારર્કીદીની શરૂઆત રાજકોટના પ્રાચીન રાસ–ગરબા માટે પ્રખ્યાત એવા કરણપરા ગરબી ચોકથી થઇ હતી. ત્યાં મેં ૧૦ થી ૧૨ વર્ષ સુધી નવરાત્રીમાં ગરબા ગાયા છે. કરણપરા ગરબી ચોકથી ખૂબ નાની ઉંમરમાં જ મને મોટી સફળતા મળી છે. પ્રાચીન ગરબીથી શહેરભરમાં નામના મેળવનાર કરણપરા ગરબી ચોકમાં 'માળી તારા અઘોર નગાડા વાગે...' જેવા અનેક ગીતો મેં રજૂ કરેલ છે.

મેં પ્રાચીન–અર્વાચીન રાસ–ગરબા ઉપરાંત લોકડાયરા તેમજ લગ્ન પ્રસંગમાં પણ અનેક ગીતો રજૂ કરેલ છે. સમગ્ર ગુજરાતમાં નવરાત્રી દરમ્યાન મારા કાર્યક્રમ હોય છે. તદ્‌પરાંત ગયા વર્ષે સાઉથ આફ્રિકાના યુગાન્ડા કંમ્પાલામાં પાટીદાર સમાજની નવરાત્રીનો કાર્યક્રમો કર્યો હતો. આપણી ધરતી પર તો ઘણા કાર્યક્રમો કર્યા છે પરંતુ વિદેશની ધરતી પર કાર્યક્રમ કરવાનો મને મોકો મળ્યો હતો. આગામી સમયમાં અમેરીકા, લંડન જેવા દેશમાં પણ મારા કાર્યક્રમો થશે. વિદેશની ધરતી અને આપણા દેશની ધરતી બંને જગ્યાએ કાર્યક્રમો કર્યા છે પણ જે જુસ્સો–ઉમંગ–ઉલ્લાસ આપાણા લોકોમાં છે તેમાં પણ ખાસ કરીને વાત કરીએ રાજકોટના ખેલૈયાઓની; તો તેની વાત જ કંઇક અગલ છે. રાજકોટના ખેલૈયાઓ જેવા ખેલૈયાઓ બીજે કયાંય ન થાય. અહીંના લોકો દ્વારા મને કાર્યક્રમ દરમ્યાન ઘણું પ્રોત્સાહન મળેલ છે. વિદેશમાં કાર્યક્રમ કરવાની ખૂબ જ મજા એવા તેની સાથોસાથ ત્યાંના સંસ્કૃતિ વારસાને આપણે વધુ થોડી નજીકથી જાણવાનો મોકો મળે છે.

હાલમાં નવરાત્રી પછી જ ઇન્સ્ટાગ્રામ પર ઘણા બધા કલાકારો અને નવરાત્રી દરમ્યાન મારા દ્વારા ગવાયેલ ઉત્તર ગુજરાતનું સુપ્રસિધ્ધ 'ગોગોગોગો મારો... ગોગોગોગો મારો... ગોગો ધણી' ગીતનો વીડિયો ખૂબ જ વાયરલ થયેલ છે. બોલીવૂડમાં આગળ વધવાની પણ મારી ઇચ્છા છે.(૧૩)

તંત્રી લેખ

આજે ''રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ''

ટચૂકડા મોબાઇલ ફોન કે લેપટોપને ઈન્ટરનેટ મારફતે જોડીને ઘરમાં બેસીને દુનિયાના કોઇપણ ખૂણે રહેતા સ્વજન સાથે વાત કરતી વખતે કે નેટ બેંન્કિંગ મારફતે ઓનલાઈન ખરીદી કરતી વખતે કે ભવિષ્યમાં થનારા સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણની માહિતી વિષે અખબારોમાં વાંચતી વખતે ક્યારેય આપણને વિજ્ઞાનનું મહત્વ સમજાયું છે ખરૂ ? આપણો જવાબ હશે ના, રોજિંદા જીવનમાં વણાઇ ગયેલા વિજ્ઞાનની ઉપયોગિતા અંગે લોકોને જાગૃત કરવા માટે સમગ્ર દેશમાં ૨૮ ફેબ્રુઆરીને ''રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. ભારત સતત વિકાસશીલ દેશ રહ્યો છે.વર્તમાન સમયમાં ભારત દેશ વિકાસની જે હરણફાળ ભરી રહ્યો છે,તેમાં વિજ્ઞાનનો મહત્તમ ફાળો રહ્યો છે. જે-તે સમયે દેશમાં પ્રવર્તતી અંધશ્રધ્ધા દુર કરવામાં વિજ્ઞાને મહત્વનો ફાળો આપ્યો છે.વિજ્ઞાન આપણા રોજિંદા જીવનનો એક મહત્વનો ભાગ છે. આપણા હાથમાં રહેલા અવનવા ગેજેટ્સથી લઈને અવકાશ વિજ્ઞાન સુધીની સતત વિકસતી ટેક્નોલોજીએ વિજ્ઞાનની અને માનવ જીવનના સતત પ્રયત્નોની સમગ્ર માનવ સમુદાયને મળેલી ભેટ છે. ૨૮ મી ફેબ્રુઆરી ૧૯૨૮ માં કલકત્તાની ઇન્ડિયન ઇન્સ્ટિટયુટ ફોર ધ કલ્ટિવેશન ઓફ સાયન્સ ખાતે ભારતીય વૈજ્ઞાનિક સર ચંદ્રશેખર વેંકટરામને અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે પ્રકાશના કિરણોની અલગ અલગ તરંગ લંબાઈ પર વિખેરાઈ જવાની પ્રક્રિયાનું ખુબ જ બારીકાઈથી અવલોકન કરી તેને લોકો સમક્ષ મુકી હતી.જે શોધને તેમના નામ પરથી 'રામન ઈફેક્ટ' તરીકે ઓળખવામાં આવે છે. વર્ષ ૧૯૩૦માં આ નોંધપાત્ર શોધ માટે તેમને નોબેલ પુરસ્કાર મળ્યો હતો. ભારતમાં જ સંશોધન કાર્ય કરીને નોબલ પુરસ્કાર મેળવનાર પ્રો.રામન એક માત્ર ભારતીય વૈજ્ઞાનિક હતા.તેમની શોધ પરથી વધુને વધુ બાળકો અને યુવાનોને પ્રેરણા મળે તેવા શુભાશયથી સરકાર દ્વારા દર વર્ષે નેશનલ સાયન્સ ડે ઉજવવામાં આવે છે. નેશનલ સાયન્સ ડે એ ભારતમાં વિજ્ઞાનને લગતા ઉજવાતા તહેવારો પૈકીનો મુખ્ય તહેવાર છે.આ દિવસે વિવિધ શાળાઓ, કોલેજો તથા યુનિવર્સિટીઓમાં વિજ્ઞાનને લગતા વિવિધ પ્રોજેક્ટસનું પ્રદર્શન યોજવામાં આવે છે.આ ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા રેડીયો-ટીવી પર વિવિધ કાર્યક્રમો પ્રસારીત કરવામાં આવે છે તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા વિજ્ઞાનને લગતી ચર્ચાઓ, સાયન્સ ક્વિઝ,સાયન્સ મુવીઝ વગેરેનું પણ નિદર્શન કરવામાં આવે છે.

યુવાનોને નિરાશા ખંખેરી જિંદગની પ્રેરણા આપતી

થેલેસેમિક યુવાન પરની ડોક્યુમેન્ટરી શોર્ટ ફિલ્મ સૌ.યુનિ.માં પ્રથમ વિજેતા

રાજયકક્ષાની સ્પર્ધામાં કાલ્પનિકને બદલે સત્ય ઘટના ઉપર ૨૪ કલાકમાં ૫ મિનિટની હૃદયસ્પર્શી ફિલ્મ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

બિમારી અને બેરોજગારીથી કંટાળીને આપઘાતના કિસ્સાઓ રોજેરોજ વાંચવા,સાંભળવા મળે છે. પરંતુ રાજકોટમાં બી.કોમના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા ૨૪ વર્ષના અભિષેક વ્યાસ મેજર થેલેસિમિયાની ગંભીર બિમારી અને મધ્યમવર્ગીય પરિવાર, છતાં હિંમત હાર્યા વગર મુસીબતના પહાડને હરાવી રહ્યો છે. આ સત્ય કહાનીથી પ્રેરિત થઈને રાજકોટના સિવિલ એન્જિનિયર ભાર્ગવ પરમાર અને એમબીએ રોનક ફળદુએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા રાજયકક્ષાની આયોજિત ફિલ્મ મેકીંગ સ્પર્ધામાં આ યુવાન પર ૫ મિનિટ ૧૯ સેકન્ડની બનાવેલી દસ્તાવેજી ફિલ્મને જ્યુરી સહિત સૌની મુક્ત કંઠે પ્રશંસા સાથે તેને પ્રથમ પારિતોષિક મળ્યું છે.

સ્પર્ધકોએ માત્ર ૨૪ કલાકમાં પ્રેરક સંદેશો આપતી ફિલ્મ બનાવવાની સ્પર્ધા હતી. જેમાં કાલ્પનિક વિષય વસ્તુને બદલે આ યુવાનોએ થેલેસેમિયા પીડીત યુવાનને શોધી તેના પર આંખને ભીની કરી દેતી હૃદયસ્પર્શી દસ્તાવેજી ટૂંકી ફિલ્મ બનાવી ત્યારે પ્રથમ નંબરની સ્પર્ધાત્મક ભાવના નહીં, પણ સમાજને સત્ય ઘટનાથી પ્રેરણા આપવાની ભાવના હતી.

અભિષેકને દર બાર દિવસે લોહી બદલાવવું પડે છે, છ માસની ઉંમરે મેજર થેલેસેમિયાનું નિદાન થયું. છતાં પિતા પર ઘરનો બોજ ઘટાડવા મોટામવા સ્મશાન પાછળ,રેઇનબો સિટી એપાર્ટમેન્ટમાં સપરિવાર રહેતા આ યુવાને બિમારીથી નાસીપાસ થયા વગર માત્ર માતાપિતા જ સંતાનો માટે ઝઝુમે તે યોગ્ય નથી, સંતાનોની પણ ફરજ છેથ તે વિચાર સાથે નોકરી માટે કતારોમાં ઉભા રહેવા કે આજીજી કરવા કે કોઈની દયા પર નિર્ભર રહેવાને બદલે તેણે રાજકોટના રીંગરોડ-૨ ઉપર કટારીયા ચોકડી પાસ ઘુઘરા વેચવાની લારી શરૂ કરી અને આજે માત્ર પોતે જ આર્થિક પગભર ન થયો, કુટુંબને પણ પગભર બનાવ્યું છે. અને શ્રમજીવી મહિલાને

પણ રોજી આપી. ભારતને આત્મનિર્ભર બનાવવામાં મુક યોગદાન આપ્યું છે. પાંચ મિનિટની આ પ્રેરક ફિલ્મ યુ ટ્યુબ પર **"GLOWSUN PRODUCTIONS"** નામની ચેનલ પર જોઇ શકાશે.

ફિલ્મમાં વિષયવસ્તુ, કથા, સંવાદ અભિનય ભાર્ગવ પરમાર, દિલાર્શનલોપ પઢિયાર, દિલિપ વાઘેલા, પ્રેમ પરમાર, પ્રણવ શ્રીમલી, મુકેશએ કર્યું છે. ટીમમાં ગુજરાતમાંથી મકવાણા વગેરેએ યોગદાન આપ્યું હતું. પાંચ વર્ષ અગાઉ ભાર્ગવ પરમારે પોતે એકલાએ મોબાઈલના વ્યસનથી મુક્ત થવા પર બનાવેલી ફિલ્મને પણ ત્રીજુ પારિતોષિક મળ્યું હતું.

ગુજરાત સરકારનું ૨૦૨૩-૨૪ નું બજેટને આવકારતા રાજકોટ ભાજપ અગ્રણી નરેન્દ્ર રાઠોડ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યકાળમાં દેશમાં સરકાર વિકાસના કાર્ય કરી રહી છે તેમાં તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકારે ગુજરાતનો અવિરત વિકાસ થઈ રહ્યો છે એને વેગ આપવા માટે નવુ બજેટ ૨૦૨૩-૨૪ ની ભેટ ગુજરાતના છેવાડા માનવીથી માંડીને ખેડુતો અને મજુરો, વેપારીઓ ત્યાં દરેક પશુપક્ષીને ધ્યાનમાં રાખીને આ બજેટમાં ચિંતાવ્યકત કરવામાં આવી છે અને જે આપણે સપના ન જોયા હોય તેવું ગુજરાતનું હજુ નવું અર્થતંત્ર ઉભું થાય, યુવાનોને રોજગારી મળે અને ગુજરાતના લોકોનો વિકાસ થાય તે ધ્યાને લઈને આ બજેટ ફાળવવામાં આવ્યું છે. તો હું રાજકોટ ભાજપ અગ્રણી નરેન્દ્રભાઈ રાઠોડ ગુજરાત સરકારના આપણા લોકલાડીલા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ તથા આપણા મંત્રીમંડળનો આભાર વ્યકત કરૂં છું.

વીમા કંપનીએ ફરિયાદીને રૂ.૭,૫૦,૦૦૦ વ્યાજ સાથે ચૂકવવા ગ્રાહક તકરાર નિવારણ આયોગનો ચુકાદો

આ કેસમાં ફરિયાદી વતી ધારાશાસ્ત્રી અજય જોષી રોકાયેલ હતા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

ફરિયાદી બીનાબેન દયાશંકર તરૈયા પોતાની માલીકી કાર લઈને પોતાના પરીવાર સાથે રાજકોટથી માતાના મઢ જતા હતા તે સમયે નાગડાવાસ પાસે પહોચતા પોતાની કાર રોડ પર સાઈડમાં પાર્ક કરી પાછળની સીટમાં પડેલ સામાન ગોઠવવા માટે ડ્રાઈવર સીટની પાછળનો દરવાજો ખોલી એક પગ કારના અંદરના ભાગમાં તેમજ બીજો પગ રોડ પર રાખી સામાન ગોઠવતા હતા તે સમયે એક અજાણયા ટ્રકના ચાલકે ફરિયાદીને હડફેટે લઈને નાસી છુટેલ. જેમા ફરિયાદીને હાથમાં તેમજ બંને પગમાં ઈજાઓ થયેલ અને સારવાર દરમ્યાન જમણો પગ સાથળના ભાગથી કાપવો પડેલ જે અંગેની સારવાર ફરિયાદીએ સ્ટર્લીંગ હોસ્પિટલમાં લીધેલ. વાહનની પોલીસી મુજબ ડ્રાઈવરને કાઈમી ખોડ રહી જાયતો સેડયુલ કાયમીખોટ મુજબ રૂ.૭,૫૦,૦૦૦ ચુકવવા વીમાકંપની જવાબદાર છે. તે મુજબ વીમાકંપનીમાં જે કલેઈમ નોંધાવામાં આવેલ. જે કલેઈમ ના મંજુર કરેલ હતો. ત્યારબાદ ફરિયાદીએ કલેઈમ નામંજુર થયા બાદ રાજકોટ જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગ-રાજકોટમાં રોયલ સુંદરમ જનરલ ઈન્સ્યોરન્સ કંપની સામે કલેઈમ દાખલ કરેલ.

જે દાવામાં અરજદાર તરફે એડવોકેટ અજય કે. જોષીએ કરેલ દલીલો તથા વિવિધ સ્ટેટ કમિશન તેમજ નેશનલ કમિશનના ચુકાદાઓ રજુ રાખેલ તે ધ્યાને લઈને રાજકોટ ગ્રાહક તકરાર નિવારણ દ્વારા માન્ય રાખવામાં આવેલ અને ફરિયાદીની

એડવોકેટઃ અજય જોષી

ફરિયાદ મંજુર કરવામાં આવેલ.

આ અકસ્માતમાં ફરિયાદીને રકમ રૂ.૭,૫૦,૦૦૦ ૬% વ્યાજ સાથે ચુકવવા રાજકોટ જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગ (મુખ્ય) દ્વારા હુકમ કરેલ છે. આ કેસમાં ફરિયાદી વતી અજય કે. જોષી (એડવોકેટ), પ્રિયાંક જે. ભટ્ટ (એડવોકેટ), પ્રદિપ આર. પરમાર રોકાયેલ હતા.

ગુણવંતભાઈ ડેલાવાળા પરિવારને ત્યાં ફુલફાગનો મનોરથ ઉજવાયો

બાલકૃષ્ણ લાલજી હવેલીના કિર્તનકારોએ હોલીના રસિયા ગાઈને સૌને મંત્ર મુગ્ધ કર્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨૮

કંસારા મોંઘીબેન કસ્તુરચંદ ડેલાવાળા પરિવારને ત્યાં તા.૨૬ રવિવારનાં રોજ ગુણવંતભાઈ ડેલાવાળાનાં નિવાસ સ્થાને પુ.પા.ગૌ. વ્રજેશકુમાર મહોદયની હાજરીમાં હોલીના રસિયાનો ભવ્ય ફુલફાગ મનોરથ ઉજવણી કરવામાં આવેલ હતી.

આ મનોરથમાં રંગબેરંગી ફુલોથી પરિવારના સભ્યો તેમજ આમંત્રિતોએ હોલી ઉત્સવ મનાવ્યો હતો.આ પ્રસંગે રાજકોટની સુપ્રસિદ્ધ બાલકૃષ્ણ લાલજી હવેલીના કિર્તનકારોએ ભવ્ય હોલીનાં રસિયા ગાઈને પરિવારના સભ્યોએ રાસ લઇ અને ફુલો ઉડાવી અને બહુ આનંદ લીધેલ હતો.

પુ.પા.ગૌ.વ્રજેશકુમાર મહોદયનું ફુલો દ્વારા વજુભાઈ વાળા તેમજ ડેલાવાળા પરિવારના સભ્યોએ અભિવાદન કરેલ હતું. બાવાશ્રીએ તમામ મહેમાનોને ઉપરણા ઓઢાડીને સન્માન કરેલ હતું.

આ પ્રસંગે ડેલાવાળા પરિવારના તમામ સભ્યો અને વિશેષ આમંત્રિતો વજુભાઈ વાળા, મૌલેશભાઈ પટેલ, કમલેશભાઈ મિરાણી, ધનસુખભાઈ ભંડેરી, ભૂપતભાઈ બોદર, કશ્યપભાઈ શુક્લ, ખોડીદાસભાઈ પટેલ, જીતુભાઈ ચંદારાણા, હરેશભાઈ લાખાણી, રાકેશભાઈ પોપટ, જગદીશભાઈ ડોબરિયા, કાલુભાઈ ફુલવાળા,ડો. રાજેશભાઈ પટેલ, ડો.ચંદાબેન શાહ,ડેલાવાળા પરિવારના ડાયાભાઈ, પ્રવીણભાઈ,જયસુખભાઈ, કેતનભાઈ,દિપભાઈ વગેરે હાજર રહેલ હતા તેમ ગુણવંતભાઈ ડેલાવાળા પ્રમુખ સરગમ ક્લબએ એક યાદીમાં જણાવ્યું હતું.

હિરાસર એરપોર્ટના ટેસ્ટિંગ માટે કાલે ફ્લાઈટ આવશે

કેલિબ્રેશન ફ્લાઈટ આવ્યા બાદ ટ્રાયલ શરૂ કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ.તા.૨૮

રાજકોટની ભાગોળે હિરાસરમાં આકાર લઈ રહેલા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ માટે હવે ટેસ્ટિંગની કાર્યવાહી શરૂ કરાઈ છે. બુધવારે દિલ્હીથી ખાસ કેલિબ્રેશન ફ્લાઈટ રાજકોટ પહોંચશે અને બીજા દિવસથી એટલે કે ૨ અને ૩ માર્ચે ટ્રાયલ લેન્ડિંગ થશે. આ ટ્રાયલમાં સફળતા મળ્યા બાદ ડીજીસીઆઈ એરપોર્ટને મંજૂરી આપતા ડોમેસ્ટિક એરપોર્ટ શરૂ કરવામાં આવશે. હિરાસર એરપોર્ટમાં હાલ રન વેનું કામ પૂર્ણ થયું છે અને નવું ટર્મિનલ ન બને ત્યાં સુધી ટેમ્પરરી ટર્મિનલ વાપરવામાં આવશે તે પણ કામ અંતિમ તબક્કામાં છે. આ કારણે એપ્રિલ સુધીમાં જ એરપોર્ટ ચાલુ કરવા પ્રયત્નો થઈ રહ્યા છે. આ માટે ટ્રાયલ લેન્ડિંગ મહત્ત્વનો તબક્કો છે. હાલ રન વે પર જે કેટ લાઈટ નખાઈ છે તે યોગ્ય રીતે કામ કરે છે. કે નહિ તેમજ વિસ્તારમાં હજુ પણ ઘણી પવનચક્કીઓ અને હાઈ વોલ્ટેજ લાઈન નડતરરૂપ છે કે નહિ તે ચકાસાશે. લેન્ડિંગ કરાવ્યા બાદ રન વે પરથી ફ્લાઈટ ટેકઓફ કરાવીને રન વેના છેડે નદી ઉપર બનાવેલું બોક્સ કલ્વર્ટ કેવું કાર્યક્ષમ છે તે સહિતની બાબતોની ચકાસણી કરાતા બે દિવસ સુધી એરપોર્ટ ઓથોરિટી, ડીજીસીઆઈ અને વહીવટી તંત્રના અધિકારીઓ હિરાસર ધામા નાખશે.

માઇક્રોબાયોલોજી વિષયમાં પ્રાકૃતિક તેમજ ગૌ આધારિત

ખેતીમાં મદદરૂપ સંશોધન કરી તેજસ ગોરસીયા પી.એચ.ડી થયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

રાજકોટ શહેર ભાજપ મીડીયા વિભાગના સહ કન્વીનર તેમજ આત્મીય યુનિવર્સિટીના વિદ્યાર્થી તેજસ ગોરસીયા દ્વારા માઇક્રોબાયોલોજી વિષયમા પ્રાધ્યાપક ડો. નિલકંઠ ફળદુના માર્ગદર્શન હેઠળ મહાનિબંધ રજૂ કરી અને પી એચ. ડી ની પદવી મેળવી હતી જે બદલ તેઓને ચોમેર થી (મો.નં. ૬૩૫૫૮ ૬૧૪૨૯) પર શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે. વધુમાં તેજસ દ્વારા જણાવવા માં આવ્યુ હતું કે, તેઓએ માઇક્રોબાયોલોજીમાં પ્રાકૃતિક ખેતી ઉપર પોતાનું સંશોધન કર્યું હતું જેમાં તેઓએ ફલોના કચરાને ગૌ આધારિત બેક્ટેરિયાની મદદથી જૈવિક ખાતરમાં રૂપાંતર કરી અને તેનો ઉપયોગ પ્રાકૃતિક ખેતી માટે કર્યો હતો. આ ઉપરાંત તેઓએ તેમાં અગ્નિહોત્ર યજ્ઞનો પણ ઉપયોગ કર્યો હતો. જેથી તેમને ખૂબ સારું પરિણામ મળ્યું હતું. આ સંપૂર્ણ સંશોધન કાર્યમાં તેઓને તેમના પ્રાધ્યાપક ડો. નિલકંઠ ફળદુ તેમજ આત્મીય યુનિવર્સિટી દ્વારા ખૂબ સહયોગ મળ્યો હતો અને ગુજરાત સરકાર દ્વારા ચાલતી શોધ સ્કીમનો પણ લાભ મળ્યો હતો.

વોર્ડ નં.૨માં ડામર રી-કાર્પેટ કામનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય ડો.દર્શિતા શાહ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

વોર્ડ નં.૨માં આવેલ ચીનોઈ માર્ગ પર ડામર રી-કાર્પેટ કામનું ખાતમુહૂર્ત શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી તથા ધારાસભ્ય ડો.દર્શિતા શાહના હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે સ્થાયી સમિતિના સભ્ય તથા વોર્ડ નં.૨ના કોર્પોરેટર મનિષભાઈ રાડીયા તથા જયમીનભાઇ ઠાકર તથા વોર્ડ નં.૨ના કોર્પોરેટર મીનાબા જાડેજાના, પ્રભારી મનુભાઈ વઘાસીયા, પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ, મહામંત્રી દશરથભાઈ વાળા તથા ભાવેશભાઈ ટોયટા, શહેર ભાજપ મંત્રી દિપાબેન કાચા, પૂર્વ કોર્પોરેટર જસુમતીબેન વસાણી, ધર્મેન્દ્રભાઈ મીરાણી, વોર્ડ અગ્રણી અજયસિંહ જાડેજા, ગુલાબસિંહ જાડેજા, જોરાવરસિંહ ઝાલા, જયરાજસિંહ જાડેજા, જે.ડી.ઉપાધ્યાય, અતુલભાઈ નથવાણી, ધૈર્યભાઈ પારેખ, જયંતિભાઈ બુધેલીયા, પંકજભાઈ જોષી, પુષ્પકભાઈ જૈન, પ્રદિપભાઈ દેશોય, ભરતભાઈ કાઠી, મીત ગાંધી, ભીખુભાઈ જારીયા, જયભાઈ દવે, ધવલભાઈ કાચા, વોર્ડ મહિલા મોરચા મહામંત્રી પલ્લવીબેન ચૌહાણ તથા અગ્રણી માધવીબેન ઉપાધ્યાય, હેતલબેન કાઠી, દક્ષાબેન વાઘેલા તેમજ બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા. (૧૩)

મહિલા સશક્તિકરણ અભિગમ અંતર્ગત

સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઇ

સુરત, તા.૨૮

પ્રવર્તમાન સમયમાં રમત-ગમત જેવાં ક્ષેત્રોમાં પણ મહિલાઓએ પોતાની ક્ષમતા પુરવાર કરી રહી છે. આ હકીકતને વેગ આપવા તથા મહિલા ઉત્થાન અને સન્માનના શુભ હેતુસર સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન ઓલપાડ તાલુકાનાં માસમા ગામ સ્થિત **HNV** ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું.

આગામી મહિલાદિનની ઉજવણીના ભાગરૂપે યોજાયેલ. આ ટુર્નામેન્ટમાં સુરત જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતી શિક્ષિકા બહેનોએ ઉત્સાહ અને ગૌરવભેર ભાગ લીધો હતો. સ્ત્રી સશક્તિકરણ કપ-૨૦૨૩ નામક આ ટુર્નામેન્ટ કુલ સાત ટીમો (ચોર્યાસી, પલસાણા, ઉમરપાડા, ચોર્યાસી, ઓલપાડ, મહુવા, કામરેજ) વચ્ચે રમાડવામાં આવી હતી. આ ટૂર્નામેન્ટમાં તમામ લીગ મેચોનાં અંતે પ્રથમ સેમિફાઇનલ ઓલપાડ અને પલસાણા વચ્ચે રમાઇ હતી. જેમાં ઓલપાડની ટીમ વિજેતા બની હતી. જયારે બીજી સેમિફાઇનલ મહુવા અને કામરેજ વચ્ચે રમાઇ હતી, જેમાં કામરેજની ટીમ વિજેતા બની હતી.

અંતમાં ફાઇનલ મેચ ઓલપાડ અને કામરેજ વચ્ચે રમાઇ હતી. આમ ઓલપાડની ટીમનો ૧૦ વિકેટે ભવ્ય વિજય થયો હતો. ફાઇનલ મેચમાં બેસ્ટ બોલર તરીકે પ્રિતિ પટેલ (અટોદરા), બેસ્ટ બેટ્સવુમન તરીકે અનુરાધા પટેલ (લસકાણા) જ્યારે વુમન ઓફ ધ સીરીઝનો ખિતાબ નેહલ મહિડા (કીમ)એ મેળવ્યો હતો. ચેમ્પિયન ટીમ તથા રનર્સઅપ ટીમને ઉપસ્થિત મહેમાનોનાં હસ્તે ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી.

ભજનાનંદી ગ્રુપ દ્વારા વાણંદ જ્ઞાતિની ૫ દિકરીના સમૂહલગ્ન યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

ભજનાનંદી ગ્રુપ, રાજકોટના દિલીપભાઈ ગોહેલ, ચંદ્રેશ છત્રોલા તેમજ મીડીયા ઈન્ચાર્જ રાજ ધામેલીયાની એક અખબારી યાદીમાં જણાવાયું છે કે આગામી તા.૨૨/૫/૨૦૨૩ના રોજ શહેરના માધાપર ચોકડીથી બેડી ચોકડીની વચ્ચે મેરી ગોલ્ડ કોમ્પલેક્ષની પાછળ, એ.ડી.પી. હોટલની સામે, રેલનગર ખાતે વાણંદ સમાજની ૫ દીકરીઓના સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવેલ છે.

જેમાં દીકરીઓને વિવિધ ૧૧૧ ચીજવસ્તુનો કરીયાવર દેવામાં આવશે. તો આ વાણંદ જ્ઞાતિના સમૂહ લગ્નમાં વર-કન્યાના વાલીને લાભ લેવા દિલીપભાઈ ગોહેલ (મો. ચંદ્રેશ નં.૮૧૨૮૩ ૯૮૨૪૧), રાજ ધામેલીયા (મો.નં.૮૩૨૦૦ ૦૫૬૯૬)નો સંપર્ક કરવા જણાવાયું છે.

વાચકોએ નોંધ લેવી
કે કોઈપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

બુકશેલ્ફ આયોજિત એક વિષય પરના ૨૩ પુસ્તકોનો ભવ્ય લોકાર્પણ સમારોહ યોજાયો

અમદાવાદ, તા.૨૮

બુકશેલ્ફ - ગુજરાત સાહિત્ય અકાદમી અને શબ્દ આયોજીત એકી સાથે એક વિષય પરના ૨૩ પુસ્તકોનો ભવ્ય લોકાર્પણ સમારોહ મેડિકલ એસોસિએશન હોલ, અમદાવાદ ખાતે યોજાઇ ગયો. સુખ્યાત સર્જક ભાગ્યેશ જહા અને અકાદમીના મહામાત્ર ડો. જયેન્દ્રસિંહ જાદવે શુભેચ્છા પાઠવી હતી. ગુજરાતના જાણીતા સાહિત્યકારોએ ભાગ લીધો હતો.

વિશ્વપ્રસિદ્ધ કલામર્મજ્ઞ સી. બી. પટેલ(લંડન) અને બુકશેલ્ફના સર્જક હિરેન શાહ અતિથિવિશેષ તરીકે હાજર રહ્યા હતા. આઝાદીના ૭૫ વર્ષનું સરવૈયું લલિત ખંભાયતા, હર્ષ મેસવાણિયા, રક્ષા શુક્લ, પરીક્ષિત જોશીએ રજૂ કર્યું હતું. પ્રદીપ ત્રિવેદી, જયવંત પંડ્યા, દિવ્યેશ વ્યાસ, નિરાલી બદિયાણી, કાશ્યપી મહા અને સુરેશ શ્રોફએ આઝાદીના અમૃત મહોત્સવની પ્રસ્તુતતા સંદર્ભે વક્તવ્ય આપ્યું હતું.

જાણીતા ગાયિકા માયા દીપક અને ડો. કૃતિ મેઘનાથીએ દેશભક્તિનાં ગીતો રજૂ કર્યા હતાં. લોકપ્રિય લેખક રાજ ભાસ્કરે ભાવવાહી શૈલીમાં સંચાલન અને જાણીતા કવિ હરદ્વાર ગોસ્વામીએ સુચારુ સંકલન કર્યું હતું. મોટી સંખ્યામાં ભાવકો ઉપસ્થિત રહ્યા હતા.

આગામી ૨૫ મી માર્ચે રાજકોટ રનર્સ એસોસિએશન અને સેલ્ફ ફાઇનાન્સ સ્કૂલ મેનેજમેન્ટ એસોસિએશનના સંયુકત ઉપક્રમે

સૌરાષ્ટ્રમાં પ્રથમવાર ડ્રગ્સના સેવન વિરૂધ્ધ જાગૃતતા લાવવા નાઇટ હાફ મેરેથોનનું ભવ્ય આયોજન

રાજકોટ, સૌરાષ્ટ્ર ઉપરાંત દેશભરમાંથી ૧૦,૦૦૦ જેટલા સ્પર્ધકો મેરેથોનમાં ભાગ લેશે તેવી અપેક્ષાઃ વિજેતાઓને વિવિધ કેટેગરીઓ મુજબ રૂ. ૭ લાખથી વધુના ઇનામો અપાશેઃ સ્પર્ધાના બે દિવસ પહેલા રાજકોટમાં દેશભરમાંથી આવેલી નામી કંપનીઓ દ્વારા એકસપો યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

રાજકોટ રનર્સ એસોસિએશન અને સેલ્ફ ફાઇનાન્સ સ્કૂલ મેનેજમેન્ટ એસોસિએશનના સંયુકત ઉપક્રમે સૌરાષ્ટ્રમાં પ્રથમ વાર ડ્રગ્સના સેવન વિરૂધ્ધ જાગૃતતા લાવવાના શુભ આશય સાથે આગામી તા. ૨૫ માર્ચના રોજ રાજકોટમાં નાઇટ હાફ મેરેથોનનું ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે. વર્તમાન સમયમાં યુવા વર્ગમાં વધતા જતા ડ્રગ્સના સેવનની વિરૂધ્ધમાં અને સ્વાસ્થ્ય અંગે સજાગતા લાવવા માટે સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત રાજકોટના રસ્તાઓ ઉપર દોડવીરો માટે આયોજન થવા જઈ રહ્યું છે જે રાજકોટવાસીઓ માટે ગૌરવની બાબત છે.

કાર્યક્રમના મુખ્ય આયોજક રાજકોટ રનર્સ એસોસિએશને ગુજરાત અને દેશમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત એલીટ લોકોનું ગ્રુપ છે. જેઓ રાજકોટ અને દેશમાં રમત-ગમત અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતતા લાવવા વિવિધ ઇવેન્ટ અને કાર્યક્રમોના આયોજનો સમયાંતરે કરતા રહે છે. આ અંગે વધુ જણાવતા રાજકોટ રનર્સ એસોસિએશનના સેક્રેટરી ડો. દેવેન્દ્ર રાખોલીયા જણાવે છે કે, રાજકોટમાં નાઇટ હાફ મેરેથોનનું આયોજન સૌરાષ્ટ્રમાં કદાચ પ્રથમવાર થવા જઈ રહ્યું છે. આવી મોટી ઇવેન્ટનું આયોજન રાજકોટ રનર્સ એસોસિએશન માટે પણ મોટી સિદ્ધિ છે.

આ મેરેથોન થકી રાજકોટ, સૌરાષ્ટ્ર જ નહીં પરંતુ દેશભરમાંથી આવતા દોડવીરો અને રાજકોટના રહેવાસીઓ માટે સાથે મળી સ્વાસ્થ્ય અને ડ્રગ્સના સેવન વિરૂદ્ધ સમાજમાં જાગરૂકતા લાવવા માટે એકમંચ પર આવવું તે પણ મોટી ઉપલબ્ધિ સમાન બની રહેશે. અમારી અપેક્ષા ૧૦,૦૦૦ લોકો આ ઇવેન્ટમાં ભાગ લે તેવી છે અને તે માટે અમે દેશના વિવિધ રનર્સ કલબ અને ગ્રુપનો સંપર્ક કરી રહ્યા છીએ. ઉપરાંત વિવિધ માધ્યમો થકી લોકોને આ ઇવેન્ટ વિશે જાણ થશે તો આ યુનિક ઇવેન્ટમાં ભાગ લેવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડશે તેવી અમને આશા છે. આ હાફ મેરેથોન સાથે ફન રન રાખવામાં આવી નથી તેથી મીનીમમ ૧૦ કી.મી.ની ડ્રીમ રન રહેશે. આમા ભાગ લેવા ૧૪ વર્ષથી મોટી ઉમરના શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, યુવાઓ અને તમામ ફિલ્ડના રનર્સ ભાગ લઈ શકશે. આ મેરેથોન અન્ય મોટી મેરેથોનના ધારાધોરણ અનુસાર જ યોજાશે જેથી અહીં નોંધાયેલા રેકોર્ડસ દેશની અન્ય મેરેથોનમાં પણ માન્ય ગણાશે. દરેક સ્પર્ધકને ટી-શર્ટ અને આર.એફ.આઇ.ડી. સહિતની કીટ અપાશે. આર.એફ.આઇ.ડી.દ્વારા દરેક સપર્ધકનું રીયલ ટાઇમ મોનીટરીંગ અને તેના સ્ટાર્ટ અને એન્ડ ટાઇમીંગ ચોક્કસપણે કોમ્પયુટર સિસ્ટમમાં આવી જશે. જેથી હાફ મેરેથોનની પૂર્ણાહુતી સમયે વિજેતાઓ તુરંત જ નક્કી કરી શકાશે. વિજેતાઓને મેઇલ-ફીમેઇલની વિવિધ ઉમર મુજબની કેટેગરીઓ અનુસાર રૂ. ૭ લાખથી વધુના ઇનામો અપાશે. સંપૂર્ણ આયોજનમાં રાજકોટ મહાનગરપાલીકા અને રાજકોટ પોલીસ દ્વારા પૂર્ણ સહયોગ આપવામાં આવશે જે માટે આયોજકો તેમના આભારી છે. આ ઇવેન્ટ ફીટ ઇન્ડીયા અને આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીનો પણ ભાગ બની રહેશે. આયોજકો આ ઇવેન્ટ સાથે સ્પોન્સર તરીકે જોડાવા માંગતા હોય તેમને આવકારે છે.

આ સ્પર્ધાનું પ્રોફેશનલ મેનેજમેન્ટ દેશના જાણીતા ડો. રાહુલ શર્મા સ્થાપિત સાઇરન્સ, ફીટનેસ ફોર ઓલ કંપની દ્વારા કરવામાં આવશે. આ સ્પર્ધાના મુખ્ય પ્લેટીનમ સ્પોન્સર તરીકે ડો. નિતિન લાલ સંચાલીત મનન ઇન્સ્ટીટયુટ ફોર ફર્ટીલીટી મેનેજમેન્ટ એન્ડ ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર રહેશે. સ્પર્ધાના બે દિવસ પહેલા રાજકોટમાં દેશભરમાંથી આવેલી નામી કંપનીઓ દ્વારા રેસકોર્ષ મેદાનમાં બે દિવસીય એકસપોનું આયોજન કરાશે. જેમાં રનર્સને લગતી, રમત-ગમતને લગતા, હેલ્થ અવેરનેસ અને બોડી કેરને લગતી વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરાશે. આ એકસપો દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોના પણ આયોજન થશે.

આ નાઇટ હાફ મેરેથોનના અયોજનને સફળ બનાવવા રાજકોટ રનર્સ એસોસિએશનના પ્રમુખ ડો.અજીતસિંહ વાઢેર, સેક્રેટરી ડો. દેવેન્દ્ર રાખોલીયા, સહિતના જહેમત ઉઠાવવામાં આવી રહી છે. (૧૩)

હજારો વૈષ્ણવોના આસ્થાધામ VYO શ્રીનાથધામ હવેલી ખાતે

વ્રજરાજકુમારજી મહોદયના સાનિધ્યમાં ફૂલફાગ હોલી ઉત્સવ ઉજવાયો

ઉત્સવ દરમ્યાન ૧૫૦ વૈષ્ણવો બ્રહ્મસંબંધથી જોડાયાઃ નવેમ્બર માસમાં યોજાનાર વ્રજયાત્રામાં જોડાવા વૈષ્ણવોને પૂ.વ્રજરાજકુમારજીનું આહવાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

રાજકોટમાં નાના મવા મુખ્ય માર્ગ પર સ્પીડવેલ પાર્ટી પ્લોટ સામે આવેલ **VYO** શ્રીનાથધામ હવેલી ખાતે વ્રજરાજકુમારજી મહોદયની મંગલ ઉપસ્થિતિ અને પ્રેરક સાંનિધ્યમાં ફૂલફાગ હોલી રસિયા ઉત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો. આ દિવ્ય પ્રસંગે હજારો વૈષ્ણવો સત્સંગ અને હોલી રાસલીલા દર્શનના દોહરા મનોરથથી લાભાન્વિત થયા હતા.

VYO ના મીડિયા ઈન્ચાર્જ જીતેનભાઈ સોની આ અનોખા ઉત્સવની વિગતો આપતા જણાવે છે કે, આ ઉત્સવના પ્રારંભે **VYO** ના ટ્રસ્ટી અને નિર્માણાધીન કૃષ્ણ સંસ્કાર વર્લ્ડના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણીએ ઉપસ્થિત સર્વેનું સ્વાગત કર્યું હતું.

મહામંત્રી જગદીશભાઈ કોરડિયાએ પ્રાંસગિક પ્રવચન કર્યું હતું. ભાવેશભાઈ શાસ્ત્રીજી અને અશોકભાઈ રાણપરાની કિર્તન મંડળીના મધુર સૂરે વૈષ્ણવો મનભરીને નાખ્યા હતા.

આ મંગળા મહોત્સવમાં વૈષ્ણવ પરિવારોએ વિશાળ સંખ્યામાં હાજરી આપી હતી તથા **VYO** ના પદાધિકારીઓ જયેશભાઈ વાછાણી (પ્રભારી), પાર્થ કનેરિયા (પ્રમુખ), જયોતિબેન ટીલવા (મહિલા વીંગ પ્રમુખ) તથા વિવિધ વીંગના પ્રમુખો મિતલભાઈ શાહ, દરેક ઝોનના પ્રમુખો તેમજ **VYO** ની બધી જ કમિટીના સભ્યોએ પરિવાર સાથે હાજરી આપી હતી.

વિવિધ ક્ષેત્રના સન્માનનીય મહાનુભાવો **VYO**ના વિવિધ હોદ્દેદારો જગદીશભાઈ કોરડીયા, અશોકભાઈ શાહ, કિશોરભાઈ ભાલાળા, રમેશભાઈ જીવાણી, મનસુખભાઈ ઝાલાવાડિયા, હિતેષભાઈ ગૌઢા, કમલેશભાઈ ધાધરા, પુનિત ચોવટીયા, નાથવભાઈ કાલરિયા, કૌશિકભાઈ રાબડિયા, રમેશભાઈ ટીલારા, જે.ડી. કાલરિયા, નીતિનભાઈ પટેલ (અમદાવાદ) હેમંતભાઈ પટેલ **VYO** ના સાઉથ ઝોનના પ્રમુખ સેંજલિયા, હસમુખભાઈ રાણપરા, પલ્લીબેન દેલવાડીયા, સાઉથ ઝોનના પ્રમુખ મકાતી તથા શ્રીનાથધામ હવેલી વૈષ્ણવ સંસ્થાના મીડિયા ઈન્ચાર્જ જીતેનભાઈ સોની સૌએ ઉત્સવને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

૬ વર્ષની બાળકી સાથે શરીરે અડપલા કરી હત્યા નીપજાવવાના ગુન્હામાં આરોપીનો નિર્દોષ છુટકારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

કાલાવડ રોડ પર ચાલતી બિલ્ડીંગની સાઈટમાં કામ કરતા મજુર પરીવારની ૬ વર્ષની બાળા ઘરની બહરા રમતી હતી ત્યારે આજ સાઈટમાં મજુરી કામ કરતા કાળુ ઉર્ફે વિક્રમ ડામોર તેને નાસ્તાની લાલચ આપી પોતાની રૂમમાં લઈ ગયેલ હતો ત્યારબાદ બાળા સાથે અડપલા કરવાના શરૂ કરેલ આ સમયે બાળકીએ ડેકારો કરતા આરોપીએ બાળકીનું ગળું કાપી બાળકીની હત્યા નીપજાવી તેની લાશને કોથળીમાં નાખી અને ઓરડીમાં જ છુપાવી ત્યાથી નાસી ગયેલ હતો. ત્યારબાદ બાળકીની લાશ મળી આવતા તરત પોલીસને જાણ કરતા આરોપી મળતા પોલીસને ખ્યાલ આવેલ કે આરોપીએ રાજસ્થાનમાં પણ હત્યા કરેલ છે અને તે કેસમાં તેને આજીવન કારાવાસની સજા થયેલ છે અને ત્યાની જેલમાંથી ફરાર થઈ તેણે ગુન્હાને અંજામ આપેલ છે આ પછી પોલીસે તપાસના અંતે આરોપી સામે ચાર્જશીટ કોર્ટમાં ફાઈલ કરેલ. આ કેસ ચાલવા પર આવતા આરોપીના વકીલે કરેલ તમામ દલીલોથી સહમત થઈ અને રાજકોટની પોકસો અદાલતે આરોપી કાળુ ઉર્ફે વિક્રમ ડામોરને બાળકીને શારીરીક જાતીય સતામણી કરી બરબરતાપૂર્વક હત્યા નીપજાવવાના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો આદેશ કરેલ હતો.

વોર્ડ નં.૧૧માં રૂ.૯૭ લાખના ખર્ચે વોટર પાઈપલાઈન કામનું ખાતમુહુર્ત કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

વોર્ડ નં.૧૧માં કોર્પોરેટરના સતત પ્રયત્નથી જુદા જુદા વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાના કામો થઈ રહ્યા છે. જેના અનુસંધાને વોર્ડ નં.૧૧ રંગોલી આવાસ તથા નવા રીંગ રોડ સુધીના ટી.પી.રોડ પર રૂ.૯૭ લાખના ખર્ચે ૧૨૦૦ એમ.એમ.ની સ્ટોર્મ વોટર પાઈપલાઈન નાખવાના કામનું ખાતમુહુર્ત કોર્પોરેટર વિનુભાઈ સોરઠીયા, રણજીતભાઈ સાગઠીયા, લીલુબેન જાદવ તથા વિધાનસભા-૭૧ના પૂર્વ ઇન્ચાર્જ રાજુભાઈ બોરીચાના હસ્તે કરવામાં આવ્યું.

આ અવસરે વોર્ડ પ્રમુખ સંજયભાઈ પીપળીયા, કિશાન મોરચાના પ્રમુખ ભરતભાઈ શિંગાળા, બક્ષીપંચ મોરચાના પ્રમુખ ધર્મેશભાઈ સોલંકી, અગ્રણી ફર્નાન્ડીઝ પાડલીયા, મુકેશભાઈ પંડીત, રાજુભાઈ સાવલીયા, કિશનભાઈ જોગસવા, જયંતિભાઈ મેઘાણી, ગોવિંદભાઈ વિરડીયા, નરેશભાઈ ત્રાડા, બાવનજીભાઈ કોઠીયા, મોનુભાઈ મુંગરા, મયુરીબેન ભાલારા, પીનાબેન સુરેજા, જયશ્રીબેન રાઠોડ, દિલ્પાબેન રાજપુત, સવિતાબેન રામાણી, રાયધનભાઈ કુંભારવાડીયા, જસવંતસિંહ પરમાર, સુરેશભાઈ પરસાણીયા તથા રંગોલી આવાસના ભાઈઓ તથા બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (૧૩)

શહેરની હાઇરાઇઝ બિલ્ડીંગમાં સ્થાનિક રહેવાસીઓને ફાયર સેફટી અંગે મોકડ્રીલ અને તાલીમ અપાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

રાજકોટ મહાનગરપાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઇરાઇઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતી માટે ગઇકાલના રોજ શ્રીજી એકઝોટીકા - એ + બી + સી, કસ્તુરી એવીયરી સામે, જીવરાજ પાર્ક, રાજકોટ ખાતે ચીફ ફાયર ઓફીસર આઇ. વી. ખેર અને ડે. ચીફ ફાયર ઓફીસર બી. જે. ઠેબાના સુપરવિઝન હેઠળ ફાયર સેફટી અંગે મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ હતું.

આ બાબતે વધુને વધુ લોકો ભાગીદાર થાય અને ફાયર સેફટીની તાલીમ મેળવે જેથી આપણા ગૌરવશાળી રાજકોટને વધુ ને વધુ સુરક્ષીત બનાવવા આગળ આવે તેવો જાહેર જનતાને અનુરોધ કરવામાં આવે છે.

જે બિલ્ડીંગ દ્વારા પોતાની બિલ્ડીંગમાં મોકડ્રીલ આયોજન કરવા સ્વૈચ્છીક અરજી કરશે તેમને પહેલી તક આપવામાં આવશે. (૧૩)

કચ્છ-ધોરડો સફેદ રણ ખાતે પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાની પ્રદેશ કારોબારીનો પ્રારંભ કરાવતા ઉદય કાનગડ

બક્ષીપંચ મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ સાગર રાયકા, મોરચાના પૂર્વ અધ્યક્ષ અને રાજયસભાના સાંસદ દિનેશ અનાવડીયા, બક્ષીપંચ મોરચાના પ્રદેશ મહામંત્રી મયંક નાયક, ડો. સનમ પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

વિધાનસભા-૬૮, રાજકોટ (પૂર્વ) ના ધારાસભ્ય ઉદય કાનગડની યાદીમાં જણાવાયું છે કે, ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા વિવિધ મોરચાની કારોબારી યોજાઈ રહી છે તે અંતર્ગત બક્ષીપંચ મોરચાની કારોબારી કચ્છ-ભુજ ધોરડો સફેદ રણના ટેન્ટ સિટી ખાતે યોજાઈ હતી.

આ તકે પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ અને રાજકોટ (પૂર્વ) બેઠકના ધારાસભ્ય ઉદય કાનગડએ દિપ પ્રાગટય કરી આ કારોબારી બેઠકનો પ્રારંભ કરાવેલ હતો. આ કારોબારી બેઠકમાં બક્ષીપંચ મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ સાગર રાયકા, મોરચાના પૂર્વ અધ્યક્ષ અને રાજયસભાના સાંસદ દિનેશ અનાવડીયા, બક્ષીપંચ મોરચાના પ્રદેશ મહામંત્રી મયંક નાયક, ડો. સનમ પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ તકે વિધાનસભા-૬૮ના રાજકોટ (પૂર્વ) બેઠકના ધારાસભ્ય બન્યા બાદ પહેલી વાર પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાની કારોબારી યોજાઈ રહેલ હોય ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ઉદય કાનગડનું ફુલહારથી ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ તકે પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાની કારોબારીમાં ઉદય કાનગડ, સાગર રાયકા, દિનેશ અનાવડીયા સહિતના અગ્રણીઓએ વિવિધ વિષયો, સંગઠનાત્મક બાબતો તેમજ કેન્દ્ર અને રાજયની ભાજપ સરકારની તમામ લોકહીતકારી યોજનાઓનો લાભ ઓબીસી સમાજને વધુમાં વધુ મળે તે અંતર્ગત વિષદ માર્ગદર્શન પુરૂ પાડયું હતું.

'સુજલામ સુફલામ જળસંચય અભિયાન' અતંર્ગત

જેતપુર તાલુકામાં વિવિધ ચેકડેમોનું રીપેરિંગ-ડીપનિંગ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨૮

ગુજરાતની ધરતીના જળના તળ વધુ સમૃદ્ધ કરવા અને ગુજરાતમાં જળક્રાંતિના સર્જન માટે રાજય સરકારે 'સુજલામ સુફલામ જળસંચય અભિયાન' શરૂ કર્યું છે.જે અંતર્ગત જળસંચયને લગતી વિવિધ કામગીરી વેગવાન બની રહી છે, ત્યારે રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકામાં હાલ છ જેટલા ચેકડેમોની ઓળખ કરી તેમને ઊંડા ઉતારવાની તેમજ રીપેરિંગની કામગીરીનું સઘન આયોજન કરવામાં આવી રહ્યું છે. રાજકોટ સિંચાઈ પ્રોજેક્ટ વિભાગ-જેતપુરના નાયબ કાર્યપાલક ઈજનેર વાય.ડી. ભુવાના જણાવ્યા પ્રમાણે, હાલના તબક્કે જેતપુર તાલુકામાં વિવિધ ચેકડેમોની ઓળખ કરાઈ છે.જેમાં દેવકીગાલોળ ગામના એક ચેકડેમનું ડીપનિંગ તેમજ રીપેરિંગ કરાશે.

થાણાગાલોળ ગામના અન્ય એક ચેકડેમનું રીપેરિંગ થશે. જ્યારે મોટા ગુંદાળા ગામ પાસેના બે ચેકડેમનું રીપેરિંગ અને ડીપનિંગ કરાશે.અમરાપર ગામ પાસેના બે ચેકડેમનું ડીપનિંગ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે,આ ચેકડેમોના ડીપનિંગનું કામ સંપૂર્ણ લોકભાગીદારીથી કરવામાં આવશે.

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

વિધાનસભા-૬૮, રાજકોટ (પૂર્વ)ના જનસેવા કાર્યાલય ખાતે વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓનો સેવા કેમ્પ યોજાશે

જરૂરીયાતમંદોને સવારે ૯:૩૦ થી સાંજે ૪ દરમ્યાન સેવા કેમ્પનો લાભ લેવા અનુરોધ : ઉદય કાનગડ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

વિધાનસભા-૬૮, રાજકોટ (પૂર્વ) ના ધારાસભ્ય ઉદય કાનગડની એક અખબારી યાદીમાં જણાવાયું છે કે ભારતીય જનતા પાર્ટી અંત્યોદય માટે કામ કરી રહી છે. પં.દીનદયાળ ઉપાધ્યાયએ આપેલ અંત્યોદયની ભાવના ભાજપના નેતૃત્વમાં સાકાર થઈ રહી છે. જેમાં સમાજના છેવાડાના માનવીના ઉત્થાન માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની ભાજપ સરકાર તેમજ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજયની ભાજપ સરકાર કટીબધ્ધ છે અને છેવાડાના માનવીને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે અને સૌનો સાથ, સૌનો વિકાસના મંત્રને મુર્તિમંત કરાયો છે ત્યારે કેન્દ્રને ભાજપ સરકારની વિવિધ લોકહીતકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે વિધાનસભા-૬૮, રાજકોટ (પૂર્વ) ના ધારાસભ્ય ઉદય કાનગડ સતત કાર્યરત છે ત્યારે વિધાનસભા-૬૮ના જનસેવા કાર્યાલય, પેડક રોડ, પાણીના ઘોડા પાસે આવતીકાલે સવારે ૯:૩૦ થી સાંજે ૪ દરમ્યાન કેન્દ્ર અને રાજયની ભાજપ સરકાર દ્વારા અમલમાં મુકાયેલ વિવિધ લોકહિતકારી અને લોકકલ્યાણકારી યોજનાઓ અંતર્ગત સેવા કેમ્પ રાખવામાં આવેલ છે. જેમાં વિવિધ યોજનાઓ જેવી કે સુકન્યા સમૃધ્ધિ યોજના, ૦ થી ૫ વર્ષના નાના બાળકોના નવા આધારકાર્ડ, આધારકાર્ડમાં મોબાઈલ નંબર લિંક, પોસ્ટમાં નવા એકાઉન્ટ ખોલવા, પોસ્ટ દ્વારા દસ લાખ સુધીના અકસ્માત વિમા કવચ યોજના, આયુષ્યમાન કાડ, ઈ-શ્રમકાર્ડ, માનધનકાર્ડ જેવી યોજનાઓનો લાભ મળે તે માટે સેવા કેમ્પનું આયોજન કરવામાં આવેલ હોય. સુકન્યા સમૃધ્ધિ યોજના માટે દિકરીના જન્મનો દાખલો, માતા અથવા પિતાનું આધારકાર્ડ, પિતા અથવા માતાના પાસપોર્ટ સાઇઝના બે ફોટા, નાના બાળકોના આધારકાર્ડ માટે બાળકના જન્મનો દાખલો, માતા-પિતાનું આધારકાર્ડ, આધાર કાર્ડમાં લીંક હોય તે નંબરવાળો મોબાઈલ સાથે રાખવો. મોબાઈલ આધારકાર્ડ સાથે લીંક માટે અને મોબાઈલ નંબર બદલવાનોહોય તે માટે જરૂરી ડોક્યુમેન્ટ માટે પોતાનું આધારકાર્ડ અને મોબાઈલ.તેમજ જેનું આધાર કાર્ડ હોય તેને હાજર રહેવું. આ ઉપરાંત પોસ્ટમાં નવા એકાઉન્ટ ખોલવા માટે તેમજ પોસ્ટ દ્વારા સંપૂર્ણ સુરક્ષિત રૂ.૧૦ લાખનું વિમા કવચનો લાભ લેવા માટે આધારકાર્ડ તેમજ મોબાઈલ સાથે અરજદારને હાજર રહેવાથી પાસબુક આપવામાં આવશે. તેમજ આયુષ્યમાનકાર્ડ માટે આવકનો દાખલો, આધારકાર્ડ, ઈ-શ્રમકાર્ડ માટે આધારકાર્ડ, વારસદારનું આધારકાર્ડ તથા બેન્ક પાસબુક માનધનકાર્ડ માટે આધારકાર્ડ, બેન્ક પાસબુક સહિતના ડોક્યુમેન્ટ સાથે રાખવા જણાવાયું છે. તો જરૂરીયાતમંદોને આવતીકાલે બુધવારે સવારે આ સેવા કેમ્પનો લાભ લેવા ઉદય કાનગડ દ્વારા જાહેર અનુરોધ કરાયો છે. વધુ વિગત માટે ઉદયભાઈ કાનગડ જન સેવા કાર્યાલય, પેડક રોડપ પાણીના ઘોડા પાસે, રાજકોટ. કાર્યાલયના મોબાઈલ નં. ૯૭૨૭૪૬૩૬૯૩ અને ૯૩૭૭૮૨૯૯૯૯ ઉપર સંપર્ક કરવા જણાવાયેલ છે.

એલ.પી.જી.નું ટેન્કર એઈમ્સ બાયપાસ રોડ ઉપર લીક થતા સર્જાઈ મોટી દુર્ઘટનાઃ મોકડ્રીલ જાહેર

ફાયર ટીમ કોર્પોરેશન, ઈમર્જન્સી મેડીકલ સર્વિસ ૧૦૮ની ટીમ,પોલીસ અને વહીવટી તંત્ર સત્વરે પહોંચ્યુઃ મોકડ્રિલમાં સૌથી ઓછા સમયમાં પહોંચીને પોતાની શ્રેષ્ઠ કામગીરી કરનારને કલેક્ટરના હસ્તે સન્માનિત કરાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

આજરોજ જામનગરથી રાજકોટના બોટલીંગ પ્લાન્ટ માટે ગેસ ભરીને આવતું ઈન્ડીયન ઓઈલનું એલ.પી.જી.નું ટેન્કર એઈમ્સ બાયપાસ રોડ ઉપર ગુજરાત ગેસની પાઈપલાઈન અને આઈ.ઓ.સી.એલ.ની સલાયા મથુરા પાઈપ લાઈન નજીક લીક થતા ભારે અફડાતફડી મચી હતી. તાત્કાલીક જ ટેન્કરના ડ્રાઈવરે ૧૦૦ અને ૧૦૧ નંબર સહિત હેડ ઓફિસને ફોન કરીને ટેન્કરમાં લાગેલી આગ વિશે જાણકારી આપતા ફાયર ટીમ કોર્પોરેશન, ઈમર્જન્સી મેડીકલ સર્વીસ ૧૦૮ની ટીમ તથા પોલીસ તંત્ર સત્વરે પહોંચી ગયા હતા.ટેન્કરમાં જ્યાં આગ લાગી હતી ત્યાં જ પી.જી.વી.સી.એલ.ની લાઈન પસાર થતી હોવાથી શોટ-સર્કિટ થવની સંભાવનાના પગલે પી.જી.વી.સી.એલ.ને જાણ કરવામાં આવતા જ તુરંત વિજ પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો.આ સમયે ટેન્કરના ડ્રાઈવરે ફાયર એકસ્ટીન્ગ્વીશરનો સતત મારો ચાલુ રાખ્યો હતો. તે દરમિયાન ફાયર ટીમ કોર્પોરેશન પહોંતી જતા આગ પર કાબુ કરી લેવામાં આવ્યો હતો.તેમજ ટીમના આઈ.ઓ.સી.એલ.ના કર્મચારી દ્વારા સ્પેશ્યલ સુટ પહેરીને ટેન્કરનો લીક થયેલો વાલ્વ વ્યવસ્થિત બંધ કરી દેતા મોટી જાનહાની ટળી હતી.સઘળી કાર્યવાહી પૂર્ણ થયા બાદ ઉપસ્થિતોને જાણ કરવામાં આવી હતી કે આ એક મોકડ્રીલ હતી.

આ સાથે જ કલેક્ટર અરુણ મહેશ બાબુ તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમ પણ ત્યાં ઉપસ્થિત રહી હતી.મોકડ્રીલ પૂર્ણ થતા કલેક્ટરએ જરૂરી સુચનો કર્યા હતા તેમજ સૌથી ઓછા સમયમાં પહોંચીને પોતાની શ્રેષ્ઠ કામગીરી કરનાર વિવિધ વિભાગોના કર્મચારીઓને કલેક્ટરએ એવોર્ડ આપી સન્માનિત કર્યા હતા.

આ તકે પ્રાંત અધિકારી વિવેક ટાંક,સંદિપ વર્મા, મામલતદાર કે.કરમટા,ચીફ જનરલ મેનેજર યોગેશ વિજય,ડેપ્યુટી જનરલ મેનેજર ધર્મેન્દ્ર ખન્ના, મેઈનલાઈન મેનેજર અકીલ પટેલ, ગુજરાત ગેસના વેંકટ સુબ્રમણ્યમ, IOCL માર્કેટિંગ ડેપો મેનેજર સિમ્બાશિવ રાવ,એલ.પી.જી.પ્લાન્ટના વરિષ્ઠ પ્લાન્ટ મેનેજર નિખિલ કુમાર નિરજ સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ મોકડ્રીલ આઈ.ઓ.સી.એલ પાઈપલાઈન રાજકોટ, આઈ.ઓ.સી.એલ એલ.પી.જી, આઈ.ઓ.સી.એલ માર્કેટિંગ વિભાગ, આઈ.ઓ.સી.એલ એ.એફ.એસ, બી.પી.સી.એ.લ એલ.પી.જી પ્લાન્ટ, ગુજરાત ગેસ લિમિટેડ તથા જી.એસ.પી.એલ. ગૌરીદળના સંયુક્ત ઉપક્રમે યોજાઈ હતી.

ધ્રાંગધ્રામાં વિજ્ઞાન દિવસ નિમિતે તપોવન સ્કુલ ખાતે વિજ્ઞાન મેળાનું આયોજન

કુદરતી અને વૈજ્ઞાનીક પધ્ધતિથી જીવન ઉપયોગી કલાકૃતિ રજુ કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

ધ્રાંગધ્રા, તા.૨૮

ધ્રાંગધ્રા ખાતે મંગળવારે વિજ્ઞાન દિવસ દરમિયાન તપોવન સ્કુલ ખાતે વિજ્ઞાન મેળાનું આયોજન કરવામા આવ્યુ હતુ જેમા તાલુકા શિક્ષણ અધિકારી જગદિશભાઈ ભલગામડીયા દ્વારા વિજ્ઞાન મેળાનું ઉદ્ઘાટન કરી ખુલ્લો મુકવામાં આવ્યો હતો. વિધાર્થીઓ દ્વારા કુદરતી અને વિજ્ઞાનના મેળાપણાથી જીવન જરૂરીયાત ચીજવસ્તુની સરળ રીત દર્શાવતો અવનવી કૃતિ રજુ કરાઈ હતી સાથે જ મોરબીના ઝુલતા પુલની પણ કૃતિ રજુ કરાઈ હતી. જેમાં પુલ ફર પર્યટકોની સંખ્યા વધતા જ ધ્વની ઉદભવ થાય જેને લઈ ભવિષ્યના દિવસોમાં ઝુલતા પુલ જેવી દુંઘટના ન બને તે માટેની સુંદર કૃતિ રજુ કરવામા આવી હતી. આ વિજ્ઞાન મેળામાં શહેરની તમામ સ્કુલોના બાળકો નિહાળવા ઉપસ્થિત રહ્યા હતા.

ઓપન ગુજરાત બ્રહ્મસમાજ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભૂદેવ સેવા સમિતિ ચેમ્પિયન

રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, સિટીઝન બેંકના ચેરમેન હારિતભાઈ મહેતા અને ભાવનગર શહેર પ્રભારી કશ્યપભાઈ શુકલના હસ્તે મેળવી ટ્રોફી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

ભૂદેવ સેવા સમિતિના પ્રમુખ તેજસ ત્રિવેદી જણાવે છે કે રાજકોટ બ્રહ્મસમાજ દ્વારા આયોજીત સ્વ. અશ્વિનભાઈ મહેતા કપ-૨૦૨૩ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતભરમાંથી (બાવીસ) બ્રહ્મસમાજની ટીમો આવેલ અને તમામ મેચો નોકઆઉટ રાઉન્ડમાં રમાયેલ જેમાં કવાર્ટર ફાઈનલ, સેમી ફાઈનલ અને ફાઈનલ રાઉન્ડ રવિવારે રેલવે ક્રિકેટ ગ્રાઉન્ડ, જામનગર રોડ ખાતે રમાયેલ હતી.

જેમાં કવાર્ટર ફાઈનલમાં રાણાવાવની પરશુરામ ઈલેવન અને ભૂદેવ સેવા સમિતિ (બીએસએસ ૧૧) વચ્ચે યોજાયેલ જેમાં ભૂદેવ સેવા સમિતિ જીતી આગળના સેમીફાઈનલ રાઉન્ડમાં પ્રવેશી ત્યારબાદ તા.૨૬ ના રવિવારના રોજ સવારે બ્રહ્મસેના, રાજકોટ અને ભૂદેવ સેવા સમિતિની મુકાબલામાં બ્રહ્મસેના રાજકોટને હરાવી ભૂદેવ સેવા સમિતિ ફાઈનલમાં પહોંચી હતી.

ફાઈનલમાં મેન ઓફ ધ મેચ ભૂદેવ સેવા સમિતિ ટીમના હાર્દિક દવે અને મેન ઓફ ધ સીરીઝ હાર્દિક દવે અને બેસ્ટ બેટસમેન ઓફ ધી ટુર્નામેન્ટ હેમલ બક્ષી ભૂદેવ સેવા સમિતિના બનેલ.

ભૂદેવ સેવા સમિતિ ઈલેવન (બીએસએસ ૧૧) માં તેજસ ત્રિવેદી, મિલન જોષી, મેહુલ ભટ્ટ, નિલેશ વ્યાસ, વિઠ્ઠલ રાવલ, હાર્દિક દવે, હેમલ બક્ષી, અમીત ત્રિવેદી, દેવર્શી હાથી, દર્શન રાવલ, ધ્રુવીન છાયા, દર્શન દવે સતત પાંચ રવિવાર ક્રિકેટ રમેલ અને શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું અને ટાઈટલ જીતી ચેમ્પીયન બની.

ચેમ્પિયન ટીમને સમગ્ર ગુજરાતના બ્રહ્મસમાજના

રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, સીટીઝન બેંકના ચેરમેન હારિતભાઈ મહેતા અને ભાવનગર શહેર પ્રભારી કશ્યપભાઈ શુકલના હસ્તે ટ્રોફી આપવામાં આવેલ હતી.

ધ્રાંગધ્રાના રાજસિતાપુર ગામે કારમા હેરફેર કરતા વિદેશી દારૂ સાથે એક ઝડપાયો

૫૫૨૦૦ના વિદેશી દારૂ સહિત કુલ ૨.૧૦ લાખનો મુદ્દામાલ ઝડપાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

ધ્રાંગધ્રા, તા.૨૮

ધ્રાંગધ્રા તાલુકાના રાજસિતાપુર ગામે નજીક દારૂની હેરફેર થતી હોવાની બાતમી જીલ્લા લોકલ કાઇમ બ્રાન્ચના સ્ટાફને મળતા તેઓ દ્વારા વોચ ગોઠવી એક કાળા કલરની સેન્ટ્રો કાર નંબર જીજે ૬ ડી.ક્યુ ૪૮૮૯ વાળીના રોડ પર જ આંતરી લઇ તેમા તપાસ કરતા ૧૨૦ નંગ વિદેશી દારૂની બોટલ કિમત ૫૫૨૦૦ રૂપિયા, કાર ૧.૫૦ લાખ, તથા ચાલક પાસેથી મળેલ મોબાઇલ કિમત રુપિયા ૫૦૦૦ એમ કુલ મળી ૨.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાર ચાલક ધર્મરાજ જીતેન્દ્રભાઇ ડોડીયા ઝડપી લઇ પ્રાથમિક પૂછપરછમાં વિદેશી દારૂ આપનાર મયુરસિંહનું નામ ખોલાવતા બન્ને શખ્સો વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી હતી.

આઈ.ટી.આઈ પેન્શનર્સ કર્મચારી મંડળ દ્વારા હરિદ્વાર ખાતે ભાગવત સપ્તાહનું આયોજન

આશ્રમ ખાતે નિયમિત રાત્રે મહિલાઓ દ્વારા ચાલતા ભજન કીર્તન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૨૮

ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટયૂટ પેન્શનર્સ કર્મચારી મિત્રોના સહયોગથી તા.૨૩ થી ૧ માર્ચ સુધી હરિદ્વાર કંઠલ હરી ગીરી આશ્રમ ખાતે માનવ સમાજને સર્વ સમાજના પિતૃઓના મોક્ષાર્થે સર્વ સમાજના લોકોને જોડતા આ સપ્તાહનો કાર્યક્રમ ચાલી રહ્યો છે.શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞ ખાતે ભાગવતના જુદા જુદા પ્રસંગો રામ જન્મ અને કૃષ્ણ જન્મોત્સવ ખૂબ જ ઉત્સાહ અને ધામ ધૂમ પૂર્વક ઉજવવામાં આવેલ જે પ્રસંગ દરમિયાન નંદ ઉત્સવ જેવો માહોલ માણવા મળેલ સમગ્ર પ્રસંગોમાં વ્યાસપીઠ પર બિરાજમાન કથાકાર શાસ્ત્રી સતિષભાઈ વ્યાસ દ્વારા સંગીતમય શૈલીમાં જુદા જુદા પ્રસંગોનું ખૂબ જ સારી રીતે રસપાન કરાવી રહ્યા છે.

સપ્તાહમાં રામ જન્મ અને કૃષ્ણ જન્મોત્સવમાં બાલકૃષ્ણ જન્મનું પાત્ર શક્તિસિંહ ઝાલાના પુત્ર જ્યોતિરાદિત્યસિંહ (કાનુડો) અને વસુદેવ તરીકે યશરાજસિંહ ઝાલા (ખેરવા),યશોદાનું પાત્ર આશાબા ઝાલાએ ભજવેલ હતું.

સપ્તાહ દરમિયાન આશ્રમ ખાતેના સત્સંગ હોલમાં નિયમિત રાત્રે મહિલાઓ દ્વારા ભજન,કીર્તન જેમાં કંચનબેન નકુમ,કવિતાબેન હાપલીયા,નયનાબેન જોષી, જ્યોતિબા ઝાલા, જોસના બેન, ભાનુબેન ઠુંમર, મીનાબા ઝાલા આગવી શૈલીમાં કરાવી રહ્યા છે.

ભાગવત સપ્તાહના સમગ્ર કાર્યક્રમ દરમિયાન આઈ.ટી.આઈ

પેન્શનર્સ કર્મચારી મંડળના જે.ટી. કુંમર,વાય.ડી.પંડ્યા, ડી.આર.ઝાલા, ડી.પી. સાણંદિયા,એમ.ડી.ઝાલા, એ એમ. પરમાર, એ.કે. પટેલ, જે.આર.મોરબીયા, આર.કે.કાંજિયા, ડી.એચ. મકવાણા, આર.ટી.નકુમ, જે.એસ.વોરા સહિતના મંડળના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે તેમ સપ્તાહમાં ઉપસ્થિત લોક સંસદ વિચાર મંચના ગજેન્દ્રસિંહ ઝાલાની યાદીમાં જણાવ્યું છે.

પાંચાણી ફાઉન્ડેશનના યોગેશભાઈ પાંચાણી (પટેલ), ઓમભાઈ છાયા દ્વારા

દ્વારકાધીશના દર્શને જતા લોકોને છાસ વિતરણ કરાયું

દ્વારકા, તા.૨૮

દ્વારકાધીશના દર્શને પગપાળા જતા લોકોને પાંચાણી ફાઉન્ડેશન દ્વારા છાશ વિતરણ કરવામાં આવ્યું જે વ્યક્તિઓને ભૂખના લાગતી હોય, પાયન બરાબરના થતું હોય, ખાટા ઓડકાર આવતા હોય, છાતીમાં ગભરામણ થતી હોય તો આ બધા માટે છાશ અમૃત સમાન માનવામાં આવે છે. છાશમાં વિટામીન-સી હોવાથી તેનાથી શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધે છે. વળી છાશમાં પ્રોટીન, આયરન, જેવા તત્વો પણ સામેલ છે. છાસમાં કેલ્શિયમનો સારો સ્ત્રોત છે. આ સિવાય તેમાં પોટેશિયમ, વિટામિન-બી અને ફોસ્ફરસ પણ ભરપૂર પ્રમાણમાં હોય છે. દરરરોજ છાશ પીવાથી શરીરમાં કેલ્શિયમની ઉણપ નથી થતી. પગપાળા જઈ રહેલા લોકોમાં સ્ફૂર્તિ આવે અને એક નવી ઉર્જાનું સિંચન થાય તે હેતુથી પાંચાણી ફાઉન્ડેશન દ્વારા દ્વારકાધીશના દર્શને જતા લોકોને છાશ પીવડાવવા માટે

સ્ટોલ શરૂ કરાયો હતો. ઉનાળાની ગરમીમાં પગપાળા યાત્રાએ જતા લોકોની સેવા અને કરવાની સાથે સાથે તેમના સ્વાસ્થ્યની પણ કાળજી લેવાની પાંચાણી ફાઉન્ડેશનની આ પહેલ પ્રસંશનીય છે. પાંચાણી ફાઉન્ડેશનની વિશેષ માહિતી માટે પાંચાણી ફાઉન્ડેશનના મેનેજીંગ ટ્રસ્ટીનો સંપર્ક(મો.૯૮૨૪૨ ૧૨૪૮૦) પર કરવા યાદીમાં જણાવાયું છે.

તાપમાન ઉંચકાયુંઃ રાજકોટ સહિત દશ સ્થળોએ ૩૬ થી ૩૭ ડિગ્રી વચ્ચે મહત્તમ તાપમાન નોંધાયું

સવારનું તાપમાન પણ વધ્યુઃ આજે મોટાભાગનાં સ્થળોએ ૧૬થી૨૧ ડિગ્રી ઉષ્ણ તાપમાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ તા.૨૮

હવામાન વિભાગનાં નિર્દેશો અનુસાર ગઈકાલથી જ સવારનું અને બપોરનું તાપમાન ઉંચકાવા લાગ્યું છે અને ગઈકાલે જ રાજકોટ સહિત રાજયના ૧૦ સ્થળોએ ૩૬ થી ૩૭ ડિગ્રી ઉપર મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું. આ અંગેની હવામાન કચેરીમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર ગઈકાલે રાજકોટ શહેરમાં ૩૭ ડિગ્રી, ભુજમાં ૩૭.૮ ડીગ્રી સાથે હાઈએસ્ટ ગરમી નોંધાઈ હતી. જયારે ગઈકાલે અમદાવાદ ખાતે ૩૬.૬, અમરેલીમાં ૩૬, વડોદરામાં ૩૬, ડાંગમાં ૩૬.૧, જૂનાગઢમાં ૩૬.૩, પાટણમાં ૩૭.૩, પંચમહાલમાં ૩૬.૩, સુરતમાં ૩૬ અને વલસાડમાં ૩૬.૫ ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું. આ ઉપરાંત આજે સવારે પણ વિવિધ સ્થળોએ ૧૬થી૨૧ ડિગ્રી જેટલું લઘુતમ તાપમાન નોંધાવા પામ્યું હતું. આજે સવારે રાજકોટ શહેરમાં ૧૯.૬, અમદાવાદમાં ૧૭, અમરેલીમાં ૧૯.૮, વડોદરામાં ૧૬.૨, ભાવનગરમાં ૧૯.૩, ભુજમાં ૨૦, દમણમાં ૧૯.૨, ડિસામાં ૧૮.૭, દિવમાં ૧૬, દ્વારકામાં ૨૧.૬, ગાંધીનગરમાં ૧૬.૨, જૂનાગઢમાં ૧૮.૮, કંડલામાં ૨૧.૪ અને નલિયા ખાતે ૧૮.૮ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાતા ઠંડીનું પ્રમાણ સાવ નહિવત થઈ જવા પામ્યું હતું.

‘શકિતનું સ્વરૂપ ચારણ જોગમાયા’ ગ્રંથનું વિમોચન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૨૮

ગઈકાલે સયાજી હોટલ ખાતે જયદિપભાઈ કુંભાણી દ્વારા ચારણ જોગમાયા ખારોડારાય આઈ શ્રી દેવલ માઁ અને આઈ શ્રી બૂટ ભવાની માતાજીના ચમત્કારો/ ઈતિહાસ/ પરચા સહિતના માતાજીના ગ્રંથનું સંપાદન કરાયું હતું. તેઓની ઈચ્છા માતાજી અને ચારણી સાહિત્યમાં રસ ધરાવતા ચારણ સમાજના કેટલાક અગ્રણીઓને મળવાની હતી. આથી તેઓને મળી શકાય અને તેમની સંશોધન યાત્રા વિશે જાણી શકાય તે માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં અંબાદાન રોહડીયા, પ્રવિણદાન રોહડીયા, હિંગોળદાન રત્નું, મંગલભાઈ રાઠોડ, જે.બી.જોડેજા, નિરજંનભાઈ રાજ્યગુરૂ હાજર રહ્યા હતા (૧૩)

૫ માર્ચે બોર્ડના પેપર આવશે, ચૌધરી હાઈસ્કૂલમાં સ્ટ્રોંગરૂમ

રાજકોટમાં ૧૦ ઝોન, ૩૦૦ જેટલા બિલ્ડિંગમાં પરીક્ષાઃ ૨ માર્ચ સુધી ધોરણ ૧૨ સાયન્સની પ્રેક્ટિકલ પરીક્ષા ચાલશે

રાજકોટ, તા.૨૮

ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાને આડે હવે બે સપ્તાહનો સમય બાકી રહ્યો છે ત્યારે સંભવત આગામી તારીખ ૫ માર્ચ સુધીમાં પરીક્ષાના પેપર રાજકોટ આવી પહોંચશે. સૌરાષ્ટ્રભરમાં બોર્ડની પરીક્ષાના પેપર રાજકોટથી જ મોકલવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. સોમવારે ગાંધીનગરમાં બોર્ડના અધિકારીઓની મિટિંગ મળી હતી. જેમાં બોર્ડની પરીક્ષાના આયોજન સંદર્ભે અને પ્રશ્નપત્ર મોકલવા સહિતની બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

રાજકોટમાં ૫ માર્ચ સુધીમાં બોર્ડની પરીક્ષાના પ્રશ્નપત્ર આવી પહોંચશે તેમજ શહેરની ચૌધરી હાઈસ્કૂલને પેપર રીસિવિંગ સેન્ટર તરીકે નક્કી કરવામાં આવ્યું છે. તમામ પ્રશ્નપત્ર રાજકોટ આવી ગયા બાદ સંભવત બોર્ડની પરીક્ષાના એક બે દિવસ પહેલા જ સૌરાષ્ટ્રના જુદા



જુદા ઝોનમાં પેપર મોકલવામાં આવશે.

૧૪ માર્ચથી શરૂ થનારી બોર્ડની પરીક્ષાને લઈને જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરી લેવામાં આવી છે. રાજકોટ જિલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ ના કુલ ૮૫ હજાર વિદ્યાર્થીઓ સહિત રાજ્યભરમાં ૧૬ લાખથી વધુ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપવાના છે ત્યારે આગામી બે ત્રણ દિવસમાં એટલે કે સંભવત ૫ માર્ચે બોર્ડની પરીક્ષાના પેપર રાજકોટ આવી પહોંચશે અને તેને સ્ટ્રોંગરૂમમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે સીલ રાખવામાં આવશે. ત્યારબાદ પરીક્ષા શરૂ થવાના બે ત્રણ દિવસ અગાઉ જ સૌરાષ્ટ્રના જુદા જુદા પરીક્ષા કેન્દ્ર પર આ પ્રશ્નપત્રો મોકલવામાં આવશે.

રાજકોટ જિલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા કુલ ૧૦ ઝોનમાં લેવાનાર હોવાનું જાણવા મળ્યું છે. ધોરણ ૧૦ અને ૧૨ સાયન્સ અને કોમર્સના કુલ ૮૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે. રાજકોટ જિલ્લામાં ૩૦૦ જેટલા બિલ્ડિંગમાં બોર્ડની પરીક્ષા લેવાનાર છે.

જેમાં સીસીટીવી, બેઠક વ્યવસ્થા, અધિકારીઓ, શિક્ષકોની કામગીરી સહિતની જુદી જુદી બાબતોની તૈયારી પૂર્ણતાને આરે છે. રાજકોટ જિલ્લામાં શાળાઓની સંખ્યા, બ્લોક, વર્ગખંડ, ઝોન, અધિકારીઓની વિગતો, કંટ્રોલરૂમ સહિતની તમામ બાબતોનું લિસ્ટ અગાઉ જ શિક્ષણ બોર્ડને મોકલી દેવાયું છે.

શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધોરણ ૧૨ સાયન્સની પ્રેક્ટિકલ પરીક્ષા તારીખ ૨૦ ફેબ્રુઆરીથી શાંતિપૂર્ણ માહોલમાં શરૂ થઇ છે. જિલ્લાના ૫ કેન્દ્ર અને ૨૫ સ્કૂલમાં શરૂ થયેલી પ્રેક્ટિકલ પરીક્ષામાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા અને ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને બાયોલોજીના પેપર મુજબ પ્રેક્ટિકલ લેવાયા હતા.

આ પ્રેક્ટિકલ પરીક્ષાના વિદ્યાર્થીઓના રોજે રોજના માર્કસ બોર્ડની કચેરીને ઓનલાઈન મોકલી આપવા માટે વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. રાજકોટ જિલ્લામાં ૭૦૭૩ વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ સાયન્સની પ્રેક્ટિકલ પરીક્ષામાં નોંધાયા હતા. ૨૦ ફેબ્રુઆરીથી શરૂ થયેલી આ પ્રેક્ટિકલની પરીક્ષા આગામી ૨ માર્ચ સુધી ચાલશે.

સમગ્ર ચારણ સમાજનું ગૌરવ વધારતી તબીબ પરિવારની ભાગ્ય લક્ષ્મીઓ

એક પછી એક બબ્બે દીકરીઓને ડોક્ટરની ગરિમાપૂર્ણ ઉપાધિ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

સોનલ શતાબ્દી વર્ષની શરૂઆતમાં જ જો કોઈ દીકરી ડોક્ટર થાય તો સહજ અને સ્વાભાવિક છે કે માતા-પિતા ઉપરાંત સમાજને પણ તેનો અનેરો આનંદ હોય,કારણ કે માં ભગવતી સોનલની ચેતના તેના પર પ્રસન્ન છે અને રાજી છે તેની એ શુભ નિશાની છે. ચારણ સમાજમાં સર્વાંગી ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ધરાવનાર ગાંધીધામ તપ હોસ્પિટલના ડોક્ટર બળવંતદાન ખડિયાની દિકરી ડોક્ટર અંજનીબા બાદ હવે નાની દિકરી રંજની બા પણ એમબીબીએસમાં ઉત્તીર્ણ થઇ કુટુંબ તેમજ સમાજનું ગૌરવ વધાર્યું છે.

વૈદિક હોળી પ્રગટાવવાને કારણે ગૌવંશના સંવર્ધનની સાથે પર્યાવરણનું જતન થશેઃ ડો.કથીરિયા

જી.સી.સી.આઈ દ્વારા 'કામધેનુ વૈદિક હોળી' પ્રગટાવવા અનુરોધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૮

ગ્લોબલ ફેડરેશન ઓફ કાઉ બેઇઝડ ઇંડસ્ટ્રીઝ દ્વારા કામધેનુ હોળી, ગોમય કલરના વિષય પર ઝૂમ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ મિટિંગમાં મુખ્ય વક્તા તરીકે જી.સી.સી.આઈ ના ટ્રેઈનર રાજાસિંઘ (અયોધ્યા) પોતાનું માર્ગદર્શન આપશે. આ ઝૂમ મિટિંગમાં તા.૧/૩ ને બુધવારના રોજ બપોરે ૧૧ થી ૧૨ કલાક દરમિયાન ઝૂમ https://meet.google.com/cze-dxhh-mwo દ્વારા જોડાઈ શકાશે. અત્રે ઉલ્લેખનિય છે કે, ગૌમાતા, ગૌશાળાને સ્વાવલંબી બનાવવા માટે વૈદિક હોળી મહત્વનું યોગદાન આપી શકે છે. એટલું જ નહી ગૌમય કાસ્ટથી તૈયાર થતી વૈદિક હોળી પ્રગટાવવાથી પર્યાવરણને મોટો લાભ થાય છે. વૈજ્ઞાનિક ઢબે જોઈએ તો, ગૌમય કાસ્ટ પ્રગટાવવાને કારણે વાતાવરણમાં ઓકિસજનની માત્રા વધે છે. વાતાવરણમાં ઈથીલીન ઓકસાઈડ, પોપીલીન ઓકસાઈડ છૂટા પડે છે. ઓપરેશન થિયેટરમાં બેકટેરીયાનો નાશ કરવા આ બન્ને ઓકસાઈડનો ઉપયોગ થાય છે. તેની સામે લાકડાનું આંધણ કરવાથી કાર્બન ડાયોકસાઈડની ચિંતા રહે છે અને પ્રદૂષણનો પ્રશ્ન વકરે છે. વૈદિક હોળી પ્રગટાવવાને કારણે ગૌવંશના સંવર્ધનની સાથે પર્યાવરણ જતનનો હેતુ પણ સિધ્ધ થાય છે. સમગ્ર રાષ્ટ્રમાં વૈદિક હોળી મનાવવા માટે જી.સી. સી.આઈ.ના ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરીયા, મિતલ ખેતાણી, પુરીશકુમાર, અમીત ભટનાગર દ્વારા દેશવાસીઓને અપીલ કરવામાં આવી છે. આ અંગેની વધુ માહિતી માટે મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

વીર સાવરકરની પુણ્યતિથિ નિમિત્તે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરતા રાજુ ધ્રુવ

રેસકોર્સના વીર સાવરકર ઇન્ડોર સ્ટેડીયમમાં આવેલી પ્રતિમા ખાતે યોજાયો કાર્યક્રમઃ પંડિત દીનદયાળ ઉપાધ્યાય વિચાર મંચ દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં વીર સાવરકરની રાષ્ટ્રભક્તિની ભાવવંદના કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૮

આજરોજ ઇન્ડોર સ્ટેડિયમમાં આવેલા વીર સાવરકરજીની પ્રતિમાએ વીર સાવરકરજીની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કાર્યક્રમ અંતર્ગત પં. દીનદયાળ ઉપાધ્યાય વિચારમંચ દ્વારા પુષ્પાંજલિ અર્પી મહાન ક્રાંતિકારી, પ્રખર દેશભક્ત, આઝાદીના મહાન લડવૈયા ભારતમાતાના પનોતા પુત્ર વીર સાવરકરજીને શ્રધ્ધા સુમન અર્પિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના સંયોજક રાજુભાઈ ધ્રુવ તેમજ સાથીમિત્રો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ભાવિકભાઈ અગ્રાવત, મુજમિલભાઈ સુધાગુનિયા, મિતેશભાઈ શાહ, શશીભાઈ કડીવાર, અમિતભાઇ વેજગામવાળા,

લલિતભાઈ પાલા, પારસ જોગરાણા, જીત મેહતા, રાજ આહીર, અભિજીત ગઢવી, નેમિશ સોલંકી આર્યન કેશુર, મહેન્દ્ર ગૌસ્વામી, સાગર ગૌસ્વામી, ઉદેશ નિરંકારી, સ્મિતભાઈ, પરેશ ભાનુશાલી, કરણભાઈ, દર્શન ગોંડલિયા, નિશાંત રાજપૂત, લખન ભટ, મયુર ઝાલા, રાજદીપ ગોહિલ, વિશ્વા મેહતા, અભિષેક પંડ્યા, પૂજા જોગરાણા, તેમજ પંડિત દીનદયાળ વિચારમંચના સાથીમિત્રો જોડાયા હતા. સાથીઓ સમક્ષ વીર સાવરકરજીની ભાવવંદના કરતા રાજુભાઇ ધ્રુવે જણાવ્યું હતું કે કે દેશભક્તિ અને યુવાનોમાં દેશદાઝ અને રાષ્ટ્ર ભક્તિની ભાવના પ્રબળ બને તે અંગે વિચારો વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ભારત દેશની આઝાદીની લડતમાં અનેક ક્રાંતિકારીઓનો ફાળો છે. એમાં વીર સાવરકરજીનું ટોચની હરોળમાં ગણાય છે. વીર સાવરકર એક મહાન ઐતિહાસિક ક્રાંતિકારી હતા. તે મહાન વક્તા, વિદ્વાન, પ્રચુર લેખક, ઈતિહાસકાર, કવિ, દાર્શનિક અને સામાજિક કાર્યકર હતા. ૨૬ ફેબ્રુઆરી ૧૯૬૬ ના રોજ ૮૩ વર્ષની ઉંમરે તેમનું દેહાવસાન થયું હતું. પરંતુ આજે પણ તેમના વિચારો અમર છે અને કરોડો લોકોને સર્વોત્તમ દેશભક્તિ અને સર્વશ્રેષ્ઠ રાષ્ટ્રભાવનાના સંકલ્પ દ્વારા રાષ્ટ્ર પ્રથમની ઉત્તમ પ્રેરણા આપે છે તેમ રાજુભાઇ ધ્રુવે જણાવ્યું છે.

પુજા હોબી સેન્ટર દ્વારા મલ્ટી કોમ્પિટિશન-૨૦૨૩નું ભવ્ય આયોજન

સ્કેટીંગ, ડાન્સીંગ, યોગા, જીમ્નાસ્ટીક, હુલ્લાહુપ, સૂર્યનમસ્કાર, ફેન્સીડ્રિસ, મોડેલીંગ જેવી વિવિધ સ્પર્ધા યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૮

આગામી ૫ માર્ચના રોજ વિવિધ સ્પર્ધાનું આયોજન પુજા હોબી સેન્ટરમાં રાખેલ છે. એઈજગ્રુપ પ્રમાણે અન્ડર-૬, ૭ થી ૧૦, ૧૧ થી ૧૫ એમ ૩ ગ્રુપમાં કોમ્પિટિશન યોજાશે. તમામ એઈજગ્રુપમાં વિજેતા બાળકોનું હેમુગઢવી હોલમા મેડલ પહેરાવી સન્માન કરવામાં આવશે. પુજા હોબી સેન્ટર દ્વારા દર વર્ષે વિવિધ જાતની સ્પર્ધાઓ બાળકો માટે યોજવામાં આવે છે. જેમાં અસંખ્ય બાળકો આ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લે છે. આ વર્ષે પણ અલગ-અલગ કોમ્પિટિશનનું આયોજન પુજા હોબી સેન્ટરમાં કરેલ છે. ફોર્મ મેળવવા માટે ગુજરાત હાઉસીંગ બોર્ડ, શેરી નં.૬, અક્ષરમાર્ગ, રાજકોટ ફોન નં. ૯૩૭૫૭૦૫૦૦૫ પર તા.૪-૩ શનિવાર સુધીમાં ફોર્મ લઈ જવા. કોમ્પિટિશનની તા.૧૨-૩ રવિવારે સવારે રહેશે. ઉપરોકત કોમ્પિટિશનને સફળ બનાવવા માટે પુજા હોબી સેન્ટરના તમામ કમિટી મેમ્બર્સ જહેમત ઉઠાવી રહ્યા છે.

દેહદાન મહાદાન

અવસાન નોંધ

મોટી પાનેલીઃ શ્રી સોરઠીયા પ્રજાપતિ મણીબેન હરજીભાઈ બુહેચા (ઉ.વ.૧૦૦) તેઓ સ્વ. નાનજીભાઈ, રમેશભાઈ તથા કિશોરભાઈના માતૃશ્રી તથા રવિભાઈના મોટાબાનું તા.૨૭/૨/૨૦૨૩ ને સોમવારના રોજ રામચરણ પામ્યા છે. લોકિક પ્રથા બંધ છે.સદગતનું બેસણું તા.૨/૩/૨૦૨૩ ને ગુરૂવારના સાંજે ચાર થી પાંચ કલાક દરમિયાન નિવાસ્થાન ભુટકિયા શેરી મોટી પાનેલી ખાતે રાખેલ છે.

રવિવારે શાંતાબા ગજેરા ઓડિટોરીયમ ખાતે પત્રકાર એકતા પરિષદ દ્વારા ભવ્ય આયોજન

અમરેલીમાં પ્રથમ વખત પત્રકારોનું જિલ્લાનું અધિવેશન

જિલ્લાના ગામે ગામથી પ્રિન્ટ, ઈલે. અને ડિજીટલ મીડિયાના પત્રકારો ઉમટી પડશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) અમરેલી, તા.૨૮

અમરેલીમાં જિલ્લા કક્ષાએ પ્રથમ વખત જ પત્રકાર એકતા પરિષદ અમરેલી દ્વારા જિલ્લા કક્ષાના પત્રકારોના અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અમરેલી જિલ્લાના નાનામાં નાના ગામડાથી માંડી જિલ્લાભરમાંથી પત્રકારો મોટી સંખ્યામાં ઉમટી પડશે. જિલ્લામાં પ્રથમ વખત જ આ રીતે મોટી સંખ્યામાં પત્રકારો એકઠા થવાના હોવાથી તડામાર તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

અમરેલી જિલ્લામાં નાનામાં નાના ગામડાથી માંડીને જિલ્લા કક્ષાએ કામ કરતા તમામ પત્રકારો એક જૂથ થાય તેવા ઉદ્દેશ સાથે હાલમાં રાજ્યના ૩૩ જિલ્લાઓ અને ૨૪૨ તાલુકાઓમાં કાર્યરત પત્રકાર એકતા પરિષદ દ્વારા અમરેલી જિલ્લામાં સંગઠનની રચના કરવામાં આવી હતી અને પરિષદ દ્વારા પ્રથમ વખત જ આગામી તા.૫ માર્ચને રવિવારના રોજ શાંતાબા ગજેરા ઓડિટોરીયમ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમરેલી ખાતે જિલ્લા કક્ષાના અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યના વરિષ્ઠ પત્રકારો ઉપરાંત જિલ્લા, તાલુકા અને ગામડાઓમાંથી પણ જિલ્લાભરના પત્રકારો મોટી સંખ્યામાં ઉમટી પડશે. અમરેલીમાં પ્રથમ વખત જ આ રીતે જિલ્લાભરના પત્રકારો એકત્રિત થવાના હોવાથી ભારે ઉત્સાહની લાગણી જોવા મળી રહી છે.

આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ગુજરાત વિધાનસભાના ઉપદંડક કૌશિકભાઈ વેકરીયા, ઉદ્ઘાટક તરીકે કેન્દ્રિય કૃષિમંત્રી પરશોત્તમ રૂપાલા, પરિષદના પ્રદેશ ઉપાધ્યક્ષ લાભુભાઈ કાત્રોડિયા, પ્રદેશ પ્રભારી ગૌરાંગભાઈ પંડ્યા, પ્રદેશ આઈટી સેલ અધ્યક્ષ સમીરભાઈ બાવાણી, પ્રદેશ મહિલા સેલના અધ્યક્ષ કાજલબેન વૈશ્નવ, વસંતભાઈ મોવલીયા પણ ઉપસ્થિત રહેશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભરતભાઈ બાવીશી દ્વારા કરાશે.

આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના પીઢ પત્રકાર મનસુખભાઈ રાવળ અને ઉમંગરાય છાંટબારનું વિશેષ સમ્માન કરવામાં આવશે. આ ઉપરાંત નવરંગ નેચર ક્લબ રાજકોટ દ્વારા રાહતદરે રોપાઓનું વિતરણ પણ કરવામાં આવનાર છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પત્રકાર એકતા પરિષદ અમરેલીના જિલ્લા અને તાલુકાના હોદ્દેદારો દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે તેમ જિલ્લાના પ્રમુખ સુરેશભાઈ દેસાઈએ જણાવ્યું છે.

બોકસઃ પત્રકારોને આઈડી કાર્ડનો ફોટો વોટ્સએપ પર તાત્કાલીક મોકલવા અનુરોધ કરાયો

અમરેલીમાં તા.૫ ના રોજ યોજનારા અધિવેશનમાં જિલ્લાના તમામ પત્રકારોનું સ્મૃતિ ભેટ સાથે સમ્માન કરવાનું હોવાથી જિલ્લામાં ગામડાથી માંડીને તાલુકા કે જિલ્લા કક્ષાએ કામ કરતા પ્રિન્ટ, ઈલેક્ટ્રીક કે ડીજીટલ મીડિયાના તમામ પત્રકારોએ પોતાના પત્રકાર તરીકેના વેલીડ આઈડી કાર્ડનો ફોટો પાડીને ભરતભાઈ વિષ્ણુસ્વામીના મો. ૯૫૭૪૯ ૨૪૮૩૫ પર તા.૨ માર્ચના બપોરે ૧ વાગ્યા પહેલા વોટ્સએપ કરી દેવા જણાવાયું છે.

શ્રી બજરંગ ગ્રુપ ઓફ રાજકોટ સિટી દ્વારા

દ્વારકા જતા પદયાત્રીઓ માટે કેમ્પ ઠંડાપીણા સહિતની વ્યવસ્થા કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૮

બજરંગ ગ્રુપ ઓફ રાજકોટ સિટીની યાદી મુજબ ગોપી એન્જીનીયરીંગના સંચાલક કીરીટભાઈ સી. પટેલના આર્થિક સહકારથી દ્વારકા જતા પદયાત્રીઓ માટે ઠંડાપીણા, પાણીની બોટલ સહિતની સેવા આપવા જતા બજરંગ ગ્રુપ ઓફ રાજકોટ સિટીના પ્રમુખ હસુભાઈ ગણાત્રાની આગેવાની નીચે સંચાલક કિશોરભાઈ ધનજીભાઈ કારીયા, જતિનભાઈ ભીંડોરા, જયદીપભાઈ કોટેચા, રાઘવભાઈ ગણાત્રા, અમિતભાઈ રૂપારેલ સહિતના કાર્યકરો કાલાવડ રોડથી શરૂ થઈ વાગુદડ, મેટોડા, ખીરસરા, છાપરા, નિકાવા સહિતના સ્થળે કેમ્પ કરી દ્વારકા જતા પદયાત્રીઓ માટે ઠંડાપીણા, પાણીની બોટલ સહિતની સેવાઓ આપી હતી.

અહી ઉલ્લેખનીય છે કે, દર રવિવારે સવારે ૧૦ થી ૧૨ પંચમુખી હનુમાનજીના મંદિરની બાજુમાં, રાધેશ્યામ કોમ્પ્લેક્ષ પાસે પક્ષીના માળા તેમજ પાણી પીવાના કુંડાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. સદ્ગતની સ્મૃતિમાં પક્ષીના માળાના નિઃશુલ્ક વિતરણ માટે સહભાગી થવા ઈચ્છતા આર્થિક સંપન્ન લોકોએ કિશોરભાઈ ડી. કારીયા (મો.નં.૯૪૨૮૨૫૪૦૦૮) સંપર્ક કરવા વિનંતી તેમજ દર રવિવારે બપોરે ૪ થી ૭ રાધેશ્યામ કોમ્પ્લેક્ષ પાસે, ગરેડીયા કુવા રોડ ખાતે લોહાણા સમાજ માટે નિઃશુલ્ક વેવિશાળ કેન્દ્ર ઘણા સમયથી કાર્યરત છે તેમ એક યાદીના અંતે કિશોરભાઈ કારીયા જણાવે છે.

શ્રી કષ્ટભંજનદેવ દાદાને ૨૫૫૦૦ જઉ-દાળિયાના વાઘાનો દિવ્ય શણગાર

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ એવં શતામૃત મહોત્સવ સાળંગપુરધામ ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી શ્રી કષ્ટભંજનદેવ દાદાને ૨૫૫૦૦ જઉ- દાળિયાના ધાન્યનો દિવ્ય શણગાર ધરાવાયો હતો. સાથોસાથ દાદાના સિંહાસનને જઉ- બાજરો-જુવાર વગેરે ધાન્યનો શણગાર કરી સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વાર-ાતથા સવારે ૭ કલાકે શણગાર આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવેલ, વિશેષમાં શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજની એક-એક દાણા પર દાદાનું નામ લખી ભક્તોએ આકર્ષક શણગાર કરી ભક્તિ અર્પણ કરી તેમજ મંદિરના પરિસર મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. જેના દર્શન-આરતીનો લાભ હજારો હરિભક્તો લઈ ધન્યતા અનુભવી હતી.

પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘ કચ્છ જીલ્લાની કારોબારી બેઠક કાશીનાથ ભવન ભુજ ખાતે યોજાઈ

જિલ્લા કારોબારી બેઠકમાં શિક્ષકોના પડતર પ્રશ્નો અને આગામી કાર્યક્રમો સંદર્ભે ચર્ચા કરવામાં આવી

"આત્મમંથન"

વડિલગીરી..

દાદાગીરી શબ્દ સાંભળ્યો હશે પણ વડિલગીરી નહીં સાંભળ્યો હોય પણ તમે લેખ વાંચશો તો માનશો કે હા, આવી વડિલગીરી જોઈ છે ખરી.

(આ શબ્દ કોઈ ડિક્સનરીમાં નથી પણ લગભગ દરેક ઘરમાં હોય જ છે, આમાં કોઈ એક જેન્ડર નહીં, બન્ને જેન્ડર લગભગ સરખો રોલ ભજવે છે.)

ઘરમાં ફક્ત એમનું જ ચાલતું હોય છે અથવા એ ચલાવવા મથતાં હોય છે. બાળકો એમને સવારે ઉઠીને પગે લાગતાં હોય છે. એમનાં વિચારો સાથે લગભગ સહમત થવું જ પડે અને જો ના થાવ તો પણ દલીલનો કોઈ અવકાશ હોતો નથી,

દરેક મુદ્દે ચટ અને પટ બન્ને એમની જ હોય છે. જો એ કોઈની સાથે ઝઘડો કરે તો સામેવાળો ખોટો હોય છે અને જો કોઈ એમની સાથે કરે તો તો કરવાવાળો સો ટકા ખોટો હોય છે.

(મમતા પટેલ-મુંબઈ)

વાતે વાતે ખોટું લગાડવાની અને 'મને તો ખોટું બોલતાં આવડે જ નહીં ' કહીને કોઈની પણ ખામીઓ (જે કદાચ એમની નજરે જ ખામી હોય, હકિકતમાં નહીં) મોંઢે ચોપડાવી દેવા પર તો જાણે એમની મોનોપોલી હોય.

ઘરનાં કાયદા એ જ નક્કી કરે છે, બધાએ કેટલાં વાગ્યે ઉઠવું જોઈએ, શું ખાવું જોઈએ, બહાર જવું જોઈએ કે નહીં અને જાય તો કેટલાં વાગ્યા સુધીમાં પાછું આવવું જોઈએ, શું પહેરવું જોઈએ, કેટલાં વાગ્યે સુવું જોઈએ અને હા, ખાસ તો મોબાઈલ નો ઉપયોગ કેટલો કરવો જોઈએ વગેરે વગેરે..

અમુક ખોરાક એટલાં માટે ના ખવાય કારણ એ પૌષ્ટિક નથી અને અમુક એટલે ના ખવાય કારણ એ મોંઘો પડે, અમુક કપડાં એટલે ના પહેરાય કારણ એ આપણી સંસ્કૃતિ નથી અને અમુક રીતે એટલે તૈયાર ના થવાય કારણ એ રીતે તૈયાર થનારા છટકેલા લાગે. ટૂંકમાં ઘરની દરેક વ્યક્તિ એ એમનાં તૈયાર કરેલાં ધારાધોરણ પ્રમાણે જ વર્તાય.

એમને લગભગ દરેક સગા સંબંધી સાથે વાંધો પડે, સગા તો છોડો, પડોશી અને દિકરા-વહુનાં મિત્રો સાથે સાથે પણ વાંધો પડે. ટેલિવિઝન પર સિરિયલ કઈ જોવી એ પણ એ જ નક્કી કરે.

આ બધામાં એમનો 'મારાં માં જ જ્ઞાન છે, મેં દુનિયા જોઈ છે, આ વાળ ધૂપમાં નથી ધોળા થયાં' વાળો attitude બહું મોટો રોલ ભજવે છે, attitude હોય ત્યાં સુધી તો ઠીક છે પણ જ્યારે એ attitude અચાનક superiority complex બની જાય ત્યારે એ વડિલથી અને એમની વડિલગીરીથી ઈશ્વર જ બચાવે.

હદ તો ત્યારે થાય જ્યારે આ જૂનાં જમાનાના વડિલો ઘરનાં યુવાનોએ કરિયર શેમાં બનાવવું જોઈએ એમાં પણ પોતાનું ડહાપણ ચલાવવા જાય.

હમારે જમાને મેં ..કહીને સતત ચાલતી એમની કથા એમની સાથે રહેનારાં કે મળવાં જનારાએ સહેવી પડે ફક્ત એક જ કારણથી કે તેઓ ઉંમરમાં મોટાં છે.

પોતાના જીવનમાં થયેલાં સારાં-નરસાં અનુભવો યાદ કરી કરીને સતત શિખામણોનો ધોધ વહાવ્યાં કરે એ તો પાછું છોગામાં.

આ વાત આમ થોડી થાય અને આ વાત તો આમ જ થાય એમ સતત જ્ઞાન ગંગા વહાવતા કોઈ વડિલ તમારી આસપાસ છે?

ક્યાંક તમારામાં તો આવાં વડિલ નું ભૂત નથી ઘૂણતુ ને? આખે આખું નહીં તો અડધું કે પા? વિચારજો.. અને જો એવું હોય તો એ ભૂતને જલ્દી જ રવાનાં કરજો.

અને હા, આ વિષય પર આત્મમંથન જરૂર કરજો..

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક વર્ગ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૮

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સૌરાષ્ટ્ર પ્રાંતનો મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક વર્ગ ગોવર્ધન પર્વત અંજાર - કચ્છ દિ. ૨૬-૨ રવિવારે શરૂ થયો હતો. જેના ઉદ્ઘાટન સત્રમાં પૂજ્ય ખીમજી દાદા માતંગ દ્વારા શિક્ષર્થીને આશીર્વાદ મળ્યા તેમને કહ્યું ભારતભૂમિમાં આપણો જન્મ થયો છે જે આપણે ગર્વ લેવાની વાત છે. આપણો ધર્મ શું છે અને આપણું કર્તવ્ય શું છે તેનું દિશા દર્શન કર્યું હતું. તેમની સાથે સૌરાષ્ટ્ર પ્રાંત પ્રચારક મહેશભાઈ જીવાણીનું પણ માર્ગદર્શન મળ્યું હતું. તેમ પંકજભાઈ રાવલ પ્રચાર પ્રમુખ સૌરાષ્ટ્ર પ્રાંત રાજકોટની યાદીમાં જણાવાયું છે.

જૂનાગઢના ભેસાણ ખાતે લેઉવા પટેલ સમાજના ગ્રાઉન્ડમાં

એસપીજીની દ્વારા રાજસ્વી શાહી સન્માન સમારોહ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૮

જૂનાગઢના ભેસાણ ખાતે લેઉવા પટેલ સમાજના ગ્રાઉન્ડમાં શ્રી સરદાર પટેલ સેવાદળ (SPG) દ્વારા રાજસ્વી શાહી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનોમાં SPGના અધ્યક્ષ લાલજીભાઈ પટેલ તેમજ ઉપાધ્યક્ષ બાબુભાઈ સુતરીયા તેમજ સૌરાષ્ટ્રના અધ્યક્ષ કલ્પેશ રાંક તેમજ જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડિયા તેમજ ભેસાણ/વિસાવદરના ધારાસભ્ય ભૂપત ભાયાણી તેમજ પૂર્વ તાલુકા પંચાયતના પ્રમુખ પતિ ભાવેશ ત્રાપસિયા સહિતના અન્ય ધારા-સભ્યના પ્રતિનિધિ હાજર રહ્યા હતા.

જેમાં પધારેલ મહેમાનોનું ફૂલ હાર તેમજ મોમેન્ટો તેમજ સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું લાલજી પટેલે જણાવ્યું હતું કે, શ્રી સરદાર પટેલ સેવાદળનો મુખ્ય હેતુ એ છે કે સમાજને એક થવું અને પાટીદાર સમાજનું રક્ષણ કરવું તેમજ પાટીદાર સમાજની દીકરીઓને જાગૃત કરવું તેમજ મોટા બ્લડ કેમ્પ કરવા અને પાટીદાર સમાજને ગુજરાતના કોઈપણ ખૂણામાં આર્થિક કે સામાજીક પ્રશ્નોનું નિરાકરણ લાવવું તેમજ ખેડૂત ભાઈઓને થતાં અસામાજીક તત્વો સામે થતો અન્યાય સામે લડવું જેવા અનેક મુદ્દાઓને લઈને કાર્યરત છે તો પાટીદાર સમાજને SPG ગ્રુપના સભ્ય બની જોડાવા હાકલ કરી હતી તેમજ આ સમારોહમાં પધારેલ SPGની ટીમો જેમાં જૂનાગઢ/ રાજકોટ/ જેતપુર/ ભેસાણ/ વગેરેની સમિતિઓ દ્વારા પધારેલ મહેમાનોનું ફૂલહાર કરી સ્વાગત કરવામાં આવ્યું હતું.

જેમાં ભેસાણના સ્થાનિક ધારા-સભ્ય ભૂપત ભાયાણીનું ભેસાણની ખોડલધામ સમિતિ તેમજ ભેસાણના કર્મચારી મંડળ દ્વારા સાહી સન્માન કરવામાં આવ્યું હતું.

રાજકોટમાં જાહેર પરીવહનનો દિવસેને દિવસે વધતો જતો વ્યાપ

દરરોજ ૩૦ હજાર જેટલા મુસાફરો મનપાની સિટી બસ સેવાના લાભાર્થી

ગત અઠવાડીયે સિટી બસમાં ૧,૮૯,૬૬૩ અને બી.આર.ટી.એસમાં ૧,૯૨,૮૪૧ મુસાફરોએ સેવાનો લાભ લીધો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

રાજકોટ મહાનગરપાલિકાની પરિવહન સેવાઓનું સંચાલન અને નિયંત્રણ કરતી રાજકોટ રાજપથ લી.દ્વારા તા.૨૦થી તા.૨૬ સુધીમાં કરવામાં આવેલ કામગીરીની વિગતો જાહેર કરવામાં આવી છે જેમાં, રાજકોટ રાજપથ લી દ્વારા રાજકોટ શહેરીજનોને ૪૭ રૂટ પર ૧૧૫ સિટી બસ દ્વારા પરિવહન સેવા પુરી પાડવામાં આવે છે. સિટી બસ સેવામાં તા.૨૦ થી તા.૨૬ દરમિયાન કુલ અંદાજીત ૧,૨૦,૨૩૬ કિ.મી. ચાલેલ છે. તથા કુલ ૧,૮૯,૬૬૩ મુસાફરો દ્વારા તેનો લાભ લેવામાં આવેલ છે. સિટી બસના બસ સ્ટોપ તથા પીક અપ સ્ટોપનું જરૂરિયાત મુજબનું રીપેરીંગ તથા નાગરીકોની જાણકારી હેતું ટાઇમ ટેબલ અધ્યતન કરવાનું કાર્ય ચાલુ છે. સિટી બસ સેવામાં બસ ઓપરેટર મારૂતિ ટ્રાવેલ્સને કામમાં ક્ષતિ બદલ કુલ ૧૧,૩૧૫ કિ.મી.ની પેનલ્ટી મુજબ કુલ અંદાજીત રૂ.૩,૯૬,૦૨૫ની પેનલ્ટી કરવામાં આવેલ છે. સિટી બસ સેવામાં ફેર કલેક્શન કરતી એજન્સી અલ્ટ્રામોડેન કામમાં ક્ષતિ બદલ કુલ રૂ.૨૪,૮૦૦ની પેનલ્ટી આપવામાં આવેલી છે. સિટી બસ સેવાની કામગીરીમાં ગેરરીતી/અનિયમિતતા સબબ કુલ ૨૨(બાવીસ) કંડક્ટરને ટેમ્પરરી સસ્પેન્ડ કરવામાં આવેલ છે. ચેકીંગ દરમિયાન કુલ ૨૬ મુસાફરો ટીકીટ વગર જણાયેલ જેમાં તેમની પાસેથી કુલ અંદાજીત રકમ રૂ. ૨,૮૬૦નો દંડ વસુલ કરવામાં આવેલ છે.

રાજકોટ રાજપથ લી દ્વારા રાજકોટ શહેરીજનોને BRTS રૂટ પર કુલ ૨૦ BRTS બસ દ્વારા પરિવહન સેવાપુરી પાડવામાં આવે છે. બી.આર.ટી.એસ. બસ સેવામાં તા.૨૦થી તા.૨૬ દરમિયાન કુલ અંદાજીત ૨૮,૭૮૭ કિ.મી. ચાલેલ છે. તથા કુલ ૧,૯૨,૮૪૧ મુસાફરો દ્વારા તેનો લાભ લેવામાં આવેલ છે. બી.આર.ટી.એસ. બસ સેવામાં એક્સ-મેન તથા સિક્યુરીટી પુરા પાડતી એજન્સી શ્રી રાજ સિક્યુરીટી સર્વિસને કામમાં ક્ષતિ બદલ રૂ.૯,૪૯૦ની પેનલ્ટી કરવામાં આવેલ છે.

સિટી બસ સેવામાં ટીકીટ વગર મુસાફરી કરવી એ દંડને પાત્ર બને છે. તેમજ સિટી બસ (RMTS) અને BRTS બસ સેવામાં મુસાફરી કરતાં પેસેન્જર દ્વારા મુસાફરી દરમ્યાન પોતાની ટિકિટ મેળવી લેવાની જવાબદારી થાય છે. કોઇપણ નાગરિક દ્વારા સિટી બસ સ્ટોપ, પીક અપ સ્ટોપ વગેરે જેવી રાજકોટ મહાનગરપાલિકાની જાહેર મિલકત હોય, તેના પર પોતાની અંગત (ધંધા/દુકાન/સંસ્થા)ની જાહેરાત લગાવવી તે દંડનિય તથા કાયદેસરનાં પગલા લેવાને લાયક છે. સદરહું બાબતે પરિવહન સેવામાં સુપરવાઇઝરી સ્ટાફ મારફતે કાર્યવાહી કરાવવામાં આવેલ છે.

ગુણવત્તા યુક્ત અવિરત વીજ પુરવઠો આપવા માટે સરકાર કટિબધ્ધ

રાજકોટ જિલ્લામાં ૧ વર્ષમાં બન્યા નવા ૮ સબ સ્ટેશન અને ૧૭ નવી વીજ લાઈનો ઈન્સ્ટોલ કરાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨૮

રાજ્ય સરકાર નાગરિકોને આંતર માળખાકીય સુવિધા આપવા માટે કટિબદ્ધ છે ત્યારે સર્વેને ગુણવત્તાયુક્ત અને અવિરત વીજ પુરવઠો મળી રહે તે માટે સરકાર વીજ ક્ષેત્રે સતત નવા સબ સ્ટેશન,નવી વીજ લાઈનો, નવા ટ્રાન્સમીટર કાર્યરત કરી લોકોને પર્યાપ્ત પુરવઠો પ્રાપ્ત કરાવી રહી છે. રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં નવા ૮ (આઠ) ૬૬ કે.વી.સબ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવ્યું છે તેમજ નવી ૧૭ વીજ લાઈન નાખવામાં આવી છે.

નવનિર્મિત ૬૬ કે.વી.સબ સ્ટેશન રાજકોટના જેતપુર તાલુકાના કાગવડ, રાજકોટના લોધિડા, ગોંડલ તાલુકાના વાડધરી,જસદણ તાલુકાના ખારચિયા જામ, લોધીકા તાલુકાના રાવકી, ગોંડલ તાલુકાના વછરા રોડ, મોટા શાખપર અને કોટડાસાંગાણી તાલુકાના અરડોઈ ખાતે બનાવવામાં આવ્યા છે, તો રામોદ એસ/સી લાઈન,લીલાખા એચ ફ્રેમ લાઈન, હોડાથલી લાઈન, લક્ષ્મીનગર ડી/સી લાઈન,મવડી ડી/સી લાઈન, કોલીથડ લાઈન, મોટા દાડવા 'એચ' ફ્રેમ લાઈન, સિદ્ધેશ્વર ડી.ઓ.જી.લાઈન, ખાંભા પાથેર લાઈન, રઘુવીર સ્ટીલ એસ./સી.લાઈન, અનીડા(વછારા) લાઈન, વિરનગર લાઈન, વછારા રોડ એસ./એસ. લાઈન, વાજબી સેન્ટ્રલ લાઈન, સાજડીયાળી લાઈન, હડમતલા રાજપરા લાઈન, કે.એસ.એસ એસ./સી લાઈન નવી નાખવામાં આવી છે.

આમ,ગોંડલ તાલુકામાં ૩ નવા સબ સ્ટેશન અને ૫ નવી વીજ લાઈનો,જસદણ તાલુકામાં ૧ સબ સ્ટેશન અને ૨ નવી વીજ લાઈનો, જેતપુર તાલુકામાં ૧ સબ સ્ટેશન અને ૧ વીજ લાઈન, કોટડા સાંગાણીમાં ૧ સબ સ્ટેશન અને ૩ વીજ લાઈન, લોધિકા તાલુકામાં ૧ સબ સ્ટેશન અને ૧ વીજ લાઈન અને રાજકોટ તાલુકામાં ૧ સબ સ્ટેશન અને ૫ નવી વીજ લાઈનો ઈન્સ્ટોલ કરી સક્ષમ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે તેમ સુપ્રિટેન્ડિંગ એન્જીનિયર (ટી.આર) સર્કલ ઓફિસ, જેટકો-ગોંડલની યાદી દ્વારા જણાવવામાં આવ્યું છે.

રાજકોટ જિલ્લાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૩ માર્ચ યોજાશે

સરકારી કર્મચારીના નોકરીને લગતા પ્રશ્નો અને કોર્ટમાં ચાલતા પ્રશ્નો રજુ કરી શકશે નહીં

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨૮

ગુજરાત રાજયના મુખ્યમંત્રી તરફથી જિલ્લા કક્ષાનાં પ્રશ્નો માટે લોકોએ તેમની ફરિયાદ માટે ઉચ્ચ કક્ષાએ ગાંધીનગર સુધી જવું ન પડે તે માટે જિલ્લા કક્ષાએ 'ફરિયાદ નિવારણ દિવસ'નું આયોજન કરાયુ છે. જે અંતર્ગત તા.૨૩ના રોજ યોજાનાર સ્વાગત કાર્યક્રમ માટેનાં જિલ્લા કક્ષાના પ્રશ્નો ફરિયાદો તા.૧ થી તા.૧૦ સુધીમાં સંબંધિત ખાતા વિભાગોની જિલ્લા કક્ષાની કચેરીનાં જે તે વડાને પહોંચતા કરવા સંબંધકર્તા લોકોને જણાવાયુ છે. અરજીમાં મથાળે જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ' લખવાનું રહેશે. લાંબા સમયથી આખરી નિકાલ આવતો ન હોય તેવા પડતર પ્રશ્નો જ મોકલવા, અગાઉ સબંધીત ખાતામાં કરેલ રજુઆતનો આધાર રજુ કરવો, તેમના તરફથી આપવામાં આવેલ જવાબ પ્રત્યુતરની ઝેરોક્ષ નકલ અરજી સાથે રાખવી, અગાઉ રજુ કરેલ પ્રશ્ન બીજી વખત રજુ કરવામાં આવે તો પ્રશ્ન ક્રમાંક, માસનું નામ લખવું, પ્રશ્ન કે અરજીમાં પ્રશ્ન કર્તાનું પુરુ નામ, પુરેપુરુ સરનામું, અને ફોન નંબર લખવાનો રહેશે, મહેસુલી તંત્રને લગતાં પ્રશ્નો રાજકોટ જિલ્લા પૂરતા, જિલ્લા કલેકટર કચેરી, રાજકોટ ખાતે તા.૧૦ સુધીમાં રજુ કરવાનાં રહેશે. તા.૧૦ બાદ આવેલા પ્રશ્નોનો કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે નહી જેની દરેક અરજદારોએ ખાસ નોંધ લેવી. દર્શાવેલ ખાતાઓના પ્રશ્નો જિલ્લા કલેકટર કચેરી, રાજકોટ ખાતે તા.૨૩ ના રોજ સવારના ૧૧ કલાકે કચેરીના ત્રીજા માળે સભાખંડમાં સંબંધિત ખાતાના અધિકારી અને કલેકટર સાંભળશે.અન્ય ખાતાના પ્રશ્નો હોય તો તે પ્રશ્નો જે તે ખાતાને જ મુદત હરોળ રજુ કરવા ખાસ નોંધ લેવી. તા.૧૦ બાદ આવેલ કે અસંદિગ્ધ અને અસ્પષ્ટ રજુઆત વાળી, નામ સરનામાં વગરની કે વ્યક્તિગત આક્ષેપો વાળી તેમજ અરજદારનું હિત સંકળાયેલ ન હોય તેવી તથા કોર્ટ મેટર, આંતરીક તકરાર, નોકરીને લગતી બાબતો, પેન્શન, રહેમરાહે નોકરી, પ્રથમ વખતની અરજી પર કોઈ કાર્યવાહી થઈ શકશે નહીં. જેની અરજદારોએ ખાસ નોંધ લેવાની રહેશે. તેમ કલેકટર કચેરી, રાજકોટની યાદીમાં જણાવાયુ છે.

મોકાની ઓફીસ વેચવાની છે
ફર્નીચર સાથે ગોંડલ રોડ, પહેલા માળે ૧૭૦ સ્કેવર ફુટની ઓફીસ વેચવાની છે.
સંપર્કઃ ૯૮૨૫૩ ૧૭૬૦૭

G20 સમિટ જાગૃતિ અર્થે રાજકોટ કોટક કોલેજ ખાતે યોજાઈ ડીબેટ સ્પર્ધા

ડિજિટલ ઇકોનોમી વિષય આધારિત અપાયું તજજ્ઞો દ્વારા માર્ગદર્શન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨૮

'વસુધૈવ કુટુમ્બકમ'ની થીમ સાથે આપણો દેશ G20 સમિટનું પ્રતિનિધિત્વ કરી રહયો છે, ત્યારે એચ.એન્ડ એચ.બી.કોટક ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સમાં યુવા વિદ્યાર્થીઓમાં G20 સમિટ અંગે જાગૃતિ ફેલાવવાના આશયથી તા.૨૪ એ ડિજિટલ ઇકોનોમી વિષય આધારિત ડીબેટ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં કુલ ૧૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં સિંધ શુભમ (પ્રથમ), પૂજા પરમાર (દ્વિતીય) તેમજ જાડેજા મિરાજસિંહ અને સોલંકી જૈનિક (તૃતીય) સ્થાને સંયૂક્ત પણે ઉત્તીર્ણ થયા હતા. આ સ્પર્ધામાં ડો. નરેશ અજુડીયા, ડો.જયશ્રી જોષી તેમજ ડો.ઋતવા દવેએ નિર્ણાયક તરીકે કામગીરી બજાવી હતી. કોલેજના આચાર્ય ડો.જે. સી.જાવિયાના માર્ગદર્શન હેઠળ કોલેજના નોડલ.અધિકારી ડો.ચિરાગ ફૂલતરિયા દ્વારા આયોજિત આ સ્પર્ધા કોલેજના સ્ટાફ ઉપરાંત ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ નિહાળી હતી.

આઈ.ટી.આઈ. રાજકોટ ખાતે ૪ માર્ચે યોજાશે રોજગાર ભરતી મેળો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ અને રાજકોટ આઈ.ટી.આઈ. દ્વારા એસ.એન.જી. લેબ્સ પ્રા.લી., પડવલા, કોટડા સાંગાણી, રાજકોટ અને તેમના ગ્રુપની જ કંપની એન્ડોક બાયોટેક પ્રા.લી., જીયાણા, કુવાડવા, રાજકોટ તથા સ્પેન્ટીકા લાઈફ સાયન્સ, હડાળા, રાજકોટ મોરબી હાઈવે, રાજકોટ માટે તા.૪ શનિવારના રોજ સવારે ૯:૩૦ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધી આજી ડેમ પાસે આવેલ ગવર્નમેન્ટ આઈ.ટી.આઈ. ખાતે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે વધુ માહિતી માટે આઈ.ટી.આઈ. રાજકોટમાં પ્લેસમેન્ટ વિભાગનો સંપર્ક કરવા આઈ.ટી.આઈ.નાં આચાર્ય નિપુણ રાવલની યાદીમાં જણાવાયું છે.

જસદણ પોલીસ સ્ટેશન ખાતે એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ દ્વારા માર્ગદર્શન

(ધર્મેશ કલ્યાણી દ્વારા)
જસદણ તા.૨૮

જસદણ પોલીસ સ્ટેશન ખાતે એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ દ્વારા માર્ગદર્શન સેમીનાર યોજાયો હતો. રાજકોટ જિલ્લાના જસદણ શહેરના પોલીસ સ્ટેશન ખાતે 'એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ' દ્વારા આજના સમયમાં બનતી ઘટનાઓથી મહિલાઓએ વધુ સાવચેતી અને કાળજી કેવી રીતે રાખવી તે બાબતે કાર્યક્રમનું આયોજન રાખવામાં આવેલ હતું. જેમાં પોલીસ ઓફિસરો દ્વારા માહિતી અને માર્ગદર્શન આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રમાબેન મકવાણા, પાલીકા સદસ્ય સોનલબેન વસાણી, પાલીકા સદસ્ય જલ્પાબેન કુબાવત, સામાજિક અગ્રણી અશોકભાઈ મહેતા, કમલેશભાઈ ચોલેરા, દુર્ગેશભાઈ કુબાવત સહિત મોટી સંખ્યામાં ભાઈઓ, બહેનો અને જસદણ શહેરના પ્રબુદ્ધ નાગરિકો અને વેપારી અગ્રણીઓ તેમજ વિવિધ સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

આરોગ્ય સંજીવની બનતા રાજકોટ જિલ્લાના ધન્વંતરી રથ

બાંધકામ શ્રમયોગીઓ અને શ્રમિક વસાહતો સુધી પહોંચી આરોગ્યની પ્રાથમિક સેવાઓ

અત્યાર સુધીમાં આશરે ૫૧ હજારથી વધુ લાભાર્થીઓને વિનામૂલ્યે પ્રાથમિક સારવાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨૮

રાજ્ય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ અને ઇમરજન્સી મેનેજમેન્ટ અને રીસર્ચ ઇન્સ્ટીટયુટ (ઈ.એમ.આર.આઈ.) ગ્રીન હેલ્થ સર્વિસના સંયુક્ત ઉપક્રમે 'તંદુરસ્ત શ્રમિક પરિવાર, તંદુરસ્ત સમાજ અને તંદુરસ્ત રાષ્ટ્ર'ના નિર્માણના ઉદેશ્યને સાર્થક કરવાની નેમ સાથે ધન્વંતરી આરોગ્ય રથ યોજના સમગ્ર ગુજરાતમાં અમલી છે. ધન્વંતરી આરોગ્ય રથનો મુખ્ય ઉદ્દેશ્ય બાંધકામ શ્રમયોગીનું સ્વાસ્થ્ય અને સુખાકારી જાળવવાનો છે.

જેમાં ગત જાન્યુઆરી માસમાં ૧૧૭૬ લાભાર્થીઓ સહીત અત્યાર સુધીમાં આશરે ૫૧,૦૦૨ જેટલા લાભાર્થીઓને વિનામૂલ્યે પ્રાથમિક સારવાર આપવામાં આવી છે.

ઈ.એમ.આર.આઈ.ગ્રીન હેલ્થ સર્વિસના પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર જયેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે, બાંધકામ શ્રમિકો પોતાનો પરસેવો પાડી ભારતના ભાવિ નિર્માણમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. ત્યારે ગુજરાત સરકારની નેમ છે કે આપણું રાજ્ય નિરોગી રાજ્ય બને એટલા માટે 'સક્ષમ શ્રમિક, સમૃદ્ધ રાષ્ટ્ર' સૂત્રને ચરિતાર્થ કરવા શ્રમિકોની સહાયતા માટે 'શ્રમિક સહાયક હેલ્પલાઈન ૧૫૫૩૭૨' સેવા કાર્યરત છે. આ હેલ્પલાઈનની મદદથી સરકારની શ્રમિકો માટેની કલ્યાણકારી યોજનાઓ જેવી કે, ધન્વંતરી આરોગ્ય રથ, આકસ્મિક મૃત્યુ સહાય યોજના, શ્રમિક અન્નપૂર્ણા યોજના, ગો - ગ્રીન શ્રમિક યોજના, શ્રમિક પરિવહન યોજના, વ્યવસાયિક રોગોમાં સહાય યોજના સહિતની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી શ્રમયોગીઓ મેળવી શકે છે.

તેઓએ ઉમેર્યું હતુ કે, આ સેવા થકી રાજકોટના દરેક તાલુકા મથકમાં આવેલા રથ દ્વારા બાંધકામ શ્રમિકોને વિના મૂલ્યે બાંધકામ શ્રમિક તરીકે નોંધણી કરી ઈ-નિર્માણ કાર્ડ ઈ- શ્રમ કાર્ડ, આભા કાર્ડ કાઢી આપવાની વ્યવસ્થા સાથે તબીબી સેવાઓ જેવી કે તાવ, ઝાડા , ઉલટીની સારવાર,ચામડીના રોગોની સારવ-ાર, સામાન્ય રોગોની સારવાર, રેફરલ સેવા, નાના બાળકોની સારવાર, સગર્ભા માતાની પ્રાથમિક તપાસ ઉપરાંત લેબોરેટરી જેમાં હિમોગ્લબિન, મલેરીયા, પેશાબ, લોહીમાં સુગરની તપાસ સહિત પ્રેગનન્સી ટેસ્ટ વગેરે સેવાઓ નિઃશુલ્ક આપવામાં આવે છે.

રાજકોટ જિલ્લામાં ૭૫ અમૃત સરોવરો બનાવવા ઉદ્યોગકારોને કલેક્ટરનું આહ્વાન

જિલ્લાના ટોચના ઉદ્યોગકારો સાથે બેઠકઃ ઉદ્યોગપતિઓ ગ્રામપંચાયતના તળાવો,સરકારી ખરાબામાં તળાવો બનાવી શકશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨૮

'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવરો બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા ચાલી રહેલા અભિયાન અંતર્ગત રાજકોટ જિલ્લામાં લોક ભાગીદારીથી ૭૫ અમૃત સરોવરો બનાવવાના આયોજનના ભાગરૂપે જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુએ રાજકોટના ટોચના ઉદ્યોગકારો સાથે બેઠક યોજી હતી.જેમાં તેમણે ઉદ્યોગકારોને દેશહિત માટે અને લોકોના કલ્યાણ માટે ગ્રામ પંચાયત કે સરકારી ખરાબાની જગ્યામાં અમૃત સરોવરો બનાવવા માટે આહવાન કર્યું હતું. જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુએ કહ્યું હતું કે, કોઈપણ ઉદ્યોગકાર ગ્રામ પંચાયતના તળાવ કે સરકારી ખરાબાની જગ્યામાં અમૃત સરોવર બનાવી શકશે.ઓછામાં ઓછું એક એકર અને મહત્તમ ૧૦ એકરની જગ્યામાં પાંચ ફૂટથી વધુ ઊંડાઈનું સરોવર બનાવી શકાશે. તળાવ ખોદકામમાંથી નીકળતી માટીનો ખેતીકામ માટે ખેડૂતોને અથવા તો રોડ બનાવવા માટે હાઇવે ઓથોરિટીને આપી શકાશે. તેમણે ઉદ્યોગપતિઓને ઇજન પાઠવતા જણાવ્યું હતું કે,આઝાદીની લડાઈમાં રાજકોટ જિલ્લાની ખૂબ મહત્ત્વની ભૂમિકા રહી છે.

આથી 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત રાજકોટ જિલ્લામાં ૭૫ અમૃત સરોવરો બનાવવાનું આયોજન છે. આ સરોવરોના નિર્માણથી જળ સંચય તો થશે જ, સાથે-સાથે આઝાદીના લડવૈયાઓની સ્મૃતિઓ આપણામાં ગૌરવની લાગણી સંચિત કરશે.આ અમૃત સરોવરો પર રાષ્ટ્રીય પર્વ પર ધ્વજવંદન પણ કરી શકાશે. જિલ્લા કલેક્ટરના આમંત્રણને અનેક ઉદ્યોગકારો,ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશને ઉત્સાહથી ઝીલી લીધું હતું અને અમૃત સરોવરો બનાવવા માટે કટિબદ્ધતા દર્શાવી હતી. દેશહિતના કામ માટે, જળ સંચય માટે રાજકોટ જિલ્લાના ઉદ્યોગો પણ તત્પર હોવાની લાગણી ઉદ્યોગકારોએ વ્યક્ત કરી હતી. આ બેઠકમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર કિશોર મોરી, જી.આઈ.ડી.સી.ના રિજીયોનલ મેનેજર દર્શન ઠક્કર, જિલ્લા ઉદ્યોગ સલામતી અને આરોગ્યના નાયબ નિયામક ડી.બી.મોણપરા, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પ્રાદેશિક અધિકારી બી.એમ. મકવાણા, આજી જી.આઈ.ડી.સી. એસોસિએશન, લોધિકા જી.આઈ.ડી.સી. એસોસિએશનના પ્રતિનિધિ, શક્તિમાન, ગોપાલ, એચ.જય, રોલેક્સ, ઓરબીટ સહિતના ટોચના ઉદ્યોગોના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

શિક્ષણ વિભાગનો નિર્ણય

ધો.૫ થી ૮ માં બે વિષયમાં ૩૫ ટકા કરતાં ઓછા માર્ક્સ લાવનાર વિદ્યાર્થીઓને ચડાવ પાસ નહીં કરાય

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨૮

ગુજરાત રાજ્યની શાળાઓમાં ચાલુ શૈક્ષણિક વર્ષ પૂર્ણતાના આરે છે અને એપ્રિલ મહિનામાં ફાઇનલ પરીક્ષાઓ યોજવા જઈ રહી છે તેની વચ્ચે ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય પ્રમાણે ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓ જો બે વિષયમાં ૩૫ ટકા કરતાં ઓછા માર્ક્સ લાવશે તો તેને આગળના ધોરણમાં ચડાવ પાસ કરવામાં આવશે નહીં. એટલે કે તેમને નાપાસ કરવામાં આવશે અને વિદ્યાર્થીઓને બીજી વખત તે જ ધોરણનો અભ્યાસ કરવો પડશે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં ૨૦૨૦ માં કોરોના સંક્રમણ ફેલાયું હતું. ત્યારબાદ દેશભરમાં લોકડાઉનના કારણે શિક્ષણ વ્યવસ્થા પર મોટી અસર પડી હતી.દરેક શાળામાં ઓનલાઈન અભ્યાસ શરૂ કરવામાં આવ્યો હતો. તેને ધ્યાનમાં લઈને રાજ્ય સરકાર દ્વારા ધોરણ ૧ થી ૯ સુધીના તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યું હતું. હવે,કોરોના સંકટ દૂર થઈ ગયું છે જેથી વિદ્યાર્થીઓ રાબેતા મુજબ શિક્ષણ લઈ શકયા છે,ત્યારે ગુજરાત સરકાર દ્વારા ચાલુ વર્ષમાં વિદ્યાર્થીઓને બે વિષયમાં ૩૫ કરતા ઓછા માર્ક્સ હોય તો તેને નાપાસ કરવા માટે નિર્ણય કરવામાં આવ્યો છે અને આ અંગેનું જાહેરનામું દરેક પ્રાથમિક શાળાઓને મોકલી આપવામાં આવ્યું છે.

રાજકોટ જિલ્લામાં 'મમતા દિવસ' થકી સગર્ભા માતા અને બાળકને વિનામૂલ્યે અપાતી આરોગ્ય સેવાઓ

મમતા દિવસનો ૩૩,૮૭૩ સગર્ભાઓ તથા ૨૭,૩૦૦ બાળકોએ લાભ લીધો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨૮

સગર્ભા માતા અને બાળકોને ઘર આંગણે વિનામૂલ્યે આરોગ્ય વિષયક સેવાઓ મળી રહે તે માટે જિલ્લાના તમામ ગામોમાં નિયત બુધવારે તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે નિયત સોમવારે 'મમતા દિવસ' ઉજવવામાં આવે છે. રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૨૧-૨૦૨૨ દરમિયાન મમતા દિવસનો કુલ ૩૩,૮૭૩ સગર્ભાઓ તથા ૨૭,૩૦૦ બાળકોએ લાભ લીધો હતો. તેમજ વર્ષ ૨૦૨૨-૨૦૨૩ ડીસેમ્બર અંતીત મમતા દિવસમાં કુલ ૨૮,૨૯૦ સગર્ભાઓને તથા ૨૨,૯૮૫ બાળકોને નિઃશુલ્ક સેવા આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, મમતા દિવસ અંતર્ગત સગર્ભા માતાની આરોગ્ય તપાસ, ધનુરની રસી,શકિતની ગોળીઓ તેમજ બાળકોને તમામ રસીઓ નિઃશુલ્ક આપવામાં આવે છે અને તમામ લાભાર્થીઓને આરોગ્ય શિક્ષણ આપવામાં આવે છે તેમ રાજકોટ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાની યાદીમાં જણાવાયું છે.

માનસિક અને શારીરિક અસ્વસ્થ મહિલાને સુરક્ષિત ઘરે પહોંચાડતી ૧૮૧ અભયમ ટીમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨૮

મહિલાઓ સામે થતી ઘરેલુ કે અન્ય પ્રકારની હિંસા, દુર્વ્યવહાર,છેડતી જેવી ઘટના વખતે તાત્કાલિક બચાવ અને કાઉન્સેલિંગ કરી મહિલાઓના પુનર્વસનની કામગીરી માટે ૧૮૧ અભયમ ટીમ ૨૪ કલાક કાર્યરત છે.

આ યોજના અન્વયે રાજકોટ ખાતે ૪૦ વર્ષની શારીરિક અને માનસિક અસ્વસ્થ મહિલાને ૧૮૧ અભયમ હેલ્પલાઈન દ્વારા તેના પિયરે સુરક્ષિત પહોંચવામાં આવી હતી.

સારા ઘરની જણાતી એક મહિલા રસ્તા પર ગુમસુમ હાલતમાં સુતેલી મળી આવતા એક જાગૃત નાગરિકે ૧૮૧ અભયમ હેલ્પલાઈન ઉપર ફોન કર્યો હતો, જેના અનુસંધાને ૧૮૧ અભયમ ટીમના કાઉન્સીલર વૈશાલી ચૌહાણ, કોન્સ્ટેબલ મુક્તાબેન અને ડ્રાઈવર બીપીનભાઈ ઘટના સ્થળે પહોચ્યા ત્યારે પીડિતા માનસિક અને શારીરિક રીતે અસ્વસ્થ જણાઈ હતી.

વૈશાલીબેન દ્વારા લાંબા સમય સુધી કાઉન્સેલીંગ કરતા જાણવા મળ્યું હતું કે મહિલાને બે સંતાનો છે અને તેમના પતિ અને પુત્રએ ત્રણ મહિના પહેલાં તેમને ઘરેથી કાઢી મૂક્યા છે. ત્યાર બાદ મહિલા પિયરમાં રહેવા જતા રહ્યા હતા.

મહિલાને ગેંગરીનની બીમારીના કારણે પગ કાળો પડતા પગ કપાવી નાખવો પડ્યો હતો. આના કારણે મહિલાને ચાલવામાં તકલીફ થતી તેમજ ઘરકામમાં મદદ કરી શકતા નહોતા. જેથી ભાભી સાથે ઘરકામ બાબતે ઝઘડા થતા હતા.પિયરમાં કોઈને જાણ કર્યા વગર પીડિતા ઘરેથી નીકળી ગયા હતા. આ ઉપરાંત વધુમાં જાણવા મળ્યું કે પીડિતાનો પતિ પીડિતાને ડાઈવોર્સ આપવાના છે. પીડિતાને તેના પતિના ઘરનું સરનામું યાદ ન હતું.

અભયમ ટીમની અથાગ મહેનત થકી મોડી રાત્રે પીડિતાએ પિયરનું સરનામું જણાવ્યું અને તે સરનામા મુજબ મહિલાને તેના ઘરે પહોચાડી ત્યારે મહિલાના પિતાએ જણાવ્યું હતું કે તેની પુત્રી માનસિક રીતે બીમાર છે અને મહિલાના ભાભીને અભયમ ટીમે સમજાવ્યું અને શાંતિ અને સંપીને રહેવા જણાવ્યું હતું. આમ, ૧૮૧ અભયમ ટીમે મહિલાને સુરક્ષિત તેના પિયર પહોંચાડી ત્યારે તેના પરિવારજનોએ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

રાજકોટના કિંમતી પ્લોટમાં ૧૨ ઓરડી ચણી લીધી:લેન્ડગ્રેબિંગ હેઠળ ફરિયાદ

પ્લોટ ખરીદ્યાના પાંચ મહિના બાદ પરિવાર પ્લોટ પર આંટો મારવા ગયો ત્યારે ત્યાં ઓરડી ચણાઈ ગયેલી જોઈ ખાલી કરવા સૂચના આપી,ન માન્યા તો કલેકટરમાં લેન્ડગ્રેબિંગ હેઠળ અરજી કરી

(સૌરષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ,તા.૨૮

રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ ગોકુલ મથુરાની પાછળ યોગરાજનગર-૨માં રહેતા દીપકગીરી કીશોરગીરી ગોસ્વામી (ઉ.વ.૬૨)એ ફરિયાદમાં સીધાભાઈ બાથાભાઈ સભાડ, અમરા સિંધાભાઈ સભાડ, ગીતાભાઈ અમરાભાઈ સભાડ અને અમરાભાઈનો મોટો દીકરો રવિ ઉર્ફે વાંકોની સામે યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. દિપકગિરીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું મારા પરિવાર સાથે રહું છું. મારા માતા કાંતાબેનનું તા.૧૧/૦૬/૨૦૧૫ ના રોજ અવસાન થયું હતું. તથા પિતા કીશોરગીરી વાલગીરી જેઓ સને-૧૯૮૮ માં મરણ ગયેલ છે.અમે પાંચ ભાઈ ઓ તથા ત્રણ બહેનો છીએ.હું એસ.ટી.વિભાગમાંથી પટ્ટાવાળા તરીકે તા.૩૧/૧૦/૨૦૧૮ ના રોજ નિવૃત્ત થયેલ છુ.તેમજ ૨૦૦૫માં મે રાજકોટ ગામના રૈયા ગામના રેવન્યુ સર્વે નં.-૮૨૪૧ પ્લોટ નં.-૨ ના સબ પ્લોટ નં.-૨એ ની જમીન ચો.વા.આ.૩૧૯-૦૦ બરાબર ચો.મી.આ.૨૬૬-૭૨ની રૂ.૨,૬૬,૭૨૦ માં દીલીપકુમાર જેશંકર ઉપાધ્યાય(રહે.ગોંડલ) પાસેથી અમો દીપકગીરી કીશોરગીરી ગોસ્વામી તથા રસીકપુરી મહાદેવપુરી ગોસાઈ તથા મુક્તાગીરી ગોસ્વામી એમ ત્રણેય જણાએ સંયુકત ખરીદ કર્યો હતો.જેમાં સ્ટેમ્પ ડયુટી ઓછી ભરાયેલ હોય દસ્તાવેજ ૩૨-ક માં જતા તે નિયમ અનુસાર સ્ટેમ્પ ડયુટી ભરતા તેનો દસ્તાવેજ તા.૧૨/૦૯/૨૦૦૬ થી કરાવેલ હતો. અને ઉપરોકત પ્લોટ નં.-૨ જમીન ચો. વા.આ.૧૬૨-૦૦ બરાબર ચો.મી.આ.૧૩૫-૪૫ ની રૂ.૧,૩૫,૪૫૦ માં ભરતકુમાર જેશંકર ઉપાધ્યાય(રહે.અનાયા, ૧૧- નિરંજની સોસાયટી, નેહરૂનગર, રૈયા રોડ) પાસેથી મારા નાનાભાઇ સુરેશગીરી કીશોરગીરી ગોસ્વામી તથા મારા દીકરા સંદીપગીરી એમ બંનેના સંયુકતમાં ખરીદ કર્યો હતો.જેમાં સ્ટેમ્પ ડયુટી ઓછી ભરાયેલ હોય જેથી નિયમ અનુસાર સ્ટેમ્પ ડયુટી ભરતા તેનો દસ્તાવેજ ૨૦૦૬ થી કરાવેલ હતો. અને આ પ્લોટ નં.૨ ના સબ પ્લોટ નં.-૨/સી ની જમીન ચો.વા. આ.૧૬૨-૭૮ બરાબર ચો.મી..૧૩૬-૧૧ ની રૂ.૧,૩૬,૧૧૦ માં ચંદ્રશંકર



જેશંકર ઉપાધ્યાય રહે.ઓએનજીસી સોસાયટી, મહેસાણા ના કુલમુખત્યારના દરજ્જે હીમાંશુ ચંદ્રશંકર ઉપાધ્યાય(રહે.એરપોર્ટ રોડ,રાજકોટ) પાસેથી મારા નાનાભાઇના દીકરા રાકેશગીરી રાજનગીરી ગોસ્વામી,મારા મોટાબહેન જ્યોતિબેન રસીકપુરી ગોસાઇ એમ બંનેના સંયુકતમાં ખરીદ કર્યો હતો.જેમાં સ્ટેમ્પ ડયુટી ઓછી ભરાયેલ હોય જેથી દસ્તાવેજ ૩૨-ક માં જતા તે નિયમ અનુ સાર સ્ટેમ્પ ડયૂટી ભરતા તેનો દસ્તાવેજ તા.૧૨/૦૯/૨૦૦૬ થી કરાવેલ હતો. આ આખો પ્લોટ નં.-૨ અમારા પરીવારનો છે. આ પ્લોટ ખરીદ કર્યા બાદ અમારી પાસે પૈસાની સગવડતા ન હોય જેથી પ્લોટ ખરીદ્યાના ૧૦-૧૨ દીવસ બાદ અમોએ પ્લોટ ફરતી તાર-ફેન્સિંગ કરી લીધી હતી અને તે બાદ અમો ચાર-પાંચ મહીના પ્લોટ ઉપર ગયેલ ન હોય અને બાદ અમે અમારા પ્લોટ ઉપર જતા રાણાભાઇ ભીમાભાઇ ધોળકીયા,હનુભાઇ નાજાભાઇ ધોળકીયા, બચુભાઇ બોઘાભાઇ સાટીયા,વાઘાભાઇ બોઘાભાઇ સાટીયા,સિંધાભાઇ બાથાભાઇ સભાડ અને કીરીટભાઇ નાથાભાઇ મીરએ તાર-ફેન્સિંગ ઉખાડી પ્લોટમાં પ્રથમ ત્રણ ઓરડી બનાવેલ અને એક ઓરડી ચણાતી હતી જે બાબતે અમોએ તેને કહેલ કે આ અમારી માલીકીનો પ્લોટ છે.તમો અમારા પ્લોટ ઉપર શા માટે ઓરડી બનાવો છો તો અમોને કહેલ કે,અમો આ ઓરડીઓ કાઢી નાખીશુ અને બાદ પાછા અમો બે-ત્રણ મહીના પછી પાછા ગયેલ ત્યારે અમારા પ્લોટ ઉપર આશરે ૧૨ જેવી કાચી ઓરડીઓ બનાવી નાખેલ અને તેને આ ઓરડીઓ કાઢવાનુ કહેતા તેઓએ કહેલ કે, આ ઓરડીઓ અહીંથી હટશે નહી અને તમારે તમારો પ્લોટ જોતો હોય તો રૂપિયા ૨૦ લાખ આપવા પડશે તેમ કહ્યું હતું. બાદમાં આ લોકોએ ધમી આપી હતી કે આ લોકોને અંદર લઇ લો અને તેના ટાંટીયા ભાંગી નાખો

જેથી બીજી વાર આવે નહીં તેમ બોલતા હતા અને આ લોકો માથાભારે હોય જેથી ત્યાંથી નીકળી ગયા હતા અને અમોએ લેન્ડગ્રેબીંગ એકટ હેઠળ અરજી કરી હતી અને આ અરજી કરેલ ત્યારબાદ રાણાભાઇ ભીમાભાઇ ધોળકીયા, હનુભાઇ નાજાભાઇ ધોળકીયા, બચુભાઇ બોઘાભાઇ સાટીયા,વાઘાભાઇ બોઘાભાઇ સાટીયા, કીરીટભાઇ નાથાભાઇ મીર નાઓએ અમારો પ્લોટ ખાલી કરી કબ્જો અમોને સોંપી દીધો છે.પરંતુ આ પ્લોટમાં સિંધાભાઇ બાથાભાઇ સભાડ, અમરાભાઇ સિંધાભાઇ સભાડ તથા તેઓનો પરીવાર રહેતા હોય અને તેઓએ મને મારો પ્લોટ ખાલી કરવા રૂ.૮,૦૦,૦૦૦ જેવી મોટી રકમની માંગણી કરી હતી.જે અન્ય પાંચેય શખ્સોએ અમારો પ્લોટ ખાલી કર્યો ત્યાં ફોલ્ડિંગ દીવાલ બનાવતા હતા ત્યારે આ સિંધાભાઈનો પરિવાર ત્યાં આવીને કામ અટકાવવા આવ્યા હતા. ત્યારબાદ અમે પોલીસ બોલાવવાનું કહેતા તેઓએ કહ્યું કે મારા મકાનની એક ઈંટ કે એક નળીયુ તુટ્યું તો તમને જીવતા નહીં રહેવા દઈએ તેમ ધમકી આપી હતી.જેથી આ લોકો સામે લેન્ડ ગ્રેબિંગ હેઠળ કલેકટરમાં અરજી કરતા પોલીસને ફરિયાદ નોંધવા હુકમ કર્યો હોય યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

શહેરમાં વધુ ૮ મિલ્કતો સીલ કરી રૂ.૫૭.૫૯ લાખની રીકવરી

મિલ્કત વેરા રાહતની વનટાઈમ ઈન્સ્ટોલમેન્ટ યોજનાની છેલ્લી તા.૩૧ માર્ચ

વધુમાં વધુ કરદાતાઓને આ યોજનાનો લાભ લેવા મનપા પદાધિકારીઓની અપીલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૮

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મિલ્કત વેરા ધારકોને રાહત અને પુરતો સમય આપતી વનટાઈમ ઈન્સ્ટોલમેન્ટ યોજનાની છેલ્લી તા.૩૧ માર્ચ ૨૦૨૩ છે. આથી વધુમાં વધુ કરદાતાઓને આ યોજનાનો લાભ લેવા માટે મહાનગરપાલિકા પ્રશાશકોએ જાહેર અપીલ કરી છે.

દરમ્યાન શહેરમાં મનપાની વેરા વસુલાત શાખા દ્વારા અવિરત રીકવરી ઝુંબેશ ચાલુ રાખવામાં આવી છે. આજે અલગ અલગ વોર્ડમાં મનપાની ટીમોએ ૮ મિલ્કતોને સીલ કરી હતી. ૩૩ મિલ્કતોને ટાંચ જમી નોટીસ આપવામાં આવી હતી અને કુલ રૂ.૫૭.૫૯ લાખની રીકવરી કરવામાં આવી હતી.

સેન્ટ્રલ ઝોનમાં ૨૨ મિલ્કતોને ટાંચ જમી નોટીસ અપાઈ હતી અને રૂ.૨૦.૧૮ લાખની રીકવરી કરાઈ હતી. વેસ્ટ ઝોનમાં ૧૦ મિલ્કતોને ટાંચ જમી નોટીસ અપાઈ હતી અને રૂ.૨૨.૨૧ લાખની રીકવરી કરવામાં આવી હતી. ઈસ્ટ ઝોનમાં કુલ ૮ મિલ્કતો સીલ કરાઈ હતી. ૨૦ મિલ્કતોને ટાંચ જમી નોટીસ અપાઈ હતી. કુલ રૂ.૧૫.૨૦ લાખની રીકવરી કરવામાં આવી હતી.

આસી કમિશનર સમીર ધડુક તથા વી.એમ.પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ આસી મેનેજર રાજીવ ગામેતી, મયુર ખીમસુરીયા, વિવેક મહેતા, નીરજ વ્યાસ અને તમામ વોર્ડ ઓફિસર તથા વોર્ડ ઈન્સ્પેકટરો કાર્યવાહીમાં જોડાયા હતા.(૨.૧૨)

રાજકોટમાં મનપાના એક્શન પ્લાન અંતર્ગત ગેરકાયદે બાંધકામોનું ડીમોલીશન

સાધુ વાસવાણી રોડ પર ટી.પી શાખાની ટીમ દ્વારા પાર્કિંગ અને માજીર્નમાં થયેલા દબાણો દુર કરાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૮

રાજકોટ મ્યુ.કમિશનર અમિત અરોરાની સુચના મુજબ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા વેસ્ટ ઝોન કચેરી હેઠળના વિસ્તારોમાં વન વિક, વન રોડ અંતર્ગત ગેરકાયદે બાંધકામો અને દબાણો દુર કરાવવામાં આવ્યા હતા. સાધુ વાસવાણી રોડ પરના પાર્કિંગ તથા માજીર્નમાં થયેલા ગેરકાયદે બાંધકામ અને દબાણ દુર કરવા ડીમોલીશન હાથ ધરવામાં આવ્યું હતું.

સાધુ વાસવાણી રોડ પર અઝીન મુરાની કપડાના શો-રૂમની ઝાળી દુર કરવામાં આવી હતી. ગીતાંજલિ કોલેજની બાજુમાં પરબતભાઈ સોલંકીના કૃષ્ણ ડીલક્ષ પાન તથા હોટેલમાં માજીર્ન સ્પેસમાંથી થાંભલા દુર કરાયા હતા. એ જ રોડ પર રજનીભાઈ મણવરની સાવન પાન દુકાનના છાપરા દુર કરાયા હતા. જે માજીર્નમાં હતા. વિમલ જૈમનભાઈ ડેડકીયાના બાલાજી ફરસાણ દ્વારા માજીર્નમાં નાખવામાં આવેલ છાપરા દુર કરાયા હતા. મયુરભાઈ લાડવાના જય ચામુંડા ઓટોસર્વિસના માજીર્નના છાપરા દુર કરાયા હતા. દિનેશભાઈ પટેલના મિસ્ટર-પટેલ ગાંઠીયા, મેમજીભાઈ ગમારાના વચ્છરાજ હોટેલ અને કોલ્ડ્રીંક તથા આશીર્વાદ કોમ્પ્લેક્ષના માજીર્નના છાપરા દુર કરવામાં આવ્યા હતા. નક્ષત્ર-૫ સામે અનમોલ કોમ્પ્લેક્સના પ્રમુખની જગ્યામાં માજીર્નના પોલ દુર કરાયા હતા.

વેસ્ટ ઝોનના ડે.કમિશનરની સુચનાથી ટાઉન પ્લાનિંગ ઓફિસર એમ.ડી.સાગઠીયાના માર્ગદર્શન હેઠળ મનપાની તમામ શાખાની ટીમો જોડાઈ હતી.(૨.૧૨)

રાજકોટના વોર્ડ નં.૩ ના કૃષ્ણનગરના રહીશો ગંદકીથી તોબા

સવાર-સાંજ એકપણ સફાઈ કામદાર ફરકતા ન હોવાની ગંભીર ફરિયાદઃ લત્તાવાસીઓ દ્વારા મ્યુ.કમિશનર અને મેયરને લેખિત આવેદનપત્ર

તસવીરઃ પંકજ ડાભી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૮

રાજકોટ શહેરમાં સફાઈની ઝુંબેશ અવિરત ચાલુ રાખવાના મનપા તંત્રના દાવા અને પ્રયાસો શહેરના એક વિસ્તારના સીમાડા સુધી જ પહોંચતા હોવાનું દેખાઈ છે. પણ એમના પ્રયાસો અને આદેશોનો આ વિસ્તારમાં અમલ થતો નથી. વોર્ડ નં.૩ માં ગાંધી સોસાયટી પાછળ આવેલા કૃષ્ણાનગરમાં બિલકુલ સફાઈ કામ થતું ન હોવાની ઢગલાબંધ ફરિયાદો ઉઠવા પામી છે.

કૃષ્ણનગરની શેરી નં.૩ અને ૪ માં રહેતા રહેવાસીઓએ મ્યુ.કમિશનર અને મેયરને એવી લેખિત રજૂઆત કરી છે કે, આ વિસ્તારમાં સવારે કે સાંજે એકપણ સફાઈ કામદારના દર્શન થતા નથી. પરિણામે ગંદકી અને કચરાના ગંજ ખડકાઈ ગયા છે. લોકો માટે પસાર થવાનું પણ મુશ્કેલ બની ગયું છે કેમક માથું ફાડી નાખે તેવી દુર્ગંધ ચારેતરફ પ્રસરીવળી છે. આવેદનમાં લત્તાવાસીઓએ રજૂઆત કરી છે કે, આ વિસ્તારમાં સફાઈ કામ થતું ન હોવા અંગે મનપાની વોર્ડ ઓફિસમાં પણ લેખિત જાણ કરવામાં આવી હતી. છતાં કોઈ સફાઈ કામદારને મોકલવામાં આવ્યા નથી અને સમસ્યા યથાવત રહી છે.

લત્તાવાસીઓએ આ વિસ્તારના લોકોને ગંદકીની સમસ્યાથી મુક્ત કરવા સફાઈ કામદાર નિયમિત મોકલવાનો આદેશ આપવા મનપાના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓને અનુરોધ કર્યો છે.(૨.૧૨)

‘જીના યહાં, મરના યહાં, ઈસકે સિવાય જાના કહાં’..!!

ધરતીનું પાથરણું અને આકાશનું ઓઢણું એ જ જેનું જીવન છે એવા પરિવારોની તસ્વીરી

જીવન ઝલકઃ ટાઢ હોય, વરસાદ હોય કે કાળઝાળ ગરમી એમનું તો બસ આ એક જ ઘર

તસવીરઃ દિલીપ ગોહેલ

રાજકોટઃ રાજકોટ મહાનગર ચારેય દિશામાં વિસ્તરતું જતું અને સિમેન્ટ કોંક્રીટ અને આસ્ફાલ્ટનું જંગલ બનેલું ચમકદાર મહાનગર બની ગયું છે. ચળકતી કારો રસ્તા પર દોડતી દેખાય છે. આધુનિક ઈમારતોના બાંધકામનું જાણે કે કોઈ અંત આવતો નથી. રાજકોટના આ રોનકદાર અને ઝળહળતા સિક્કાની એક બીજી બાજુ પણ છે. એ જોઈને અને સમજીને તન અને મન અજંપાથી વિચલિત થઈ ઉઠે તો નવાઈ નહીં લાગે. જેમની સમાંતર સમૃધ્ધિનો સાગર લહેરાઈ રહ્યો છે એ સુખ સાગરના કાંઠે બેઠેલા રાજકોટના સમાજ જીવનના જ અંગ સમાન એવા અનેક પરિવારો છે જેમના માટે જીવનનો મતલબ ખુબ જ સંકુચિત થઈ ગયો છે. એમના મતે ધરતી એ પાથરણું છે અને અનંત આકાશ એમનું ઓઢણું છે. સરકાર આવાસ વિહોણા લોકો માટે સેંકડો મકાનો બનાવી રહી છે. ફૂટપાથ પર રહેનારા આવા પરિવારોના જીવનમાં સરકારી યોજનાઓથી કોઈ ફરક પડ્યો નથી. એમની સવાર અહીં ઉગે છે અને અહીં જ સાંજ ઢળે છે. એમના બાળકો માટેનું રમવાનું મેદાન પણ આ ઝાડી-ઝાંખરા વાળા અને કચરાથી ભરેલા ખુલ્લા આકાશ નીચે આવેલા દુષિત ખાડા જ એમનું પ્લે ગ્રાઉન્ડ છે. નવજાત શિશુઓના ધોળિયા પણ ખુલ્લા આકાશ નીચે ઝુલાવવામાં આવે છે. અહીં જ એમના રસોડા છે. જ્યાં ઝાડની સુકી ડાળખીઓ કાપીને ચૂલો પેટાવવામાં આવે છે અને મેલાઘેલા વસ્ત્રોમાં હસતા રમતા બાળકો સાથે બેસીને આ પરિવારો પેટની આગ ઠારી રાત્રે નિરાતે ઊંઘની કોઈ ગોળીઓ લીધા વિના ખુલ્લા આકાશ નીચે નિરાતે જપી જાય છે. એમની શાયરની આ ઉક્તિ એમના જીવનને બરાબર લાગુ પડે છે કે, નજીના યહાં, મરના યહાં, ઈસકે સિવાય જાના કહાંથ.(૨.૧૨)

લોક સાહિત્યકાર દેવાયત ખવડના જામીન અરજી મંજુર કરતી હાઈકોર્ટ

૭૨ દિવસના જેલવાસ બાદ ૬ માસ સુધી રાજકોટમાં નહીં પ્રવેશવાની શરતે જામીન મુકત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૮

શહેરમાં યાજ્ઞિક રોડ પર આવેલા સર્વેશ્વર ચોકમાં જૂની અદાવતનો ખાર રાખી મયુરસિંહ સંપતસિંહ રાણા નામનો યુવાન પોતાની ઓફિસેથી ઘરે જવા નીકળ્યો હતો ત્યારે તેની ગાડી પાસે પહોંચતા જ નંબર પ્લેટ વગરની કારમાં ધસી આવેલા લોકસહિત્યકાર દેવાયત ખવડ અને તેના સાગરીતે કારમાંથી ઉતરી મયુરસિંહ રાણા ઉપર પાઈપ વડે જીવલેણ હુમલો કરી માર માર્યો હતો. બાદમાં હુમલાખોર દેવાયત ખવડ અને તેના સાગરીતો કાર લઈ નાસી છૂટ્યા હતા. હુમલામાં ઘવાયેલા મયુરસિંહ રાણાએ એ ડિવિઝન પોલીસ મથકમાં લોકસાહિત્યકાર દેવાયત ખવડ અને તેના સાગરીત હરેશ ઉર્ફે કાનો રબારી તેમજ કાર ડ્રાઈવર કિશન દિલીપભાઈ કુંભારવાડિયા વિરૂધ્ધ હત્યાની કોશિશ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાવ્યો હતો. જે ગુનામાં નાસતા ફરતા હુમલાખોર લોકસાહિત્યકાર દેવાયત ખવડ અને તેના બંને સાગરીતોએ પોલીસ ધરપકડની દહેશતે સેશન્સ કોર્ટમાં કરેલી આગોતરા જામીન અરજી અદાલતે નામંજુર કરતા દેવાયત ખવડ અને તેના બંને સાગરીતો પોલીસ સમક્ષ સરન્ડર થયા હતા. જેલ હવાલે રહેલા દેવાયત ખવડ અને તેના બંને સાગરીતે જામીન મેળવવા રાજકોટ સેશન્સ કોર્ટમાં કરેલી રેગ્યુલર જામીન અરજી રદ થતા સેશન્સ કોર્ટના હુકમથી નારાજ થઈ દેવાયત ખવડ અને કાર ડ્રાઈવર કિશન દિલીપભાઈ કુંભારવાડિયાએ જેલ મુક્ત થવા હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. હાઈકોર્ટે લંબાણપૂર્વકની દલીલો બાદ જામીન ન આપવાનું રુખ અપનાવતા અંતે દેવાયત ખવડ અને તેના સાગરીત કિશન કુંભારવાડિયાએ જામીન મુક્ત થવા કરેલી જામીન અરજી પરત ખેંચી લીધી હતી. જે ગુનામાં તપાસના અંતે પોલીસે કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરતા દેવાયત ખવડ અને તેના બંને સાગરીતોએ રાજકોટ સેશન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી. જે જામીન અરજી પણ રદ થતા દેવાયત ખવડે હાઈકોર્ટમાં જામીન મુક્ત થવા જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા હાઈકોર્ટે બંને પક્ષની રજૂઆતો બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલની દલીલો ગ્રાહ્ય રાખી દેવાયત ખવડને ખૂની હુમલાના ગુનામાં ૭૨ દિવસના જેલવાસ બાદ ૬ માસ સુધી રાજકોટમાં નહિ પ્રવેશવાની શરતે જામીન મુક્ત કરવા હુકમ કર્યો છે.

આ કેસમાં દેવાયત ખવડના બચાવ પક્ષે હાઈકોર્ટમાં એડવોકેટ મેહુલ શરદભાઈ શાહ, રાજકોટના એડવોકેટ અજયભાઈ કે. જોષી, સ્તવનભાઈ મહેતા અને બ્રિજેશ ચૌહાણ રોકાયા હતા.